

લબ્ધિ પ્રકાશ

: વિવેચક :
ગીતાર્થ ગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રાજયશસૂરીશ્વરજી** મહારાજા



અનંત લબ્ધિનિધાન

શ્રી ગૌતમસ્વામી ભગવાન



જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ-કવિકુલકિરીટ
પૂ.દાદા ગુરુદેવ શ્રીમદ્ વિજય
લબ્ધિસૂરીશ્વરજી મહારાજા



નિત્યભક્તામર સ્તોત્ર સમારાધક
તીર્થ પ્રભાવક પૂ. ગુરુદેવ શ્રીમદ્ વિજય
વિક્રમસૂરીશ્વરજી મહારાજા



શ્રી પાર્શ્વનાથ-પદ્માવતી સમારાધક-ગીતાર્થ ગચ્છાધિપતિ
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રાજયશસૂરીશ્વરજી** મહારાજા

॥ શ્રી આદિનાથાય નમઃ ॥
॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

લબ્ધિ પ્રકાશ

: ગ્રંથકાર :

પરમગુરુદેવ જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ કવિકુલકિરીટ પૂજ્યપાદ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય **લબ્ધિસૂરીશ્વરજી** મહારાજા

: વિવેચક :

સિદ્ધાંત-ન્યાય-તર્ક-નિપુણ પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **વિક્રમસૂરીશ્વરજી મહારાજ**ના શિષ્યરત્ન
પૂજ્યપાદ મુનિરાજ શ્રી **રાજયશવિજયજી** મ.સા.
(વર્તમાન ગીતાર્થ ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **રાજયશસૂરીશ્વરજી** મહારાજા)

: દિવ્યાશિષવૃષ્ટિ :

માતૃહૃદયા પૂજ્ય સાધ્વીવર્યા શ્રી **સર્વોદયાશ્રીજી** મ.સા.
એકાદશાંગપાઠી પૂજ્ય સાધ્વી શ્રી **રત્નચૂલાશ્રીજી** મ.સા.
મધુરભાષી પૂજ્ય સાધ્વી શ્રી **શુભોદયાશ્રીજી** મ.સા.

: આયોજક :

પૂજ્ય ઉપાધ્યાય શ્રી **વિશ્રુતયશવિજયજી (પ્રોફેસર)** મ.સા.

: પ્રકાશક :

લબ્ધિ વિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર શાંતિનગર,
અમદાવાદ

જિન શાસન છે મહાન...
શ્રુતપ્રેમનું શોભે દાન...

લબ્ધિ પ્રકાશ

પુસ્તક પુનઃ પ્રકાશન
તૃતીય આવૃત્તિના લાભાર્થી
શાસનપ્રેમી... શ્રુતપ્રેમી પુણ્યાત્મા
ગુરુભક્ત - ન્યુજર્સી, અમેરિકા.

જીવન બંસરી સમાન છે...
બંસરી ખાલી છે, શૂન્ય છે...
પણ સંગીતના સૂર વહાવે છે...

જીવનમાં ખાલી હાથે આવ્યા...
હવે ગુરુના સંગે પ્રેમરસની લ્હાણી કરવાની છે...!
દાનાદિ ધર્મ દ્વારા ધન્ય બન્યા છો...
આપની ભૂરિ ભૂરિ અનુમોદના





મંગલ વચન

પૂજ્યપાદ જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ મહાન ગ્રંથકાર સમર્થ ને દિગ્ગજ વિદ્વાન આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની મારા પર ઠેઠ બાલ્યકાળથી પ્રતીમ કૃપાદૃષ્ટિ હતી. અખંડકૃપા સાગર પરમ વાત્સલ્યનિધિ તે સૂરિદેવશ્રી જૈનશાસનના અદ્વિતીય પ્રભાવક હતા. તેઓ શ્રીમદ્‌ની કૃતિ **'લબ્ધિ પ્રકાશ'** ખરેખર જૈન શાસનની સઘળીયે લૌકિક-લોકોત્તર લબ્ધિઓનો મહાપ્રકાશ પાથરે છે.

મૂળ ગ્રંથકાર મહાન પુરૂષ સમર્થ વિદ્વાન તેમજ દિગ્ગજ પંડિત હતા. કવિ શિરોમણિ તથા સર્વદર્શનના તેઓશ્રી પ્રખર વિદ્વાન હતા. અસાધારણ વાદશક્તિ ધરાવનાર, અદ્‌ભુત સ્મૃતિ પ્રજ્ઞાવાન્ તેઓ શ્રીમદ્ જૈનશાસનમાં મહાન પ્રભાવક હતા. આવા સમર્થ ગ્રંથકારશ્રીની સાહિત્ય કૃતિના પદે-પદે, શબ્દે-શબ્દે જે ભાવ ભર્યો છે, તે નિરવધિને અમાપ જ્ઞાનના પૂંજરૂપ છે. દરેકે-દરેક પ્રકારના શાસ્ત્ર રહસ્યોની સીમા આ નાના પણ ગ્રંથરત્નમાં અંકિત થયેલી છે.

ખૂબીની વાત એ છે કે, આવા અર્થગંભીર રહસ્યમય લઘુગ્રંથનું વિવેચન જે શૈલીથી સચોટ ભાવવાહી ને મૂલકારના આશયને વિશદ રીતે સૂક્ષ્મેક્ષિકાથી ચર્ચીને રહસ્યોદ્‌ઘાટન કર્યું છે. તે માટે કહી શકાય કે, મૂલકારની જેવી અગાધ વિદ્વત્તા તેવી જ વિવેચનકારની મહાન પ્રતિભાશક્તિને સ્વાભાવિક તાર્કિક પ્રજ્ઞા રહેલી છે. તે બંનેયનો સુભગ સમન્વય એ એક દૃષ્ટિએ મહાન તથા અદ્‌ભુત ચમત્કાર જ કહી શકાય. મૂલકારના હૃદયમાં રહેલા ઉંડા રહસ્યોને તેમજ તેઓ શ્રીમદ્‌ની ગંભીર ઉદાર આશયની વિશાળતાને જે રીતે વિવેચનકાર મુનિરાજશ્રીએ વિશદપણે અહીં સ્પષ્ટ કરી છે, તે વિવેચનકાર મુનિરાજશ્રીની ક્ષયોપશમની પ્રબળતા સૂચવે છે.

બાલ્યકાળમાં દીક્ષા સ્વીકારીને પોતાના શ્રદ્ધેય પૂજનીય ગુરુદેવનાં ચરણોની ઉપાસના દ્વારા વવેચનકાર મુનિશ્રીએ જે જ્ઞાન-શક્તિ તથા પૂ. ગ્રંથકાર સૂરિમહારાજશ્રીના હૃદયગત આશયને તથા તેમના શ્લોકબદ્ધ વિચારોના મર્મને ગ્રહણ કરી, તે પર શાસ્ત્રાનુસારી લૌકિક-લોકોત્તર દૃષ્ટિએ દલીલો, દૃષ્ટાંતો દ્વારા જે વિવેચન અદ્‌ભુત પ્રજ્ઞાબળથી તેમણે કર્યું છે, તે વાંચતાં - વિચારતાં સમજાય છે કે, ખરેખર વિવેચનકાર તરીકે તેમણે ચમત્કારીક વિવેચન કૌશલ્ય દાખવ્યું છે.

: નિવેદક :

પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક પરમ ગુરુદેવ
આચાર્યભગવંત શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી**
શિષ્યાણુ પં. **કનકવિજયગણિ**

જૈન ઉપાશ્રય, શ્રીપાલ નગર, ૧૨, જમનાદાસ મહેતા માર્ગ,
વાલકેશ્વર, મુંબઈ-૬, W.B.
જેઠ સુદ-૧૦ : તા. ૩-૬-૧૯૭૧, ગુરૂવાર : ૨૦૨૭-૨૪૯૭



પ્રસ્તુત ગ્રંથ

શું ? ક્યારે ?? કેમ ???
અને કેવો ????

એક વૃદ્ધ મહાશયના ઉચ્ચારણમાં ભૂલ થઈ ગઈ. 'પુંસ્સુ'ના બદલે 'પુંક્ષુ' બોલાઈ ગયું. સારીય સભા તેમના અશુદ્ધ ઉચ્ચારણથી હસી પડી, પણ એ વૃદ્ધ મહાશયનો પુણ્યપ્રકોપ એક નવા વ્યાકરણના સર્જનમાં પલટાઈ ગયો. (પોતાના અશુદ્ધરૂપને પણ સિદ્ધ કરી આપતું એક નવ્ય વ્યાકરણ સર્જાયું.) ઉચ્ચારણની એક મામૂલી ભૂલથી શબ્દશાસ્ત્રને એક મહામૂલી ભેટ મળી.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યને સિદ્ધરાજે વિનંતી કરી. ગુજરાતનું ગૌરવ ટકાવવાનો સિદ્ધરાજનો હેતુ હતો અને જગતની લાડલી સંસ્કૃત-ભાષાનું ભૂષણ તૈયાર થઈ ગયું.

વાત માત્ર એટલી જ કરવાની છે કે જગતના મહાન્ ગ્રંથોના ઈતિહાસમાં કંઈક નજીવું કહેવાય તેવું કારણ કો'ક વખત કૃતિસર્જનનું માન ખાટી જાય છે. પ્રસ્તુત કૃતિનો ઈતિહાસ પણ આવો જ છે.

અમારા પુણ્યપ્રભાવી દેવસેવિત મહિમા સંપન્ન પૂ. પંન્યાસ મહિમાવિજયજી મ.સા. સાધુ સમુદાયની નહીં પણ જૈનસંઘની આગવી અને મહામૂલી સંપત્તિ હતા, પણ પડતા કાળે એ મારા સહૃદયી મુનિમિત્રને ઝડપી લીધા છે, સૌને દરિદ્ર બનાવી દીધા છે.

એ સરળ મહાત્માની જીવનગાથા ગાવાનો આ પ્રસંગ નથી. છતાંય હૈયું એ મુનિમિત્રની યાદ આવતાં ત્યાં જ દોડી જાય છે.

ઠીક, આ દૈવીપુરૂષ મારા પૂ. ગુરુદેવેશ (પૂ.પા. જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ આચાર્ય ભગવંત શ્રીમદ્ લબ્ધિસૂરીશ્વરજી મ.)ને જ્યારે જ્યારે, દૂર દૂર દેશથી વંદન કરવા આવતાં. આવીને પૂ. ગુરુદેવેશના ચરણમાં ઝૂકાવતા ત્યારે ત્યારે અક્ષતની વૃષ્ટિ થતી. આ તો હંમેશનો ક્રમ હતો. આ હૈયું ઘણી વખત એ મારા પૂ. ગુરુદેવેશને સાક્ષાત્ દેવપૂજિત કહીને હર્ષઘેલુ થઈ જાય છે. કાળ ક્યારનોય તેમને પણ ક્વલિત કરી ગયો છે. હવે વાતોથી શું થશે ?

પૂ. ગુરુદેવેશ ખંભાતમાં બિરાજતા હતા અને ત્યાં પૂ.પંન્યાસ શ્રી મહિમાવિજયજી મ. મહારાષ્ટ્રમાં વિચરતા હતા. તેમની પાસે દૈનિક હિસાબ-કિતાબ રાખવાની એક ડાયરી આવી. જે કંઈ પણ ભક્તની પાસે આવે તે ભગવાનને અર્પણ કરે. ભક્તને મન ભગવાનથી અધિક કોણ ? તે પરમગુરુ ભક્તે પણ પૂ. ગુરુદેવેશને તે મોકલાવી. ભાવભરી ભેટનો સ્વીકાર ન થાય એ બને કેમ ? પૂ. ગુરુદેવેશે તેનો સ્વીકાર તો કર્યો.

પણ તે સ્વીકારે એક સમસ્યા ઊભી કરી. આ ડાયરીનું શું કરવું ? એ વિચાર તેમને પજવવા માંડ્યો. ત્યાં મુનિશ્રી ભાસ્કરવિજયજીએ પૂ. ગુરુદેવેશને કંઈક વિનંતી કરી. તેમણે પૂ.ગુરુદેવને પોતાના રોજબરોજના વિચારો અને અનુભવો લખવા કહ્યું.

બસ, પાંચ રૂપિયાથી ઓછી કિંમતની ડાયરી, પાંચ મિનીટથી પણ ઓછા સમયની વિનવણીએ પૂજ્ય ગુરુદેવેશના સાહિત્યક આત્માને ઉત્તેજિત કરી દીધો એક મહાન્ સાહિત્ય સર્જનનો પાયો ત્યારે સ્થાપિત થઈ ગયો.

તે દિવસથી દેહ નિસર્ગના કાળધર્મના આગળના દિન સુધી ક્યારેય ખાડો પડ્યો નથી. એકપણ એવો દિવસ નથી ગયો કે જ્યારે કંઈ ટાંચણ ન થયું હોય. નિયમિતતાને તેઓ નહીં, પણ નિયમિતતા જ તેમને વરેલી હતી.

ટીંપે ટીંપે થઈને સરોવર નહીં, પણ સમુદ્રનું બનેલ. તેમના સાહિત્ય સમુદ્રનું જ આ ગ્રંથરત્ન એક મૂલ્યવાન રત્ન છે. આ ગ્રંથરત્નનું મૂલ્ય કરતાં પહેલા એક વખત હું તમને તેમના આ રોજનિશિના સાહિત્યનો ખ્યાલ આપી દઉં.

દરરોજના વિચારો અને અનુભવો લખવાનો ચીલો આપણે ત્યાં નવો છે. ટૂંકમાં કહીએ તો રોજનિશિના પ્રકારનું સાહિત્ય આપણે ત્યાં સર્જાયું જ નથી. તે જોતાં આ સાહિત્ય એ પૂ.ગુરુદેવેશ તરફથી જૈન સાહિત્યને પ્રાપ્ત થયેલી મહામૂલી દેન બની રહેશે.

જો કે રોજનિશિના સાહિત્યમાત્રથી જે તેમની ટાંચણપોથી પૂરી નથી થઈ જતી. તેમાં 'પ્રવાસપોથી'ના તત્ત્વો પણ છે. જે જે સ્થળે તેઓ ગયા ત્યાંના ભગવાન અને મંદિર વિષયક વિશેષ કૃતિઓ પણ રચી છે.

નવપદજી જેવા પર્વ દિવસોને પર્યુષણ જેવા મહા પર્વના દિવસોને અનુલક્ષીને પણ કૃતિઓ રચાઈ છે. નવપદજીના પ્રત્યેક પદ પર જ નહીં, પણ વિવિધ વિષયો પર અષ્ટકો, પંચવિંશતિકા પણ બનાવી છે, ગુજરાતી કૃતિઓ પણ પદ્ય અને ગદ્ય બંને રૂપે છે. કેટલાક સંસ્કૃત શ્લોકોનો ગુજરાતીમાં પદ્યમય અનુવાદ પણ તેમાં છે.

આ કારણથી આ ટાંચણપોથી સ્વતંત્ર 'ગ્રંથોનું' પણ પ્રણયન કરવા માટે સમર્થ છે.

હવે તેમની નોંધપોથીમાં રોજનિશિનું તત્ત્વ કેટલું છે તે જોઈએ. સામાન્ય રીતે આવું સાહિત્ય કોઈ પણ પૂર્વાચાર્યોએ બનાવ્યું નથી. એ કદાચ કોઈ કહી શકે !

કારણ, ભારત દેશ માટે જ આ પ્રથા નવી છે. કોઈક વિચારકે કહ્યું છે કે, 'ભારતમાં હ્યું-એન સંગ, ફાઈહાન, વાસ્કો-ડી-ગામા વગેરે ઘણા આવી ગયા, પણ ભારતનો આવો વાસ્કો-ડી-ગામા કે ફાઈહાન ક્યાંય ગયો નથી !' અર્થાત્ ભારતના કોઈપણ પ્રવાસીએ ટાંચણપોથી દ્વારા વિદેશના વર્ણનોની નોંધ પૂરી પાડી નથી.

છતાંય રોજનિશિના અંતર્ભૂત કહેવાય તેવાં કેટલાય અંગ-ઉપાંગ જૈનાચાર્યોની કૃતિમાંથી મળી આવશે તે નિઃસંશય છે. જો કોઈ વિદ્વાન આ માટે પ્રયાસ કરશે તો અવશ્ય સફળ થશે.

પૂ. સિદ્ધર્ષિના અંતર ઉદ્‌ગારથી માંડીને પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મ.નું કોપાનલ ઉપજાવત (દુર્જન મથન વચન અરણીવાળું સ્તવન) એ પોતાની આત્મકથા અને અનુભવકથા દ્વારા રોજનિશિના એક અંગની પૂર્તિ કરે છે. ઉદયરત્ન મ.નું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન 'પાસ શંખેશ્વરા સારકર સેવકા દેવ કાં આવડી વાર લાગે' આજ હરોળમાં ઊભું રહે છે.

પૂજ્ય આત્મારામજી મહારાજે પણ સ્થાનકવાસીપણાને છોડીને અહીં આવ્યા પછી પોતાના અનુભવને પોતાની કૃતિઓમાં ગુંથ્યો છે.

'અબ તો પાર ભયો હમ સાધું, શ્રી સિદ્ધાચલદર્શન કરીને' આવા ઘણા-ઘણા પાસાઓ સાહિત્ય ઉપાસકને જૈન સાહિત્યમાં મળી આવશે. અસ્તુ ! તે માટે વિદ્વાનો પ્રયત્ન કરે.

પૂ. ગુરુદેવે રોજનિશિના અંગભૂત આત્માનુભવો અને આત્મકથાના કેટલા નાના નાના પ્રસંગો પણ આલેખ્યા છે. તદુપરાંત સહવર્તિ અને સમકાલીન વ્યક્તિ વિશેષોની પણ તેમાં વાતો કરી છે, પોતાના કેટલાક શિષ્યોના શક્તિની પ્રશંસા પણ કરી છે. અને પોતાની નિશ્રામાં આરાધના કરી રહેલાની આરાધનાની ત્રૂટિ માટે ક્યાંક ખેદ પણ વ્યક્ત કર્યો છે. શાસનનાં સુભટોની પ્રશંસા પણ તેમાં છે અને કેટલીક સમુદાય ગત પ્રવૃતિની આલોચના પણ તેમાં છે.

આ સાહિત્યનું પ્રકાશન આ કારણથી કંઈક વિચારણા પણ માંગી લે છે. કોઈકના દિલને દુઃખ લાગી જવાનો પણ તેમાં સંભવ છે. છતાંય પાઠકો ધ્યાન રાખે કે, જ્યારે પણ તે પ્રસિદ્ધ થશે ત્યારે તે હકીકતો સંપૂર્ણ સત્યરૂપમાં પ્રગટ થશે. તેમાં કદાચ કોઈ અણસમજુ આત્માના બચાવ માટે કરવી પડશે તો બાદબાકી થશે, પણ સરવાળો કશાનો નહીં જ થાય.

આ વાત તેમના પોતાના ઉદ્‌ગારો માટે પણ એટલી જ સાચી હશે. તેમના પોતાના માટેના ઉદ્‌ગારોથી પ્રગટ થતી આત્મનિંદા, એક સરળતાનો જીવંત આદર્શ બનશે.

પ્રભુભક્તિ, શાસનશક્તિ અને સમ્યક્ વિશુદ્ધિ માટેના તેમના ઉદ્‌ગારો અનેક આત્મા માટે આત્મવિશ્વાસનું શક્તિકેન્દ્ર બનશે.

પૂ. બાપજી મ.ના પ્રશિષ્ય પંન્યાસ શ્રી ભદ્રકંરવિજયજીએ તો આ સાહિત્યના શીઘ્રાતિશીઘ્ર પ્રકાશન માટે સ્વ. પૂ. ગુરુદેવેશના 'કલ્યાણ માસિક' તરફથી પ્રગટ થયેલ પુણ્યસમૃતિ અંકમાં જ ટહેલ નાંખી દીધી છે.

પણ ઉપર કહ્યું તે કારણ તથા દક્ષિણના પ્રદેશમાં મુદ્રણની મુશ્કેલીઓ, તેમજ બીજી પણ અનેક પ્રવૃત્તિઓનાં કારણે આ સાહિત્યનું હજી સૌથી પહેલું જ રત્ન બહાર આવે છે. આટલા બધા વિલંબ માટે મને પણ ચોક્કસ ખેદ છે જ. છતાંય વિલંબના ભોગે પણ તે સાહિત્યને સુંદર રીતે, ઉપયોગી રીતે રજૂ કરવાની મારી ભાવના પ્રબળ બનતી જાય છે. ગમે તેવી રીતે મુદ્રણ કરાવી દેવાનું મને યોગ્ય નથી લાગ્યું.

તેમનામાં શ્રદ્ધા અને ભક્તિ ધરાવવામાં સમસ્ત જૈન સંઘમાં કોઈનો પણ વાદવિવાદ નહોતો. એટલે જનતા વખત જતાં તેમને ભૂલશે નહીં, પણ તેમને વધુને વધુ યાદ કરતી જ રહેશે. તેથી ચિરકાળે પણ પ્રાપ્ત થયેલ તે સાહિત્યથી અવશ્ય નફો થશે. પ્રસ્તુત ગ્રંથરત્નના સ્વીકારથી મારો ઉત્સાહ અવશ્ય વધશે.

(૨)

હવે 'લબ્ધિપ્રકાશ' નામના તેઓશ્રીના ગ્રંથરત્નની વાત કરીએ. આ ગ્રંથ પૂજ્યશ્રીના રોજનિશિના સાહિત્યમાંથી સમૃદ્ધત કરીને સંકલિત કરવામાં આવ્યો છે. ગ્રંથમાં માત્ર દશ જ શ્લોક છે, પણ તેની ખૂબી અપાર છે. લગભગ અનુષ્ટુપના પ્રત્યેક શ્લોકના પ્રત્યેક પાદમાં એક-એક પ્રશ્ન છે અને તેનો જવાબ પણ છે. **"કઃ ત્યાગઃ ?... ત્યાગ શું ?"**

એ પ્રશ્નના જવાબમાં જ્યારે "ગુણલીનતા" એવો જવાબ સૂરિજી આપે છે. ત્યારે આપણી કલ્પના અને માન્યતા ખળભળી ઊઠે છે અને ત્યાગ અને ગુણલીનતા વચ્ચેનો નવો સંબંધ બતાવતો રાહ આપણી સામે સ્પષ્ટ થાય છે.

"કે પુણ્યાઃ ?... કોણ પુણ્યશાળી છે ?" તેના જવાબમાં જ્યારે 'ગુરુભક્તાઃ ગુરુભક્તો' એવો જવાબ અપાય છે. ત્યારે આપણને આપણી કલ્પના કેવા અવળે માર્ગે ચાલી રહી છે. તેનું ભાન થાય છે અને સાથે જ ગુરુભક્તિના રહસ્યો બતાવવા ઉત્તરાધ્યાન સૂત્ર અને દશવૈકાલિક જેવા સૂત્રો આંખ સામે નૃત્ય કરવા માંડે છે. ચંડરૂદ્રાચાર્યના શિષ્ય જેવા સેંકડો મહાપુરૂષો નયનસામે આવી આત્માને તૃપ્ત કરી દે છે.

કવિ દલપતે ગાયું છે કે, "તણખલાથી પણ હલકો યાચક" ત્યારે પૂજ્ય ગુરુદેવ "કોણ લઘુ - કોણ હલકો" તેના જવાબમાં પરની નિંદા કરનાર લઘુ કહીને દલપત જેવાની સામે 'યાચક' કરતા પણ લઘુ, તણખલા કરતાં પણ લઘુ. સૌથી લઘુત્તમ 'પરનિંદક'ને ઊભો કરી દે છે. પરનિંદકને આ વિશ્વમાંથી ઊડી જવાનો અર્થાત્ પોતાના દુર્ગુણોને ઊડાડી દેવાનો અનુરોધ કરે છે.

'કુગ્રહ કયા ?' અને 'સુગ્રહ ક્યા ?' એના જવાબમાં જ્યારે **'દુરાચારને કુગ્રહ'** કહે છે અને **'સદાચારને શુભગ્રહ'** કહે છે. ત્યારે આકાશના ગ્રહોની સાથે આત્માનો સીધો સંબંધ સ્થાપી દઈને એક વૈજ્ઞાનિક સંશોધન કરે છે. આવી આવી બીજી પણ કેટલીક વિશિષેતાઓ છે. જેનો વાચક પોતે જ વિચાર કરે.

કેવા કેવા પ્રશ્ન અને કેવા કેવા જવાબ છે એ તો વાંચનાર વિચારશે અથવા તેના પરના વિવેચન પર નજર નાંખશે ત્યારે સમજાશે, પણ આવો પ્રશ્નોત્તરાત્મક ગ્રંથ સાહિત્યની શોભા છે.

આ ગ્રંથમાં લગભગ પાંત્રીસ પ્રશ્નો અને પાંત્રીશ જવાબો છે.

લગભગ બધે સ્થળે જવાબ પ્રાયઃ એક શબ્દમાં આપવામાં આવ્યો છે. એ પણ ઘણું વિલક્ષણ અને આશ્ચર્યકારી છે. લગભગ આવા પાંત્રીસ પ્રશ્ન અને પાંત્રીશ જવાબમાં કેટલા બધા રહસ્યો અને કેટલા બધા ઉકેલો ભરી દીધા છે. તે તો વિદ્વાનો, મધ્યસ્થ વિદ્વાનો અને આધ્યાત્મિકતામાં ડૂબી ગયેલાઓ જ જાણી શકે.

સંસ્કૃતગિરામાં મારા સાંભળવામાં માત્ર આવી એક જ જૈનકૃતિ આવી છે. તે પછીના અને પહેલાના સાહિત્યમાં મારી નજરે કોઈપણ આવી કૃતિ ચઢી નથી. સંસ્કૃતગિરામાં આના જેવી બીજી એક જ કૃતિ મારા જોવામાં આવી છે અને તે છે શંકરાચાર્યે બનાવેલ "પ્રશ્નોત્તર-રત્ન-મણિમાલિકા" તેથી "લબ્ધિપ્રકાશ" નામની આ કૃતિ જૈન સાહિત્યને તો ઉજાળશે પણ સાથે જ સંસ્કૃતગિરાને પણ સમૃદ્ધ કરશે. જ્યારે આ ખ્યાલ આવે છે, ત્યારે હૈયામાં એક ખેદ પણ થાય છે કે, "સોનાની મુરઘી પાસેથી" મેં પ્રમાદ છોડીને મેળવવા ધાર્યું હોત તો કેટલું મેળવી શક્યો હોત !

આવા સરળ સૂચનોએ આવું અનુપમ સાહિત્ય સર્જ્યું તો તેઓશ્રીની પાસે બેસીને નિયમિત રોજ-રોજ નવું-નવું લખાવ્યું હોત તો કેટલો મોટો ઉપકાર થાત, પણ 'તે હિ મે દિવસા ગતાઃ' - 'તે મારા દિવસો ચાલ્યા ગયા છે.' બસ, હવે તો તેમના અવિશિષ્ટ સાહિત્યને સુંદરરૂપે તૈયાર કરાવી લોકોને આપવાનો એક માત્ર જ ઓરતો મારી પાસે રહ્યો છે.

આ "લબ્ધિપ્રકાશ" નામના ગ્રંથનું ગુજરાતીમાં વિસ્તૃત વિવેચન સાથે ભાષાંતર થવું જોઈએ, આવી મારી ભાવના હતી અને અમારા વડીલ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ જયંતસૂરીશ્વરજી મ.ની અનુપમશીળી છાયામાં તેનો નિર્ણય લેવાયો અને તે પૂજ્યના આદેશથી વિદ્વાન, સરળ પ્રવચનકાર મારા શિષ્ય મુનિરાજશ્રી રાજયશવિજયજીએ તેનું કામ શરૂ કર્યું. જેમ-જેમ ભાષાંતર તૈયાર થતું ગયું તેમ તેમ જે પૂજ્ય ગુરુદેવના ખૂબ કૃપાપાત્ર પુત્રીવત્ શિષ્યા ભાવને પામવાનું પુણ્ય પામી શક્યા છે, તેવા સાધ્વીશ્રી

વાચંયમાશ્રીએ (લબ્ધિશિશુ) તેના સમીકરણ સાથે પ્રતિલીપી કરવાનું કામ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયંતસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી ઉપાડી લીધું અને અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવેશની ભક્તિને આધીન બની પૂર્ણ કર્યું. સાધ્વીશ્રી વાચંયમાશ્રીજી સારણા-વારણાદિમાં પ્રવીણ અને અનેક યુવતીઓને કેળવી સુંદર આરાધના કરાવનાર સાધ્વીશ્રી સર્વોદયાશ્રીજીની છત્રછાયામાં આરાધના કરે છે.

સાધ્વીશ્રી વાચંયમાશ્રીજીએ પણ સ્વ. પૂજ્ય ગુરુદેવેશનું જીવન આલેખન 'કમલ પરાગ' નામની પુસ્તિકામાં કરેલ છે, તેમની લેખન શક્તિનો પણ પૂજ્ય ગુરુદેવના સાહિત્ય પ્રકાશન અંગે ઉપયોગમાં લેવાની પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયંતસૂરીશ્વરજી મ.ની ઈચ્છા છે અને તેમને એક ડાયરીનું કામ સોંપાઈ પણ ગયું છે.

પૂ. પા. આચાર્યદેવશ્રી વિજય જયંતસૂરીશ્વરજી મ. પરમશ્રુત અનુમોદક અને કલાપારખું છે. શ્રાવકોને સાધર્મિક ભક્તિનું રહસ્ય સમજાવી તે કાર્ય સદા તેઓ કરાવ્યે જ જાય છે, તે ગુપ્ત જ છે, છતાંય વ્યવસ્થિત અને વિચારપૂર્ણ છે.

ગ્રંથનું આલેખન તો પૂજય આચાર્યદેવશ્રી વિજય જયંતસૂરીશ્વરજી મ.ની શીતળછાયામાં પૂર્ણ થઈ ચૂક્યું હતું. પ્રેસ કોપી તૈયાર થઈ ગઈ હતી, પણ દક્ષિણના આ દેશમાં મુદ્રણ ક્યાં કરાવવું એ પ્રશ્ન હતો અને તેમાં જાણવા મળ્યું કે, વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી કનકવિજયજી મ. મુંબઈ પધારે છે. સોનામાં સુગંધ ભળી. લબ્ધિ પ્રકાશ ગ્રંથના કર્તા પૂજ્ય આચાર્યદેવેશ તરફનો તેમનો ભક્તિભાવ કેવો હતો તે હું સારી રીતે જાણતો હતો. મારા પૂજ્ય ગુરુદેવ પણ તેઓને વારંવાર યાદ કરતા હતા. એટલે મને ખાત્રી હતી કે તેઓ આ કામ માટે પ્રુફ સંશોધનાદિ કરી આપવામાં અનેરો આનંદ અનુભવશે અને તે જ પ્રમાણે તેમણે તે કાર્યનો સ્વીકાર કર્યો.

બીજી જવાબદારી તો પૂજ્ય ગુરુદેવેશના ગુણોના અત્યંત અનુરાગી કસ્તુરચંદ ઝવેરી પર હતી જ, તેમણે પણ તે કાર્ય હંમેશની જેમ શ્રુતભક્તિ અને ગુરુભક્તિથી કરેલ છે.

પંન્યાસ શ્રી કનકવિજયજી મહારાજે તે દ્વારા મારા પર તેમજ ગ્રંથના ગુજરાતી વિવેચક વિક્રમપ્રભાના લેખક મુનિ રાજયશવિજયજી પર ઘણો ઉપકાર કરેલ છે.

શ્રી કસ્તુરચંદ ઝવેરી ધન્યવાદને પાત્ર છે અને હજી પણ તેમની શ્રુતભક્તિ અને ગુરુભક્તિ વધે તેવા આશિષને પાત્ર બને છે.

વારંવાર એક જ વાત કહેવાની છે કે જેઓશ્રીની શુભાશિષે અને વિમલભાવનાએ આ કામ પાર પડ્યું છે, તે અમારા નિશ્રાદાતા પૂજ્યપાદ આચાર્યદેવ પૂજ્ય વિજય જયંતસૂરીશ્વરજી મ. દીર્ઘાયું રહો અને સદા તેમની શીતળ છાયામાં શાસન કલ્પવૃક્ષના મીઠાં મધુરાં ફળો અમે ચાખતાં રહીએ એજ શુભ ભાવના...

આચાર્ય વિક્રમસૂરિ

શ્રી કુંથુનાથ જૈન મંદિર,
૬૨, મહાત્મા ગાંધી રોડ, સીકન્દ્રાબાદ
વિ.સં. ૨૦૨૭, જેઠ સુદ એકાદશી
તા. ૪-૬-૧૪

સાહિત્ય સર્જનનાં માર્ગે આગળ વધો

સાધ્વી વર્યા મોક્ષયશાશ્રીજીએ જણાવ્યું કે, **'લબ્ધિપ્રકાશ'**નું પુસ્તક મેં વાંચ્યું, અદ્‌ભુત લાગ્યું. એમને પુનઃ પ્રકાશિત કરવાની ભાવના થઈ. વાત મારા સુધી આવી. મેં પહેલા પ્રકાશન થયા પછી ક્યારેય એ પુસ્તક હાથમાં લીધું ન હતું. એ ગ્રંથના લખાણ અંગેની પણ સ્મૃતિ ન હતી. સ્મૃતિ એ જ હતી કે એ વખતના આલેખનથી મારા બંનેય પૂજ્યો એટલે મને દીક્ષા માટે ખૂબ જ પ્રેરણા કરનાર પૂજ્ય આચાર્ય ભગવંત **જયંતસૂરીશ્વરજી** મ.સા. અને મારા ગુરુદેવ પૂજ્ય આચાર્યદેવ **વિક્રમસૂરીશ્વરજી** મ.સા. બંનેય ખૂબ જ ખુશ હતા અને આ માટે મને ખૂબ આશીર્વાદ આપ્યા હતા. પૂજ્યો ખૂબ જ પ્રસન્ન હતા, પણ...

પુનઃ પ્રકાશન વખતે મેં એક નજર ફરી એ ગ્રંથ પર નાંખી. મને આશ્ચર્ય થયું. આજે તો હું આ પ્રકારનો ગ્રંથ લખી શકું પણ, આજથી સુડતાલીસ વર્ષ પહેલા પણ મેં આજના જેવી જ આધુનિક ભાષામાં આ ગ્રંથ કેવી રીતે લખ્યો હશે ?

આ અંગે મને પણ આશ્ચર્ય થાય છે !

પરિણામે મારે પુનઃ પ્રકાશન માટે સંમત થયા વિના છૂટકો ન હતો. આવા સારા ગ્રંથને વાંચી ફરી તેના પુનઃ પ્રકાશનની તમામ જવાબદારી સાધ્વીવર્યા શીતાંશુયશાશ્રીજી અને તેમના શિષ્યા મોક્ષયશાશ્રીજીએ ઉપાડી લીધી છે.

આ બંનેય સાધ્વીજીઓ સ્વ. સાધ્વીવર્યા સર્વોદયાશ્રીજી અને સ્વ. સાધ્વીવર્યા રત્નચૂલાશ્રીજી દ્વારા ગ્રહણ આસેવન શિક્ષા પામેલ અને સાધ્વીવર્યા વાચંયમાશ્રીજી(બેન મ.સા.) પાસેથી સાહિત્ય, આલેખન અને પ્રકાશન વિધિને સમજેલા છે.

તેઓ ભવિષ્યમાં પણ શ્રુત ઉપાસના કરતા રહે અને સ્વયં પણ સર્જનનાં માર્ગે આગળ વધે. આખરે માતાપદ્માની સહાયથી પોતાની સાહિત્ય સેવાથી યાત્રા આગળ વધારે.

જીવનમાં તમામ રાગ-દ્વેષ ક્ષય કરી આત્માથી પરમાત્મા બને એ જ આશીર્વાદ...

દ.

વિ. રાજયશસૂરિના ધર્મલાભ !

જવારજ, અધિક જેઠ સુદ-૧૫,
ઈ.સં. ૨૦૧૮



ॐ પાર્શ્વનાથાય હ્રીં   શ્રી આદિનાથાય નમઃ   ॐ પદ્માવત્યૈ હ્રીં

તે હિ નો દિવસા ગતાઃ

મારા સંયમજીવનની બાલ્યવસ્થામાં વાત્સલ્યમેરુ દાદા ગુરુદેવ લબ્ધિસૂરીશ્વરજી મ.સા.ની પુણ્ય છાયા મળી.

પૂજ્યશ્રી પ્રતિદિન એક સંસ્કૃત શ્લોક બનાવે અને વિવેચન લખે. મને કહે 'છોકરી ! આ શ્લોક વાંચ, કંઠસ્થ કર.'

મહાપુરુષનું સાંનિધ્ય, શ્લોક વાંચુ, શ્લોક કંઠસ્થ કરીને સંભળાવું, લાંબી બુદ્ધિ નહીં, લાંબી સમજ નહીં, બાલસુલભ ક્રીડામાં કહું.

"આપે શ્લોક મને જ આપવાનો હું કંઠસ્થ કરી આપને સંભળાવીશ" 'સત્તર' વર્ષ પૂજ્ય ગુરુદેવે શ્લોક બનાવ્યા. તેમાં અદ્‌ભુત પ્રશ્નોત્તરમાં 'દશ' શ્લોક બન્યા... વર્ષો વીત્યા...

પૂજ્ય પ્રેરક દીર્ઘદૃષ્ટા **જયંતસૂરીશ્વરજી મ.સા.** અને અનંત ઉપકારી ગુરુદેવ **વિક્રમસૂરીશ્વરજી મ.સા.** કહ્યું, 'વાચંયમા ! જો રાજા, દાદા ગુરુદેવના પ્રશ્નોત્તરનું વિવેચન લખે છે, તારે તે વિવેચનની કોપી કરવાની.' એક-એક શ્લોકના વિવેચનની કોપી બંને પૂજ્યોને વંચાવું... બંને પૂજ્યોની મુખાકૃતિ આંતર આશય નિરખું. હું પણ ભાવવિભોર બની જાવું. તે પ્રશ્નોત્તરગ્રંથ 'લબ્ધિપ્રકાશ' બન્યો.

પૂજ્ય ગુરુદેવ **રાજયશસૂરીશ્વરજી મ.સા.**ની રાત્રિ સોહામણા સ્વપ્નની રાત્રિ હોય, પૂજ્ય ગુરુદેવ **વિક્રમસૂરીશ્વરજી મ.સા.** મને સવારે રાજા મ.ની ડાયરી આપે. કહે જો ! રાજાએ શું લખ્યું છે ?

રોજ નવા કાર્યો, નવા મનોરથો અને જવાબદારી વચ્ચે અનેક કાર્યો થઈ રહ્યા છે. ભવ્ય ભૂતકાળ નયન સામે તાદૃશ થાય છે. પણ શબ્દો નીકળે છે. "તે હિ નો દિવસા ગતાઃ" પરમાત્માનું શાસન **'૨૧૦૦૦'** વર્ષ સુધી અનેક જ્ઞાની-ધ્યાની-સાધક-ઉત્સાહી પ્રભાવવંત મહાત્માઓથી રહેવાનું છે. લબ્ધિ-સમુદાયના સર્વ સાધ્વી ગુણી છે, ગુણાનુરાગી છે. સાધ્વી **શીતાંશુયશાશ્રીજી** તપસ્વી સાધક અને અનેકને આરાધનામાં જોડે છે. તેમના શિષ્યા **મોક્ષયશાશ્રીજી** વિદૂષી-સાહિત્ય સર્જક અને ઉત્સાહી છે. તેમના શુભભાવે **'લબ્ધિપ્રકાશ'** ગ્રંથ પ્રકાશનની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે. **'લબ્ધિપ્રકાશ'** ગ્રંથ જરૂર તેમનાં જીવનમાં લબ્ધિનો પ્રકાશ ફેલાવે. અનંતલબ્ધિ પ્રાપ્ત કરી સ્વજીવન-સમુદાય તથા શાસનસેવા કરી ધન્ય પુણ્ય બને અને વડીલોના અંતરમાંથી શબ્દો સરે, સુવર્ણયુગનું સર્જન થઈ રહ્યું છે. એજ અંતરના શુભાશિષ...

દ. બેન મ.

જવારજ, અધિક જેઠ સુદ-૧,
વિ.સં. ૨૦૭૪, ઈ.સ. ૨૦૧૮

લક્ષ્ય અર્જુન જેવું, ધ્યાન એકલવ્ય જેવું...

'નદીનું જળ અને જીંદગીની પળ બંને સતત વહી જાય છે. છતાં બંનેમાં ફરક છે. નદીને બાંધી શકાય પણ જીંદગીને નહીં.

નિરંતર આવી વિશિષ્ટ હિતોપદેશધારાને વહાવનાર વાદિ વિજેતા વિદ્વદ્ શિરોમણિ પૂજ્યપાદ દાદા ગુરુદેવ **લબ્ધિસૂરીશ્વરજી મ.સા.** અનેક ગ્રંથોનું સર્જન, સંપાદન કરેલ છે. પૂજ્યશ્રી ભવોભવના પાથેય સમાન, પુષ્પોની પરાગ સમાન નૂતન શ્લોકોની પ્રતિદિન રચના કરતા હતા. તેમાંથી પ્રશ્નોત્તરાત્મક ગાંભીર્યયુક્ત શ્લોકોનું ચયન કરી પ્રતિભા સંપન્ન પૂજ્ય ગુરુદેવ **રાજયશસૂરીશ્વરજી મ.સા.** તેના ઉપર વિશદ વિવરણ લખ્યું તે ગ્રંથ એટલે **'લબ્ધિપ્રકાશ'**.

અનેક ભવ્યાત્માઓના જીવનને પ્રકાશિત કરનાર આ ગ્રંથ સર્જનને ૪૭-૪૭ વર્ષ વીતી ગયા. આ ઉક્તિને ચરિતાર્થ કરવા પૂ. ગુરુદેવની આજ્ઞા અને ભાવનાથી ગુરુસમર્પિતા, ઉત્સાહી, બાલદીક્ષિતા વિદૂષી સાધ્વીવર્યા **મોક્ષયશાશ્રીજી**એ આ ગ્રંથની દ્વિતીય આવૃત્તિ પ્રકાશિત કરવા સુયોગ્ય પ્રયત્ન કર્યો. જેથી આજે આપણા હાથમાં નૂતન આવૃત્તિરૂપે આ ગ્રંથ આવી રહ્યો છે.

પૂ. માતૃહૃદયા ગુરુવર્યા શ્રી **સર્વોદયાશ્રીજી મ.સા.** વિદૂષી એકાદશાંગપાઠી સાધ્વીવર્યા પૂજ્ય **રત્નચૂલાશ્રીજી મ.સા.**, મધુરભાષી સા. પૂજ્ય **શુભોદયાશ્રીજી મ.સા.**ની દિવ્યકૃપા તથા વર્તમાન ગણનાયિકા શાસન પ્રભાવિકા પૂ. **વાચંયમાશ્રીજી મ.સા. (પૂ.બેન મ.)**ની અસીમ કૃપાથી સાધ્વીશ્રી **મોક્ષયશાશ્રીજી** સ્વના સર્વ મનોરથોને શીઘ્ર સફળ કરે. આ ગ્રંથના પ્રકાશન દ્વારા સ્વપર જીવનમાં સાધુતાનો પ્રકાશ પાથરે.

પ્રાંતે પ્રત્યેક આરાધનામાં લક્ષ્ય અર્જુન જેવું અને ધ્યાન એકલવ્ય જેવું રાખી ગુરુ બહુમાન દ્વારા શીઘ્ર મોક્ષ રાજધાનીને પ્રાપ્ત કરે તેજ આંતરિક ભાવના.

અધિક જેઠ-૧૦, ઈ.સ. ૨૦૧૮ **શીતાંશુયશાશ્રીજી**

અનાયાસે લાભ મળી ગયો...

પૂજ્ય ગુરુદેવની આજ્ઞાથી શાંતિના ધામ સમાન નૈક જીવોના આસ્થા કેન્દ્ર વિક્રમતીર્થમાં સ્થિરતા હતી. અધ્યયન-અધ્યાપન વાંચનને યોગ્ય સમય મળ્યો.

(લબ્ધિપ્રકાશ ગ્રંથ) દૃષ્ટિગોચર થયો, વાંચન શરું થયું, પાને-પાને મોતી ઝરે તેમ વાંચતા-વાંચતા આનંદની અભિવૃદ્ધિ થતી ગઈ.

શબ્દોનું લાલિત્ય, ગુઢ રહસ્યાર્થ, લેખનની મનોહરતાએ આકર્ષણ વધ્યું. પરમ હિતચિંતક વાત્સલ્યનિધિ પૂજ્ય ગુરુદેવ **રાજયશસૂરિ મ.સા.** સાથે સહજ વાત થઈ. પુનઃ પ્રકાશનની આજ્ઞા સાથે પ્રકાશિત કરાવવાનો અનાયાસે લાભ મળી ગયો.

પૂજ્ય ગુરુદેવ **રાજયશસૂરિ મ.સા.**ની પરમકૃપા, સંયમૈકલક્ષી માતૃ હૃદયા ગુરુવર્યા **સર્વોદયાશ્રીજી મ.સા.**, પૂજ્ય **રત્નચૂલાશ્રીજી મ.સા.**, પૂજ્ય **શુભોદયાશ્રીજી મ.સા.**ની દિવ્યકૃપા તથા **વાચંયમાશ્રીજી મ.સા.** અને ગુરુમૈયા **શીતાંશુયશાશ્રીજી મ.સા.**ના શુભ સહકારથી **'લબ્ધિપ્રકાશ'** ગ્રંથ પ્રકાશિત કરવાનો લાભ પ્રાપ્ત થયો.

તૃતીય આવૃત્તિ અવસરે

રાગ-દ્વેષના દાવાનલને શાંત કરવામાં સક્ષમ એવા આ **"લબ્ધિ-પ્રકાશ"** ગ્રંથની દ્વિતીય આવૃત્તિ "૪૭" વર્ષે પ્રકાશિત થઈ... ભાવિકોની વિશેષ માંગને કારણે '૧૦૦૦' કોપી પૂર્ણ થઈ જતાં તૃતીય આવૃત્તિ છપાવવાનો પ્રસંગ માત્ર '૭' વર્ષે આવી ગયો.

ગીતાર્થ ગચ્છાધિપતિ પૂજ્ય ગુરુદેવ રાજયશસૂરીશ્વરજી મહારાજના જન્મના '૮૦' વર્ષનાં પ્રારંભ નિમિત્તે પૂજ્ય ઉપાધ્યાય વિશ્રુતયશવિજયજી મહારાજની પ્રેરણાથી અમેરિકા નિવાસી ગુરુભક્ત શાસનભક્ત લાભ લઈ ધન્ય બન્યા છે.

તૃતીય આવૃત્તિ અવસરે સંપૂર્ણ પ્રુફ સંશોધન કાર્યમાં પૂ. ઉપાધ્યાય મહારાજનો સહયોગ ખૂબ ખૂબ અનુમોદનીય છે.

લી. ચરણસેવિકા સા.મોક્ષયશાશ્રીજી

પ્રકાશકના બે બોલ...

શ્રી લબ્ધિવિક્રમ સંસ્કૃતિ કેન્દ્ર ઉપર પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવ રાજયશસૂરીશ્વરજી મ.સા.ની કૃપા છે. અવસરે-અવસરે લોકભોગ્ય પુસ્તકોનું પ્રકાશન આ ટ્રસ્ટ દ્વારા થાય છે. પૂજ્ય ગુરુદેવની આજ્ઞાથી આ વર્ષે માતૃહૃદયા સાધ્વીશ્રી પૂજ્ય સર્વોદયાશ્રીજી મ.સા.ની શિષ્યા સાધ્વી શ્રી શીતાંશુયશાશ્રીજી તથા સાધ્વીશ્રી મોક્ષયશાશ્રીજીએ ચાતુર્માસ તથા શેષકાળમાં સ્થિરતા કરી, જેથી સંઘમાં વિશેષ જાગૃતિ આવી.

અત્રે સ્થિરતા દરમ્યાન તેમના દ્વારા પૂ.ગુરુદેવની આજ્ઞાથી પૂ. દાદા ગુરુદેવ **લબ્ધિસૂરીશ્વરજી મ.સા.** રચિત તથા પૂ.ગુરુદેવ દ્વારા વિવરણ કરાયેલ **'લબ્ધિ પ્રકાશ'** ગ્રંથનું પુનઃ પ્રકાશનનું આયોજન કરાયું છે. ખરેખર તો આ એક અમૂલ્ય ગ્રંથ છે. ગ્રંથના પ્રત્યેક અક્ષર, પદ, વાક્ય, પ્રકરણ આત્મામાં એક નવી ચેતના પ્રગટાવે છે. આ ગ્રંથના વાંચન દ્વારા ભવ્યાત્માઓ શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ કરે તેવી અંતઃ કરણની ભાવના.

એકાદશાંગપાઠી પૂ.સા.વર્યા **રત્નચૂલાશ્રીજી મ.સા.** તથા મધુરભાષી પૂ.સા. વર્યા **શુભોદયાશ્રીજી મ.સા.**ની અમારા ઉપર દિવ્યકૃપા વરસી રહી છે. પૂ. શાસનપ્રભાવિકા સા.વર્યા. **વાચંયમાશ્રીજી મ.સા.(બેન મ.સા.)**, ટ્રસ્ટની ઉન્નતિ માટે નિરંતર માર્ગદર્શન કરી રહ્યા છે. સર્વે પૂજ્યોના ચરણમાં નત મસ્તકે વંદના...

પૂજ્ય ઉપા. શ્રી વિશ્રુતયશ મ.સા.ની પ્રેરણાથી આ પુસ્તકના સંપૂર્ણ લાભાર્થી ગુરુભક્ત ન્યુજર્સી, અમેરીકા. શ્રુતપ્રેમી પરમ ગુરુભકતની અમે ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ. તેઓ ગુરુકૃપાથી લાભ લઈ ધન્ય બને. સુકૃતનાં નિરંતર સાથી રહે.

પુસ્તકને સારી રીતે પ્રિન્ટ કરી, સુશોભનરૂપે પુસ્તક તૈયાર કરનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સના શ્રી નીતિન શાહ-જય જિનેન્દ્ર ખરેખર ધન્યવાદને પાત્ર છે.

આ પુસ્તકના વાંચન દ્વારા સમ્યગ્દર્શન નિર્મળ કરી ભવ્યાત્માઓ આત્માથી પરમાત્મા બને એ જ શુભ ભાવના...

લી. લબ્ધિ વિક્રમ સંસ્કૃતિ કેન્દ્ર - ટ્રસ્ટીગણ

T/7 શાંતિનગર, 'લબ્ધિકૃપા' ફ્લેટ, અમદાવાદ-380013.
સંપર્ક : દિનેશભાઈ નટવરલાલ. (M) 81412 81415

અનુક્રમણિકા

INDEX

પ્રકરણ : ૧

को योगः ? चेतसो रोधः,
कस्त्यागो ? गुणलीनता ।
को बंधः ? स्वजनस्नेहः,
का मुक्तिः ? रागवर्जनम् ॥१॥

(૧)

को योगः ? चेतसो रोधः,

યોગ કોને કહેવાય ? મનની દુષ્ટવૃત્તિનો રોધ !

પ્રચાર ઘણી વખત નિઃસારતા તરફ લઈ જનારો હોય છે, પ્રચાર વધતાં મૌલિક સારતાનો નાશ થતો જોવામાં આવે છે એક વખતનું આત્મસંશોધન આજે છાપા, રેડિયો, ટેલીવિઝન દ્વારા પ્રચાર પામ્યું.

પણ... તે બધો પ્રચાર ચૈતન્ય વિનાના દેહ જેવો છે.

'યોગ' શબ્દની જાણકારી આજે ભારતમાં નહીં પણ દેશ-વિદેશમાં થવા માંડી છે, પણ...

'યોગ' શબ્દનો સાચો અર્થ કે ભાવ જાણનારાઓ ખૂબ જૂજ જ જોવામાં આવે છે.

'યોગ એટલે જોડાણ'

આ સીધા ને સાદા અર્થને યોગ દર્શનકાર પાતંજલિના જમાનાથી અત્યાર સુધી બહુ ઓછા સમજી શક્યા છે.

શું પદ્માસન કરીને એક પગની જોડે બીજા પગને જોડી દેવા તે જોડાણ?

કે સામે મૂકેલી આકૃતિ પર દૃષ્ટિને એકીટશે ટેકવી રાખવી તે જોડાણ?

ના... ના... ના... આ બધા યોગ નથી.

પણ, સૂક્ષ્મરીતે તપાસતાં મનના રોગ જ છે.

આત્માની સુષુપ્ત આવરિત શક્તિઓ સાથે સંધાણ-જોડાણ થવું તેનું નામ યોગ.

કોઈ મહર્ષિએ જણાવ્યું કે, 'मोक्षेण योजनाद् योगः'

આ જોડાણ એ જ વાસ્તવિક યોગ છે.

આત્માને સૌથી વધુ પ્રભાવિત કરી શકે તેમ હોય તો મન છે.

આ કારણથી જ કેટલાક મન અને આત્માનો ભેદ પણ સમજી શકતા નથી.

તન, વચન અને મન એ સૌનાં વ્યાપ્ત હોવા છતાં પણ તેનો નિયંતા થઈને જે દૂર રહે છે તે આત્મા છે.

આત્માને જોડ્યા વિના તન, વચન કે મનને જોડવાની વાતો મિથ્યા છે.

જ્યાં આત્મા લાગી જાય છે, ત્યાં મન પણ નિષ્કારણ ખેંચાતું જણાય છે.

યાદ ન કરવાં છતાંય તે જ વાતો વારંવાર મુખમાંથી નીકળવા માંડે છે, તન-મન ભાન ભૂલીને એકાત્મતા અનુભવે છે.

ભારતીય વીતરાગ અને સર્વજ્ઞ મહર્ષિએ ડાળનો નાશ કરવા માટે હંમેશા મૂળનો નાશ કરવાનો માર્ગ દર્શાવ્યો છે.

તેથી યોગી કહેવાતી સજાગ વ્યક્તિને આત્માભિમુખ બનવું જ અનિવાર્ય છે.

વધુ રમણીય શબ્દોમાં રજૂઆત કરવી હોય તો કહેવું પડશે કે,

'ખુદનું ખુદમાં મિલન તેનું નામ યોગ...!'

પણ, બુદ્ધિમાનનું મગજયંત્ર પૂછવા ચાહે છે કે, ખુદને તો ખુદની સાથે જોડવાનું કેવી રીતે હોય ?

મિલન તો બેયનું હોય !

એક એટલે તો વિરહ ?

ઉભય વિના મિલન કેવી રીતે હોય ?

આ જ અપૂર્વતાને પહોંચવા માટે જવાબ અપાયો છે.

યોગ - મિલન

મિલન - માનસિક વૃત્તિઓનો વિરહ

મિલનના પ્રશ્નના ઉત્તરમાં વિરહનો જવાબ મળે એટલે તો ઔર મુશ્કેલી ઊભી થાય.

પણ, એક સનાતન સત્યનો ખ્યાલ કરજો.

વિરહ વિના મિલન હોય નહીં,
હોઈ શકે તોય, પરિચય જ હોય,
પરિચયની ગાઢતા વિરહ જન્માવે,
વિરહની વેદના મિલનનો રંગ જમાવે.

યોગનો પ્રશ્ન સાચો ત્યારે પૂછાયો કહેવાય કે, આત્માને આત્મ-મિલનની પિપાસા જાગૃત થઈ હોય !

પણ, આત્મમિલનની પિપાસા જાગૃત થતાં એક વિરોધનો વંટોળ ફેલાવા માંડે છે.

જેમ અણમાનીતી ચીજ મળવા જવાની ઈચ્છા થતાં પહેલાં મનની અનુજ્ઞા જોઈએ.

અનુજ્ઞા ન મળે તો આખરે વિરોધ કરવો પડે અને બળવો પણ પોકારવો પડે !

આત્મા

'મારા' અને 'તારા'ની,

'ઈષ્ટ' અને 'અનિષ્ટ'ની

'સુંદર' અને 'બેડોળ'ની

'વ્હાલા' ને 'અળખામણા'ની

'પ્રિય' અને 'અપ્રિય'ની

'મનોહર' અને 'અમનોહર'ની ચૂંગાલમાં ફસાયો છે,

તારો આત્મા, ખરેખર દેહ,

સ્વજન, વાસના અને વિષયોમાં જોડાયો છે.

વાસનાના અદૃષ્ટ પાશથી વિશ્વભરના પદાર્થો સાથે જકડાયો છે.

આશાના અમિત તાંતણે ભવિષ્યની જાળમાં ફસાયો છે.

પદાર્થથી પેદા થતી ઈષ્ટ અને અનિષ્ટની કલ્પનાઓમાં સદાય મળેલો છે, યુક્ત છે.

સમસ્ત વિશ્વની સાથે ચિત્તવૃત્તિથી સંકળાયેલા છે આ તેનો સાર્વત્રિક યોગ છે.

તેથી જ જવાબમાં પૂછ્યું છે કે, મનની અંદર આટલા પદાર્થોને શાને એકત્રિત કરી દીધા છે ?

આત્માનું આત્મા સાથે મિલન કરવું હોય તો મલિન ચિત્તવૃત્તિના પડદાને ચીરી નાંખ !

જ્યાં સુધી મલિન ચિત્તવૃત્તિની વાસનાનો પડદો વચ્ચે છે ત્યાં સુધી મિલન સેંકડો કોશ દૂર છે.

એક વખત મલિન ચિત્તવૃત્તિ તરછોડી નાંખ !

પડદો ઉડાડીને એક ક્ષણ આત્મામાં ડોકીયું કર,

પછી,

યોગ, મિલન, જોડાણ સ્વયં થઈ જશે.

ખ્યાલમાં રાખજો,

મનમાં વિચારો અને વિકલ્પો અવિરત ગતિથી ચાલ્યા જ કરે છે.

વિચારો-વિકલ્પોની એક ખાસિયત છે, કે તે ચોંટી ગયા વગર રહેતાં નથી, ગમે ત્યાં ચોંટી જવું...

એકરૂપ થઈ જવું એ તેઓનો સ્વભાવ છે. માટે,

એક વખતે જે મલિન ચિત્તવૃત્તિને વળગ્યા છો, તેને દૂર હડસેલી દો!

તમારૂં મન સ્વયં પરમ આત્મતત્ત્વમાં વિરામ પામશે, મગન થઈ જશે.

સાચો યોગ સ્વયં સિદ્ધ થઈ જશે,

મન તો સ્ફટિક છે.

વાસનારૂપી વસ્તુમાં મૂકશો તો વાસનામય બની જશે, અને

પરમાત્મતત્ત્વમાં મૂકશો તો પરમાત્મમય બની જશે, પણ

વાસનાનો એક કણિયો જ્યાં સુધી લાગેલો રહેશે, ત્યાં સુધી પરમાત્મતત્ત્વ સંપૂર્ણ રીતે કદી નહીં પ્રકાશે અને ત્યાં સુધી યોગ સંપૂર્ણ નહીં જ પાંગરે.

ભગવાનની ભક્તિમાં મન નથી લાગતું એ ફરિયાદ છે, પણ...

તે વખતે મન શામાં લાગે છે તેની તપાસ કરી ?

નવકારવાળી ગણતાં ચિત્ત સ્થિર નથી રહેતું એ વાત તદ્દન ખોટી છે.

નવકારવાળીના પ્રત્યેક મણકાઓ સાધકનાં મનને એકમેક કરવા લાલાયિત હોય છે, પણ તે બિચારૂં ક્યાંય

પુત્ર, મિત્ર, વિત્ત કે કલત્રમાં લાગ્યું હોય છે !

એક વખત તેમાંથી કાઢી નાંખો,

તો પરમેષ્ઠિમાં લાગ્યા વિના રહે નહીં !

ભૂખ રોટલીથી ભાંગે,

આનંદ પુત્ર અને સ્ત્રીથી મળે.

મહત્તા, ધન અને કીર્તિથી મળે.

આ માન્યતા હોય ત્યાં સુધી મન ત્યાંથી છૂટે નહીં, પણ

જરાક માન્યતા બદલો,

ભૂખ, સહનશીલતાથી ભાંગે,

આંનદ, પ્રાણી માત્રનાં સુખની અભિલાષાથી મળે,

મહત્તા, દાન અને ભક્તિથી મળે,

આ સંકલ્પ દૃઢ થાય એટલે યોગ સ્વાભાવિક બને !

એક જ વાત અંતે કહેવાની છે,

તોડતાં શીખો તો, જોડતાં આવડશે !

નાસતાં શીખશો તો, બેસવાનું સ્થાન મળશે !

ભૌતિક વાસનાને કાઢશો તો આત્મિક આનંદ પેદા થશે !

માટે જ યોગ એ માત્ર જોડાણ નથી પણ તોડાણ છે.

વાસનાનું તોડાણ થશે એટલે ચૈતન્યનું જોડાણ આપ મેળે થઈ જશે..!

(૨)

कस्त्यागो ? गुणलीनता !!

ત્યાગ કોને કહેવાય ? ગુણલીનતાને !!

ત્યાગનું નામ આવતાં તપોવનનો, દુર્બલ દેહનો, હંમેશના જર્જરિત વસ્ત્રનો, ફૂટી-તૂટી કુટિરનો ખ્યાલ મગજ પર પ્રભુત્વ જમાવી દે છે.

પણ, ત્યાગ એટલી સ્થૂલ પ્રક્રિયા નથી !

ભૂખના દર્દને સહન કરવા માત્રથી સાધુતા પેદા થઈ જતી હોય તો માનવ કરતાં પશુઓનો ત્યાગ ઘણો ઊંચો હોત...

ફાટ્યા-તૂટ્યા વસ્ત્રોથી ત્યાગ આવી જતો હોત તો રસ્તાપરના ભિખારીઓ જ સાચા ત્યાગી કહેવાત.

ઘર છોડીને જંગલમાં વિહરણ કરવાથી ત્યાગ આવી જતો હોત તો વનના મૃગલા જેવું બીજું ત્યાગી કોણ હોત ?

દુર્બલદેહ માત્રથી ત્યાગ થઈ જતો હોત તો જગતમાં ભૂખમરા જેવુ અનન્ય ત્યાગસત્ર બીજું કોઈ ન હોત.

પણ, કદાચ કંઈ હોય તો પણ ત્યાગરૂપી સૂર્યની એ અરૂણિમાંથી પણ દૂર દૂરની એક પ્રભા છે, જેમાં ત્યાગ હોવો સંભવિત છે, પણ તે સંપૂર્ણ કે સાંગોપાંગ ત્યાગ નથી.

ત્યારે ત્યાગ શું છે ?

“ગુણલીનતા”

દેહનું તપ વડે શોષણ કરવું,

હાથથી કેશનું લુંચન કરી નાંખવું.

અનિમેષ નયને અને સ્થિર કાયાએ એક સ્થાન પર બેસી રહેવુ...

શરીરને ચકલાના માળાનું સ્થાન બનાવી દેવું.

માત્ર આ બધો જ ત્યાગ નથી.

બાહુબલી પ્રવ્રજિત થયા, રાજ્ય છોડી જંગલમાં ગયા.

યુદ્ધના મેદાનમાં ભાઈને મારવા માટે ઉગામેલી મુઠ્ઠીથી કઠોર રીતે પોતાના જ લાંબા કાળા કેશ ઉખાડી નાંખ્યા.

પણ, એક વિચાર આવ્યો કે, નાના-લઘુબંધુઓ પ્રવ્રજિત થઈ ચૂક્યા છે, તેમને વંદન કેવી રીતે થાય ?

આ એક વિચારે ત્રીજો રસ્તો દેખાડ્યો,

ધ્યાન ધરૂં... કેવળજ્ઞાન આવીને ઊભું રહેશે,

વંદ્ય અને વંદકના ભેદ ચાલ્યા જશે,

વંદન કરવાનું કોઈને રહેશે નહીં,

કાયાને વૃક્ષ કરતાં પણ નિશ્ચલ બનાવી દીધી,

થડ ઊભું છે કે ચેતનામય શરીર છે કોઈ પારખી ન શક્યું !

ત્યાગના ઘણાં ઘણાં અંગો આવ્યા.

પણ, ત્યાગ ન આવ્યો તે ન જ આવ્યો !

આખરે બેનના બોલે ભાઈનું દિલ અને દિમાગ કંપી ઊઠ્યા.

વીરા ! મોરા જગ થકી હેઠા ઉતરો !

અભિમાનનો ગજ નીચે ઉતરવા દેતો નહોતો.

કેવળજ્ઞાન એક ડગલું જ દૂર ઊભું હતું, તે કહેતું હતું,

વ્હાલા બાહુબલી !

એક ડગલું,

એક પગલું આગળ આવ...

નજીક આવ...

જલ્દી આવ...

હું તને મળવા આતુર છું...

ચાલ, ચાલ, ચાલ...

આપણે બંને મળી જઈએ...

બાહુબલીએ જોયું કે, 'ત્યાગ' ગુણની સાથે એકાકાર થવામાં છે, ગુણમાં લીન થવામાં છે.

ગુણની સાથે એકીકરણ કરવું હશે તો ગુણીને વંદન કરવું પડશે !

ગુણીને વંદન કરવું પડશે તેનો રંજ ન હોય, ત્યારે જ ત્યાગ આવે.

જ્યાં સુધી ગુણ કે ગુણી માટે અમાપ પ્રેમ ન જાગે ત્યાં સુધી ત્યાગ આવે ક્યાંથી ?

ગુણનો પ્રેમ એજ સાચો ત્યાગ !

બહુબલીજી બીજી જ ક્ષણે ત્યાગના ચરણમાં ઝૂકવા ચાલ્યા.

કહો કે, ડગલું દૂર ઊભું રહેલું કેવળજ્ઞાન એક વર્ષ રાહ જોઈને એટલું થાકી ગયું હતું કે, એક બીજું ડગલું મૂકતાં પહેલાં આત્માના પ્રદેશમાં જઈને એકમેક થઈ ગયું.

ગુણીના શરણની અનન્ય પિપાસા એ જ ત્યાગ ! માસક્ષપણના નહીં પણ નવકારશી જેટલા પણ તપની શુદ્ધ અનુમોદના, અનન્ય ઉપાસના એ જ ત્યાગ !

લીનતા રાગનું પરમ પ્રગટ રૂપ છે !

ગુણલીનતા એટલે અવિહડ ગુણાનુરાગ

આવો ગુણાનુરાગી કદીય ત્યાગી ન હોય તેવું બને નહીં.

ગુણાનુરાગી જ સાચો ત્યાગી બની શકે છે.

રાગ વિના લીનતા ન હોય અને લીનતા વિના એકાત્મતા ન થાય.

કેવળજ્ઞાનને ઝંખતો ગુણનો અનન્યરાગી હોવો જોઈએ.

કેવળજ્ઞાનનો અનન્ય રાગ પ્રગટે એટલે આત્મપ્રદેશમાં આવરિત થયેલું કેવળજ્ઞાન જાગૃત થયા વિના રહે નહીં, અજ્ઞાનનો અંધકાર દૂર ન જાય તેમ કદી બને નહીં.

''गुणी च गुणरागी च सरलो विरलो जनः''

તપસ્વી, સહનશીલ, હસતે મુખે કેશ ઉખાડનાર મળશે,

પણ, ગુણરાગી મળવો મુશ્કેલ છે.

જે આત્મામાં ગુણની વાત સાંભળતાં,

ગુણની ગંધ પણ આવી જતાં,

અંગે અંગમાં એક અચિંત્ય

ઝણઝણાટી પેદા થાય છે, તેનામાં ગુણરાગ, ગુણલીનતા,

ગુણીઓની ઉપાસના માટે અનન્ય લીનતા પેદા થાય છે.

એક ઉલ્કાપાતનો ધડાકો જેમ હૃદયને હચમચાવી દે છે, તેમ ગુણાનુરાગીને દોષની વાત આવતાં ગડમથલ થઈ જાય છે.

દોષની સામે નજર કરતાં પહેલાં તેની આંખોના પોપચાં બળાત્કારે પણ મીંચાઈ જાય.

ગુણાનુરાગી માટે દોષિત વ્યક્તિઓ દુનિયામાં શોધી પણ જડે તેમ નથી હોતી.

ગુણલીનને પૂછવામાં આવે કે, દુનિયામાં કોનું અસ્તિત્વ નથી ?

'દૂષિત વ્યક્તિઓનું'

આ જ તેનો જવાબ છે.

કોઈનામાંથી કોઈને કોઈ ગુણ ન મળે તો ગુણાનુરાગીમાં ગુણલીનતા આવી શકે નહીં.

મુગ્ધ હૃદય પછાડ નાંખી નાંખીને એક પ્રશ્ન પૂછી ઊઠે છે કે, શું દોષીઓમાંથી પણ ગુણો શોધવા ?

અવશ્ય... અવશ્ય... અવશ્ય...

દોષિતમાંથી ગુણો શોધવા એ બોલતાં પહેલાં જ કોઈ પણ વ્યક્તિને દોષિત જાહેર કરવી પડે છે.

કઈ પરીક્ષાથી દોષિત છે, કઈ દૃષ્ટિથી દોષિત છે,

કયા જ્ઞાનના બળે દોષિત કરવા ચાહે છે ?

હજારો ગુણીઓ અને ગુણો હોવા છતાં પણ દોષની ગંધ આવે તો કહેવું જ પડશે કે પોતે જ દોષના અશુચિસ્થાનમાં અવશ્ય બિરાજમાન છે.

અશુચિના સ્થાન વિના દુર્ગંધની ગંધ આવે પણ ક્યાંથી ?

ગુણાનુરાગી ગુણમાં લીન થવા ઈચ્છનાર ત્યાં ઊભો પણ ન રહે,

એ તો એમ જ કહે કે,
મારો પ્રેમ છે ગુણ જોડે,
ગુણી આત્માઓ જોડે,
કેવલજ્ઞાન સાથે,
વીતરાગીતા સાથે,
સંયમ સાથે,
સંયમીઓ સાથે,
આરાધના સાથે,
આરાધકોની સાથે,
તેમના ગુણો એટલા ભવ્ય છે,
માટે જ તે ગુણીઓ સંખ્યાતીત છે કે, જો હું એક ક્ષણ,
એક વાર,
દોષ કે,
દોષિતનું નામ લઉં તો,
પણ જીવનની એક અમૂલ્ય ક્ષણ ગુમાઈ જાય !
જેમાં ગુણ કે ગુણીની ઉપાસના દૂર થઈ ગઈ હોય,
આવો અવિહડ ગુણાનુરાગ,
લગ્નની ચોરીમાં,
અરીસા ભુવનમાં કે,
સાધુના થૂંકથી મલિન
બનેલી રોટલી આરોગતાં ગમે ત્યાં કેવળજ્ઞાનને આવવાની ફરજ પડે છે.

તપના આચરણને જ ત્યાગ સમજી બેસશો તો થોડો તપ આદર્યા પછી અટકી જવું પડશે,

મેં કર્યું તેવું કોણે કર્યું હશે, એવો અહં પ્રગટે

અને થોડાથી તૃપ્ત થતાં ગુણોના બદલે દોષના જાળાં આત્માને ધૂંધળો બનાવી નાંખે,

પણ, તપનો અવિહડ પ્રેમ,

ભોજનની સાથે નહીં,

પણ, ભોજન કરવાની વૃત્તિ માત્ર સાથે વિરોધ કરે,

નાના કે મોટા,

ગાંડા કે ડાહ્યા,

સઘળા તપસ્વી માટે અનુપમ પ્રેમ પ્રગટાવે,

આહારસંજ્ઞા તિરસ્કૃત થાય,

અણહારદશા વણબોલાવી ઘરની સાંકળ ખખડાવે,

ગુણલીનતા એટલે દોષનો સંપૂર્ણ ત્યાગ.

ત્યાગ ન થાય તો પણ ત્યાગની લાલસા અને

દોષનો તિરસ્કાર,

ગુણલીનતા એટલે ગુણીઓનું અનુપમ બહુમાન

ગુણલીનતા એટલે ગુણવિહીન - ગુણવિરોધી દોષીઓ માટે અંતઃકરણની અત્યંત કરૂણા !

માટે જ, ત્યાગની વ્યાખ્યા ગુણલીનતાથી ભવ્યાતિભવ્ય કોઈ હોઈ શકે જ નહીં !

(૩)

को बन्धः ? स्वजन स्नेहः !

બંધ કોને કહેવાય ? સ્વજનના સ્નેહને !

બંધ એટલે તંગ દશા...

બંધ એટલે એક અસહ્ય તનાવની દશા...

'બંધ' શબ્દ સાંભળતાં જ કંઈક ગૂંગળામણની, કંઈક પરાધીનતાની દશાનો ખ્યાલ આવે છે.

'બંધ' શબ્દ સાંભળતાં કોઈ વધુ બળવત્તર સત્તા આંખની સામે નૃત્ય કરવા માંડે છે.

દુઃખની એક ઘેરી લાગણી ઉપસી આવે છે,

વધુ નહીં તો 'બંધ' શબ્દ અણગમો કે દુઃખનો પર્યાય વિશેષ તો માની જ લઈએ છીએ.

અહીં પણ જરાક ચોંકવું પડે છે.

ચોરના હાથમાં બેડીનો બંધ આવે છે ત્યારે કાયા વિવશ બની જાય છે.

પોપટને જોતાં જ સ્વતંત્રતાને છીનવી લે તેવા પાંજરાના બંધનો ખ્યાલ આવે છે.

પણ, સૂરીશ્વરજી અહીં એક મૌલિક વેધ કરવા તત્પર થયા છે.

બંધન તો છે, એકમાત્ર સ્વજન સ્નેહ !

બંધની કલ્પના દુઃખનો ચિતાર લાગે છે, અને

સ્નેહ શબ્દ બોલતાં એક મધુર મોજ યાદ આવી જાય છે.

પ્રશ્નના જવાબનો તાગ પામવો મુશ્કેલ લાગે છે,

પણ, ભલા માનવ !

મુઢતાનો ત્યાગ કર,

અનુભવને જરાક વળાંક આપ,

કંઈક આછું પણ પૃથક્કરણ કર !

જેલમાં રહેલો કેદી બે વખત નિરાંતે ભોજન મેળવવાના આનંદમાં આવી સૂઈ જાય છે...

જ્યારે મહેલમાં રહેલો પ્રેમી પ્રેયસીની યાદમાં આંસુની સરિતા વહાવી રહ્યો છે...

જેલના સળિયા કરતાં સ્વજનની યાદ ક્રૂર લાગે છે.

જેલરની દયા થાય તો કદાચ બે મિનિટ પણ છૂટકારો મળે.

પણ, ખુદ જ જેલમાં ફસાયેલો કોને તોડવા બોલાવે ?

પ્રિયવર્ગની એક યાદ માનવ જેવા માનવને પણ પશુ કરતાં વધુ નિરાધાર રીતે આંસુ પડાવે છે એ કોનો પ્રભાવ છે ?

સ્વજનના સ્નેહનો !

સ્વજનના સ્નેહરૂપ બંધ પાંસળીઓથી પેદા થયો હોય તેમ લાગે છે !

નહીં તો પાંસળી ઊંચી કરી કરીને રૂદન આ બંધમાં માનવ કેમ કરે ?

સ્નેહબંધના તાંતણાઓ મનોહર કલ્પનાથી મુલાયમ હોય છે.

એની ઘેરી કુમાશ માનવીને ભ્રમમાં મૂકી દે છે.

જ્યાં સુધી હૃદયની ચારે બાજુ આ તાંતણાઓ વીંટળાઈ જાય છે, ત્યાં સુધી તેને ખ્યાલ પણ આવતો નથી કે આ બંધ થઈ ગયો.

આજ તંતુઓ એક દિવસ હૃદયની અનેકાનેક વિરહની વેદનામાં પરિણમે છે.

ને, સંતાપના અગ્નિને જાજવલ્યમાન રીતે સળગાવે છે.

એ મુલાયમ તાંતણા કેન્સરના જીવાણું કરતાં પણ વધુ ઝડપે હૃદયને કોરી ખાય છે.

દોરડાથી પેટ બાંધતાં દુઃખ થાય છે,

અને ઉકેલી કાઢતાં એક પ્રકારના છૂટકારાનો આનંદ થાય છે.

પણ, સ્નેહતંતુ બાંધતા મૂઢ પ્રાણી આનંદ અનુભવે છે.

શું તેમાંય ભય અને અવિશ્વાસના દુઃખો નથી હોતાં ?

હોવા છતાં, લાગતા નથી - જણાતા નથી.

પણ તે તાંતણાનો અંતિમ અંજામ જોવાની એની પાસે ક્યાં શક્તિ છે ?

એ જ તાંતણાઓ એક દિવસ તેના હૃદયમાં એક આતશ પ્રગટાવે છે.

મુખ પર શ્યામવર્ણી કાળી છાયા એ જ ફેલાવે છે...

અને... સાતેય ધાતુને આજ સ્નેહબંધ નીચોવે છે,

નિશ્ચેતન લક્ષ્મણનું શબ લઈને રામને છ મહિના ગામે ગામ કોણે ભટકાવ્યા ?

મનથી પણ પવિત્ર પવન પ્રિયા અંજનાના મુખ પર બાવીશ-બાવીશ વર્ષ સુધી આંસુની ધાર ક્યા બંધને નીતરાવી ?

એક હજાર વર્ષના લાંબા કાળ સુધી મરૂદેવી માતાના નયનો કોણે ભીનાં રાખ્યાં ?

માતા-પિતા, પુત્ર-પુત્રી, પતિ-પત્ની,

સ્વજન, સ્નેહી બધા જ બંધનો, આ બંધનોની પાસે જગતના શહેરીઓ અને ગામડીઆઓ,

ચિંતકો અને મૂર્ખાઓ બધા જ નબળા પડે છે.

એક વિચારકે કહ્યું છે કે, મિત્ર અને દુશ્મનનો તફાવત નજીવો છે.

દુશ્મન પ્રથમ દુઃખ આપીને સુખ આપે છે,

મિત્ર પ્રથમ સુખ આપીને પછી દુઃખ આપે છે.

દુશ્મનનાં દુઃખો જલદી ભૂલાય છે, મિત્રના દુઃખો સ્વજનોનાં દુઃખો ક્ષણે-ક્ષણે મનને ડંખ દીધા કરે છે.

બંધની આ ભયંકરતા જોયા પછી, વિચાર્યા પછી કોણ સહૃદયી એવો હશે કે જે સ્વજન સ્નેહથી પણ વધુ કોઈ બંધ હશે તેમ કહી શકે..?

જ્યાં મારૂં માનવાની કલ્પના થઈ ત્યાં દુઃખ લેવાની તૈયારી રાખવી જ ઘટે !

રાખવી જ પડે !!

(૪)

का मुक्तिः ? रागवर्जनम् ॥४॥

મુક્તિ કઈ ? રાગનું વર્જન

પર શાસનનો નાશ અને સ્વ શાસનનો ઉદય તેનું નામ મુક્તિ !

બંધનના રૂપમાં આવેલી પરસત્તાના ટુકડે ટુકડા કરી સ્વ ને સ્વમાં મૂકી દેવો તેનું નામ છે મુક્તિ, પણ આવી મુક્તિની પ્રાપ્તિ માટે બે મુખ્ય શરત છે...

સ્વનું જ્ઞાન,

સ્વ શક્તિનું તાન,

પરનું જ્ઞાન,

પરના સામર્થ્યનું ભાન,

જ્યાં સુધી સ્વનું જ્ઞાન ન થાય અને સ્વ શક્તિનું તાન પ્રગટે નહીં ત્યાં સુધી પરને ફગાવી દઈને મુક્તિ મળે નહીં.

ભૌતિક વિકાસના જમાનામાં પરનું - જડનું જ્ઞાન ખૂબ ફાલ્યું-ફૂલ્યું છે. ભૌતિક આવિષ્કારોએ સ્વને - આત્માને આંજી નાંખ્યો છે અને આજે આત્મ શક્તિને વામન સિદ્ધ કરવાના નિરર્થક પ્રયાસો ખેડાઈ રહ્યા છે.

ભૌતિક વિજ્ઞાનના એક નાનાશા પરમાણુના વિભાજનથી અનંત શક્તિનો સ્વામી આત્મા મુગ્ધ બની ગયો છે, રોકેટનું ઉડ્ડયન નિહાળીને પોતાના પરનો વિશ્વાસ ગુમાવી દીધો છે.

વણથંભ્યા ભૌતિક અવિષ્કારો જેમ જેમ વધશે તેમ તેમ જડયંત્ર એટલે કે પરસત્તા, ચેતનયંત્ર એટલે કે આત્મસત્તા પર તે વધુને વધુ પ્રભુત્વ જમાવશે.

આવા ભૌતિક વિકાસના પરિણામે માનવીની મુક્તિની પરિભાષા પણ બદલાઈ ગઈ છે.

'મોટર' શોધીને માનવે વિહરણની સ્વચ્છંદતાનો કહેવાતો આનંદ અનુભવ્યો...

'વીજળીનો દીવો' શોધીને અંધકારમાંથી મુક્તિ માનવાનો ભ્રમ સેવ્યો !

પ્રત્યેક દિશામાં યંત્રોને કાર્ય કરતાં કરી દઈ તે પ્રકૃતિમાં સ્વતંત્રતાનો ગર્વ ગાઢો કરવા લાગ્યો, પણ બહારનું શોધતાં અંદરનું ભૂલી ગયો, તેનો કદી તેણે વિચાર જ ન કર્યો.

સારાય વિશ્વનો દૃષ્ટા અને સૃષ્ટા પોતે જ છે તેનો ખ્યાલ તેણે કદી ન કર્યો.

અણુનું વિભાજન કરીને સર્જન કે સંહાર લીલા ઉત્પન્ન કરી શકનાર માનવે એ પણ ન વિચાર્યું કે, જે સૂક્ષ્મના વિચારના બળે તેં અણુનું વિભાજન કરવાની શક્તિ પેદા કરી છે તે મનમાં શું કશીય તાકાત નથી? કોમ્પ્યૂટર જેવા મહાન યંત્રની શોધ પણ એક આત્મામાંથી પેદા થયેલા વિચારની જ પેદાશ છે, તો વિચારશક્તિથી પણ પર એવા આત્મામાં શું કોઈ પ્રચંડ તાકાત નહીં હોય ?

જડપદાર્થોમાં રહેલા પણ તારા ચૈતન્યશક્તિના પ્રવાહો પણ જો અવનવું પેદા કરવા શક્તિમાન છે, તો સ્વતંત્ર ચૈતન્ય પ્રવાહ શું સાવ નમાલો છે ?

કદી નહીં ! વિજ્ઞાન ગમે તેટલું વધશે પણ તેના ચમત્કારો તો માત્ર અપંગ જડશક્તિના હાથમાં સર્વસ્વરૂપે રહેલી ચૈતન્ય શક્તિના જ પરિણામો હશે અને તેથી જ જડસત્તા ચૈતન્ય શક્તિને કદી ઓળંગી નહીં શકે !

પણ ચેતનની આવી મૌલિક શક્તિ હોવા છતાં કેમ નથી અનુભવાતી ? કયા બંધને આ શક્તિને બાંધી લીધી છે ? આ શક્તિની મુક્તિ ક્યારે ? એ જ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે.

મુક્તિ કઈ ?

જવાબ પણ અનુપમ છે.

યંત્ર-તંત્ર કે મંત્ર કોઈની પણ તાકાતથી પેદા થયેલી શક્તિ એ મુક્તિ નથી.

મુક્તિ તો સ્વભાવ છે... !

પણ આવરણમાં ફસાયેલી આ શક્તિને મુક્ત બનાવવા માટે જરૂર છે, પરભાવના પરાભવની !

તુચ્છાતિતુચ્છ એવી જડ શક્તિનો નાશ એ જ મુક્તિ છે !

આ તુચ્છ શક્તિ એટલે જ રાગ મોહ કે મમત્વ.

જે ક્ષણે આ શક્તિનું વિસર્જન થશે તે જ ક્ષણે સ્વશક્તિ સર્જાઈ જશે ! મુક્તિ સિદ્ધ થઈ જશે.

માટે જ સૂરિદેવે જવાબમાં જણાવ્યું છે કે, રાગનું વર્જન એ જ મુક્તિ છે...!

રાગ એટલે જ મોહ, મમત્વ, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ, અજ્ઞાન આદિ અનેકાનેક રૂપે અભિવ્યક્ત થતી જડ સત્તા. પ્રાણી માત્ર પર આ જડ સત્તાનું આક્રમણ પ્રતિક્ષણે થયા જ કરે છે. પણ માનવી તેને પર તરીકે પણ ભાગ્યે જ ઓળખી શકે છે, કારણ તે પોતે જ છે. આ દેખાતા વિશ્વથી પર બીજો કોઈ દેખનાર છે.

આ સંભળાતા વિશ્વથી પર બીજો કોઈ સાંભળનાર છે.

સકલ સૃષ્ટિનું સર્જન કરનારથી પણ કોઈ સર્જક જુદો છે, આ ખ્યાલ તેને નથી અને તેથી જ તે જડશક્તિથી ડરી ગયો છે.

એક સિંહણ બચ્ચાને જન્મ આપીને તરત જ મૃત્યુ પામી, ભાગ્યયોગે ત્યાં એક બકરી આવી, તેણે પણ ત્યાં પ્રસૂતિ કરી અને બકરી પણ દયાથી સિંહના બચ્ચાને પાળવા માંડી. બકરીના બચ્ચાના ઝૂંડમાં સિંહણનું બચ્ચું પણ બકરીનું જ બચ્ચું બની ગયું.

પોતાનામાં રહેલી શક્તિનો તેને કદી ખ્યાલ આવ્યો જ નહીં. તેનો અવાજ પણ બકરી જેવો મંદ નીકળવા માંડ્યો. જરા પણ અવાજ પેદા થાય તે પહેલાં જ તે બચ્ચું પણ પલાયન થતાં શીખી ગયું. પણ એક દિવસ તે એકલું ફરવા ગયું. મોટા બોકડાઓ સાથે લડી લેવાનો પ્રસંગ આવ્યો.

અને તેજ ક્ષણે તેણે પોતાની સર્વશક્તિ લગાવીને અવાજ કર્યો. આશ્ચર્યની સાથે બેં બેં અવાજ ન નીકળતા મહાન ત્રાડ નીકળી અને મોટા મોટા બકરાઓ પણ પલાયન થઈ ગયા. તેજ ક્ષણે તેને પોતાની મહત્તાનું ભાન થયું. અને સારાય જંગલમાં વનરાજ બનીને તે વિહરવા લાગ્યું.

જો માનવી પણ એક વખત પોતાની સર્વશક્તિથી ત્રાડ નાંખે તો જડશક્તિના ચૂરેચૂરા થઈ ગયા વિના રહેજ નહીં.

પણ તેવી ત્રાડ નાંખતા પહેલાં આ સ્વજન, સંબંધી મારા છે.

આ ધન-સંપત્તિ અને વૈભવ મારા છે...

આ દેહ મારો છે...

આ બધો ભ્રમ નીકળવો જોઈએ, અને દેહમાં રહેલી અપવિત્રતા,

ધનની ચંચલતા...

સંપત્તિનો નાશ...

વૈભવ-વિલાસમાં છૂપાયેલો વ્યભિચાર પ્રત્યક્ષ થવો જોઈએ.

જડસત્તાની આવી નિરર્થકતા સમજાય એટલે રાગનું વિસર્જન થઈ જ જાય અને રાગનું વિસર્જન થતાં જ પરમાનંદમય મુક્તિ...

સ્વનું સ્વમાં ઉતરાણ પ્રાપ્ત થઈ જશે.

❖ ❖ ❖

પ્રકરણ : ૨

को रोगः ? आधिरस्तीह,
का पीडा ? दुष्टवासना ।
किं दुःखं ? विषयेच्छा,
किं सुखं ? इन्द्रियो जयः ॥२॥

(૧)

को रोगः ? आधिरस्तीह,

રોગ કોને કહેવો ? ચિંતા મનની ખરી... !

મન અને તનનો ગાઢ સંબંધ ખરેખર વિચારવા યોગ્ય છે.

ભ્રાન્તિમાં પડેલા કેટલાય સમજી શકતા નથી કે મન અને તનની વચ્ચે કોઈ સંબંધ છે.

માંદા પડ્યાં ને ડોક્ટરને ત્યાં ચાલી નીકળવું એ આજના સમાજનું એક સામાજિક કર્તવ્ય બની ચૂક્યું છે.

ધનવાનો તો મોટે ભાગે તન અને મન કરતાં ધન પર જીવવાનું ઉચિત માનતા હોય છે.

તે વર્ગમાં ડોક્ટર અને શક્ય હોય તો મોટા ડૉક્ટરને કુટુંબનો ડૉક્ટર બનાવવાની ફેશન ફાટી નીકળી છે.

ધનવાનને ત્યાં ફેમીલી ડૉક્ટર ન હોય તો શરમાવા જેવું લેખાય છે.

અને, માંદા પડીને અનેકાનેક ઑપરેશનો કરાવવા એ એક ગર્વનો વિષય બની ચૂક્યો છે.

કોઈ ધનિકને તમે પોતાના રોગની વાત કરતાં જોશો ત્યારે તે રોગની પાછળ કરેલા ધનવ્યયની વાત જ તેને મન મુખ્ય હોય છે.

સ્વાસ્થ્ય જાળવી રાખવાનો મિથ્યા ગર્વ ટપકતો દેખાશે !

આવા સમયે કોઈ યોગીને...

કોઈ મહર્ષિને...

કોણ પૂછે કે રોગ શું છે ?

તે બનવા જોગ નથી.

પણ, ગમે તેવો શરીરશાસ્ત્રી કદી પણ રોગની વ્યાખ્યા એક શબ્દમાં કરી શકવાનો નથી, તે પણ એટલી જ વાસ્તવિક હકીકત છે.

કદાચ, કોઈ અનુભવી ડોક્ટર એક શાબ્દીય વ્યાખ્યા આપવા જશે તો પણ ખોટો પડવાનો,

કારણ ?

તે તન અને મનનો વાસ્તવિક સંબંધ સમજી શકતો નથી.

કહેવતમાં પણ કહેવાય છે, કે **'સંગ તેવો રંગ'**, એક ઓરડામાં રહેતી બે વ્યક્તિમાં પણ સંગનો રંગ થતો હોય છે.

તો, જે તન અને મન એકમેક થઈ ગયાં છે,

તે છતાં

તે બંનેને કંઈ લેવાદેવા નથી, તે માનવું ખરેખર આશ્ચર્ય નથી લાગતું ?

તનના રોગ મનના રોગમાંથી જન્મે છે, આવું વિધાન કેટલાયને ચોંકાવનારૂં લાગે છે.

કારણ,

એક જ છે કે, તેમના મનની નબળાઈ એટલી કક્ષા સુધી વધવા માંડી છે કે તેઓ મનના રોગી છે, તે પણ સમજી નથી શકતા.

આવા સમયે આ સત્ય સામાન્ય લોકોના ગળે ઉતરવું ઘણું વસમું લાગે તેવું છે.

પૂ. સૂરીશ્વરજી ફરમાવે છે કે,

હું શરીરશાસ્ત્રનો જાણકાર નથી,

મારે શરીરશાસ્ત્રને જાણવું નથી,

હું તો મનને જાણું છું, અને

એક જ અનુભૂત સત્ય હું સચોટપણે કહું છું.

કે,

તન સુધારવું હોય તો મનને પકડો...

તે તનના દર્દનું કારણ છે

મન...

આધિઃ મનની વ્યથા...!

સંસ્કૃત ભાષામાં તો શબ્દપ્રયોગમાં પણ રહસ્ય હોય છે.

સંસ્કૃતમાં રોગનો પર્યાય 'વ્યાધિ' છે.

વ્યાધિઃ વિ ઉપસર્ગ સહિત આધિ શબ્દ છે.

વિ = વિશેષ - વધારે.

અર્થાત્

વધી ગયેલી મનની ચિંતા તેનું નામ જ રોગ...!

વધી ગયેલી આધિ એટલે જ વ્યાધિ...!

આ પ્રશ્ન તો, ખૂબ જ ગંભીરતાથી વિચારવાની જરૂર છે.

નહીં તો, સત્ય નહીં સમજાય.

દૂધમાંથી ઘી કાઢતાં પહેલાં,

વિવિધ પ્રક્રિયા - વિધિ

કાળ, અને ધૈર્યની જરૂર છે.

તેમ આ સાદી વાતમાંથી સત્ય તારવતાં ઘણું ઘણું ચિંતવન કરવું પડશે.

સદ્ભાગ્યે હમણાં મનોવિજ્ઞાને શોધખોળ કરવા માંડી છે અને રાંડ્યા પછીના ડહાપણ જેવું પણ જ્ઞાન તેને થવા લાગ્યું છે ખરૂં !

મનની નબળાઈ જ બધા રોગની ખાણ છે.

તેવું હવે સમજાવવા માંડ્યું છે.

પણ, એક પ્રશ્નનો કોઈ સાચો જવાબ આપશે ?

આજે આટલા-આટલા શરીરશાસ્ત્રી અને દવાખાના છતાં રોગો કેમ ઓછા થયા નથી ?

એક જ કારણ છે કે વ્યાધિનું મૂળ આધિ છે તે સમજવું બહુ મુશ્કેલ લાગે છે.

કોઈ વ્યક્તિ આધ્યાત્મિક ગુરુ પાસે આવીને તે ફરિયાદ કરે છે, શરીરમાં ખૂબ ગરમી વધી ગઈ છે.

અધ્યાત્મશાસ્ત્રી કહે છે કે,

'ભાઈ ! ગુસ્સો ઓછો કરો,

દરેકની શુભભાવના ભાવો !'

કોઈ ફરિયાદ લઈને આવે કે કેન્સર થઈ ગયું છે અને ગુરુ મહારાજા ફરમાવે છે કે,

'પારકાની સંપત્તિ અને આબાદી જોઈને ઇર્ષ્યા કરવાનું મૂકી દો !

તો રોગ વધશે નહીં

અને... સારૂં થઈ જશે !'

ત્યારે...

ધનવાન અને સ્વાસ્થ્યના ખોટા અભિમાનવાળાને કદીય આ વાતમાં તથ્ય લાગતું નથી.

પણ એક દિવસ તો બધાય શરીરશાસ્ત્રીઓને આ આર્ષ પુરૂષની વાણી સાથે મેળ મેળવ્યા વિના છૂટકો જ નથી !

ધર્મનું યોગ્ય સ્વરૂપ સમજીને,

ધર્મમાં સ્થિર રહેનારનું મન નિશ્ચલ હોય !

આધિ વિનાનું હોય છે,

અને...

તેથી જ તેનો દેહ પણ આધિ વિનાનો..

અને...

વિના અલંકારે પણ આકર્ષક લાગતો હોય છે.

(૨)

का पीडा ? दुष्टवासना ॥२॥

પીડા એ શું છે ? જે દુષ્ટ વાસના છે તે પીડા છે.

દુનિયા આગળ વધી છે કે પાછળ પડી છે ?

માનવ દેવ બન્યો છે, કે દાનવ બન્યો છે ?

આ,

અને...

આવી જાતના બીજા પ્રશ્નો આજે ગલીએ ગલીએ ચર્ચાઈ રહ્યાં છે.

મોટા ભાગનું માનસ કહેવા પ્રયત્ન કરે છે કે,

માનવ ખૂબ વધી ગયા છે.

પશુમાથી દેવ બની ચૂક્યા છે.

પણ...

તેઓ એકબીજા પ્રશ્નનો પણ જવાબ આપશે ખરા ?

સવાલ માત્ર એટલો જ છે કે,

હૈયાં પર હાથ મૂકીને કહો કે સવારથી સાંજ સુધી કેટલી વખતે એવો અનુભવ કર્યો કે,

આ છે પીડા...

આ છે દુ:ખ,

આ ન ગમતું થઈ રહ્યું છે !

જો... કદાચ... કોઈ...

આ પ્રશ્નનો જવાબ પ્રમાણિકતાથી,

આપે તો ઓછામાં ઓછું એટલું તો કબૂલ કરશે જ કે,

પંદર મિનિટના સમયમાં દસ-પંદર વખત તો કોઈને

કોઈ પીડાનો અનુભવ કરતાં જ હશે.

આ જવાબ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે ઉપર પૂછેલા પ્રશ્નોના જવાબો મળી ચૂકેલા જ છે.

છતાં...

અહીં આપણે તે મિથ્યા ચર્ચાઓમાં ન ઊતરતાં અનુભવાતા સત્યનો ઓડકાર જ પારખવો ઉચિત માનીશું.

અનુભવનો ઓડકાર, પ્રકાર-પ્રકારની વેદના પીડાથી યુક્ત આવે છે.

પીડા ક્યાંથી પેદા થતી હશે ?

આ પ્રશ્ન પ્રત્યેકનો છે.

પ્રત્યેક માટે,

પ્રતિક્ષણે આ પ્રશ્ન છે.

પણ...

ઉત્તર...! ઉત્તર... ખૂબ મુશ્કેલ છે.

આચાર્યવર્યને તો તેથી સહજ એ શોધખોળ કરવાનું મન થઈ આવે છે કે, શબ્દમાં મર્મભેદ ચાહે છે.

અને...

પ્રશ્નના જવાબમાં કહી દે છે કે, **'પીડા એ દુષ્ટ વાસનાની જ પેદાશ છે.'**

તેઓ ભલે આપણા બધાના પ્રતિક્ષણના પ્રશ્નોની વિવિધતાને ન જાણે!

પણ...

તેમની પાસે એક આત્મવિશ્વાસ છે,

એક પગદંડી છે !

એમને સંપૂર્ણ વિશ્વાસ છે કે જે પોતાના આત્માને યોગ્ય રીતે, સંપૂર્ણ રીતે સમજવાનો પ્રયત્ન કરે છે, તેને વિશ્વના તમામ પ્રશ્નોના ઉત્તર મળ્યા વિના રહેતા નથી.

આત્માભિમુખ થયા વિના જે વિશ્વને જાણવાનો પ્રયત્ન કરે છે, તેનું પ્રશ્નોનું પાસુ હંમેશાં મોટું જ રહે છે. તે કદી પ્રશ્નોના ઉત્તર મેળવી શકતો નથી.

પૂજ્યશ્રીએ પોતાના અનુભવે એક જ નિતાર્યું છે કે, પીડા દુષ્ટ-વાસના-ભાવના વિના પેદા ન થાય.

અને...

દુષ્ટવાસના-ભાવના ચાલી જાય ત્યારે...

પીડા પણ ક્રીડા - આનંદ બન્યા વિના રહે નહીં.

તેમના તે જવાબનું પૃથક્કરણ કરવું પણ અનિવાર્ય છે.

તમારૂં શરીર વ્યાધિથી ઘેરાઈ ગયું છે, પીડા જોનારને પણ દુઃખ પમાડે તેવી છે,

છતાંય...

એક વખત સૂરીશ્વરનાં વચન પર વિચારી જુઓ !

તાવનું દુઃખ છે ? શા માટે ?

મારૂં સ્વાસ્થ્ય સારૂં રહેવું જોઈએ, એવો આગ્રહ છે, માટેને ?

બીજાના શરીરે પણ કદી તાવ આવ્યો હોય તેવી વિચારણા તમને તે વખતે આવે ખરી ને ?

તમારા કરતાં પણ વધુ બિમાર હોય એ વાત તમે માનવા તૈયાર છો ખરા ?

ગમે તેવા બિમાર માણસો પણ સાજા થઈ જાય છે, તે તમે માની શકો છો ?

શરીરમાં તાવ આવવાની પરિસ્થિતિ તમારા દેહ અને આત્માની આચરણાનું ફળ છે, તે સમજવા તૈયાર છો ?

જુઓ ! બિમારી વખતે આ ભાવના પર સ્થિર થઈને કોઈ વખતે વિચાર કરી જુઓ !

તો ભયંકરમાં ભયંકર બિમારીમાં પણ તમે સુખ અને શાંતિનો અનુભવ કરી શકશો ! પછી...

મને જ દુઃખ છે ! પછી... હું જ દુઃખી છું !

આ ભાવનામાં રહેલી દુષ્ટતા ભલે આપણને ન સમજાય, પણ તેની દુષ્ટતા ઘણી ભયંકર છે.

પ્રથમ તો તેવી ભાવના પેદા થતાં...

(૧) આપણામાં અજ્ઞાનનું વાદળ છવાઈ જાય છે.

(૨) દુઃખ દૂર કરવાના ભાવથી બીજાનાં સુખનો ભોગ લેવા પણ તત્પર બનીએ છીએ.

લોક કહે છે **'ઘરનો દાઝ્યો ગામ બાળે'** પણ...

ઘરનો દાઝ્યો કેવી રીતે શાંત થાય તે પણ વિચારવા જેવું ખરૂં કે નહીં ?

આ દુષ્ટતા એટલી વધી જાય છે કે, ન કલ્પી શકાય તેવી હિંસા સર્જે છે. દેખાવમાં કંઈ જ દુષ્ટતા નજરે નહીં પડે, પણ...

પરિણામના પૃથક્કરણે સમજાશે કે...

'કર ભલા, હોગા ભલા'

ભલું કરવાની ભાવનાનો પણ યથાર્થ રીતે સ્પર્શ થઈ જાય તો પણ,

'તારી પીડાઓ, મહોત્સવ બની જશે !'

(૩)

किं दु:खं ? विषयेच्छैव,

किं सुखं ? इन्द्रियो जयः ॥४॥

શું દુ:ખ છે ? વિષયોની ઇચ્છા !

શું સુખ છે ? ઈન્દ્રિયોનો જય !!

એક ભોગી જણાવે છે કે,

રાતના ખૂબ જ પરિશ્રમ કરીને સૂતો હતો, સવારની ગુલાબી ઠંડી અનેરા આનંદનો અનુભવ કરાવી રહી હતી. જેને વ્હાલી પત્ની માની હતી તેણે આવીને જોરજોરથી રાડો પાડવા માંડી...

'ક્યારે ઊઠવું છે ? ક્યાં સુધી ઘોર્યા કરશો ?

વ્હાલીમાંથી કડવાં વચનો કેવી રીતે નીકળ્યા ?

કોણ જાણે કેમ,

મનમાં દુ:ખ માની ઊભાં થયા, ગરમ પાણીથી સ્નાન કરવા બેઠાં, સુખ માન્યું, આગળનું દુ:ખ ભૂલવાની તૈયારીમાં હતો,

ત્યાં... નાના બાબાએ આવીને ઠંડા પાણીનો નળ ખુલ્લો મૂકી દીધો.

મિજાજ ગયો, ન્હાવાનું સુખ વરાળની માફક ઊડી ગયું. બાળકો પર ગુસ્સો કરી, અહંકાર પોષક આનંદ મેળવવાનો પ્રયત્ન કર્યો.

તે પહેલાં તો હંમેશાં છોકરાને મારતી તેની માએ પણ ભયંકર વાણીનું યુદ્ધ કરવાની શરૂઆત કરી.

સામે બળવો પોકારતાં દુ:ખને દૂર કરવાની ઈચ્છા થઈ આવી.

પણ... પણ... પણ..

કંઈક વિચાર્યું અને...

સુખની વધુ ઈચ્છાઓમાં આ કડવું દુઃખ પણ સહન કરવું પડ્યું.

સારા ભોજનની અપેક્ષા રાખી નહોતી, ખીચડી-કઢીથી આનંદ લુંટવાનો પ્રયત્ન કરી જોયો, પણ...

ભાણાં પર બેસતાની સાથે જ ખબર પડી કે ખીચડી બરાબર છે, પણ કઢી મીઠા વિનાની છે...

મીઠું લેવા માટે ચુપચાપ બરણીમાં હાથ નાંખ્યો. ત્યાં...

ખારો હાથમાં આવ્યો. હાથમાં લઈને થાળીમાં નાખ્યો, તે પહેલાં તો મનમાં ગલગલિયાં અને જીભમાં રસ ઝરવા લાગ્યો, પણ...

નિષ્ફળ, ખાતાની સાથે કોળિયો બહાર આવ્યો.

જવા દો ! જવા દો !

આ તો જીંદગીના એક ઉત્તમ દિવસની નહીં પણ, ઉત્તમોત્તમ દિવસની ઘટના છે.

બે-ત્રણ કલાકની જ વાત સાંભળો વધુ શું કહેવા જેવું છે ?

એક યોગી પોતાની સંક્ષિપ્ત જીવની કહે છે :

'હું જન્મ્યો ત્યારથી લોકો મને સુખી કહેતાં. બધાની સાથે મારૂં સ્થાન ખૂબ જામ્યું રહેતું. મોટો થતો ગયો તેમ આ અનુભવ વધુ સ્પષ્ટ થતો ગયો.'

લોકો મારી સામે એક કૃતાર્થ પુરૂષની આંખે જોતાં, પણ...

અફસોસ એક જ હતો. કે...

મારૂં દુઃખ કોઈ સમજી શકતું નહોતું.

જેની પાસે દુઃખની વાતો કરવા જતો, તેની પાસેથી ખોટાં ખોટા આશ્વાસન મળતા. સાથે જ...

મારા કરતા કંઈ ઘણા દુઃખોની વાત સાંભળવા મળતી.

ક્યારેક મારા દુઃખને સાંભળતાં.

કોઈ દયાળુ બહારથી હસતા, તો કોઈ બાહરથી ગંભીર રહીને...

અંદરથી પરિહાસ કરતા.

આખરે... આ વાતાવરણમાંથી બહાર જવાનો મેં પ્રયત્ન કર્યો.

કોઈ યોગ્ય સંગ મળ્યો અને તેમાથી દૂર થઈ ગયો.

હવે સવારે ઊઠતાં ધ્યાનમાં મગ્ન થાઉં છું ત્યારે...

લોકો પેટને ખુશ કરવા પ્રયત્ન કરે છે, જ્યારે...

હું વિના ભોજને પણ આત્માને ખુશ કરવા પ્રયત્ન કરૂં છું.

જ્યારે હું ભોજન લેવા જઉં છું ત્યારે દાન આપનારની ધન્યતાનો ખ્યાલ કરૂં છું અને ન આપે તેની કમ ભાગ્યતાનો વિચાર કરીને બંનેને યોગ્ય ધર્મપ્રાપ્તિ થાય એવી આશિષ આપું છું.

રાત થાય છે ને ઠંડી શરૂ થાય છે.

જ્યારે લોકો કામળા માટે દીન બને છે, ત્યારે ભગવાનની ભક્તિમાં મસ્ત બનું છું. ઠંડી આખરે દીન બને છે અને ક્યાંય ચાલી જાય છે તેય ખબર પડતી નથી.

ઉનાળામાં ધોમ તડકામાં ખુલ્લે પગે ફરતાં આત્મામાં કેટલી તાકાત ભરી પડી છે, તે જોઈને આનંદ આવે છે.

જગત માત્રને પ્રિય માન્યું છે, એટલે વિરહની વેદના પણ કેવી રીતે અનુભવું ?

દુનિયામાં સૌથી વધુ શ્રીમંતાઈ મારી પાસે લાગે છે, માટે યાચના કોની પાસે કરૂં ?

બધા બળવાનો જાતને રક્ષવાનો પ્રયત્ન કરે છે, પણ...

હું મારી જાતને જ સૌથી વધુ નિરર્થક ચીજ માનું છું.

તેથી જ ભય ક્યાંથી પેદા થાય તે જ મને સમજ પડતી નથી.

અંતમાં...

એક જ કહેવા માંગું છુ કે,

હું દુઃખની શોધમાં છું, પણ...

દુઃખ ક્યાંય નજરે ચઢતું જ નથી.

હું સુખને વારંવાર દૂર જવા કહું છું, પણ...

પડછાયાની માફક તે ક્યાંય જતું નથી.

વધારે શું કહું... એક જ વાતની મને ચિંતા છે...

લોકો કેમ દુઃખનો તિરસ્કાર કરતાં હશે ?

મારી જેમ દુઃખમાંથી સુખ કેમ શોધી નહીં શકતા હોય ?

ભોગી અને યોગીનો આ સંવાદ અનાદિથી ચાલ્યો આવે છે.

ભોગી જેને સુખ કહીને સન્માને છે,

તેને જ યોગી દુઃખ કહીને તિરસ્કારે છે !

યોગી જેને સુખ કહીને પૂજે છે,

તેના જ પડછાયાથી ભોગી દૂર ભાગે છે.

આ જવાબ આપનાર પણ યોગીરાજ છે, તે ફરમાવે છે કે...

દુઃખ એટલે વિષયની ઈચ્છા અને

સુખ એટલે તે ઈચ્છાનો વિજય, પણ...

ભોગીઓએ યોગીની આ વાત ખૂબ વિચારવા જેવી છે.

વાસ્તવિક રીતે કહેવાતાં દુઃખ અને સુખ બંને કલ્પનાઓ છે.

મહર્ષિએ દુઃખની વ્યાખ્યા 'વિષયની ઈચ્છા કરી છે.'

વિષય એટલે જ ગમતા-અણગમતા એવા શબ્દ - રૂપ - ગંધ - રસ અને સ્પર્શ.

ઈચ્છા એટલે વાયુથી પણ ચપળ એવી કલ્પના !

જરા સૂક્ષ્મતાથી વિચારો વધુ નહીં, તો દિવસમાં પાંચ મિનિટ નક્કી કરો ! તે દરમિયાન...

ગમે તેવા સ્પર્શ હોય, તીક્ષ્ણ કે મુલાયમ,

ગમે તેવી વસ્તુ હોય - કડવી કે મીઠી,

ગમે તેવી ગંધ હોય, નાકને પસંદ કે નાપસંદ

ગમે તેવા રૂપ હોય, મનોહર કે મનોભંજક

ગમે તેવા શબ્દ હોય, નિંદાના કે પ્રશંસાના...

પણ... કોઈનોય જરાય વિચાર ન કરવો, જે છે તે યોગ્ય જ છે, એવો ભાવ પેદા કરો.

પછી જુઓ... છઠ્ઠી મિનિટમાં પાછા રોજિંદા જગતમાં આવવાનું મન થાય છે કે નહીં ?

જો આ પાંચ મિનિટ બરાબર હશે, તો છઠ્ઠી મિનિટમાં પાછા ફરવાનું મન થશે નહીં !! પણ...

તમારો પ્રશ્ન એ છે કે પ્રશંસાના શબ્દો સાંભળતાં પહેલાં જ કાન ઉત્તેજિત થઈ જાય છે.

અરે ! તેનો વિચાર આવતાં પણ મનમાં ગલગલિયાં થવા માંડે છે તો ત્યાં તે પાંચ મિનિટ માટે પણ સામે આવેલી વસ્તુનો આનંદ ન લઈએ તે કેમ બને ?

આજ મોટી મૂર્ખતા છે !

અમુક પદાર્થ - ઈંદ્રિયને ગમે તેવો માની લીધો, એટલે આટલા દુઃખો તો નિયત સમજજો...

(૧) તે ઇષ્ટને મેળવવાની લાલસા.

(૨) તેનો વિચાર કરવા દ્વારા અયોગ્ય મનોવ્યગ્રતા,

(૩) તેને મેળવવા સતત પ્રયત્નોમાં શ્રમ અને નિરાશાનાં દુઃખો

(૪) તેને મેળવ્યા પછી, પણ ભોગવવા માટે ઇંદ્રિયોની યોગ્ય તાકાતના અભાવથી પેદા થતું દુઃખ. જેમ કેરી ખાવાની ઇચ્છા થઈ, પણ જીભ ખટાશ સહન કરી શકતી નથી; તેવી પરિસ્થિતિમાં નિરાધાર દશાનું ભાન થતાં દુઃખ.

(૫) બીજાઓને તે પદાર્થો મળતા થતો આનંદ ખમી ન શકાય. એટલે ઇર્ષારૂપી અગ્નિથી હૃદયમાં ઉપડતી સતત જલન.

(૬) ઇંદ્રિયો દ્વારા ગ્રહણ કરેલ પદાર્થોથી દેહ સ્વાસ્થ્યની ખરાબી અને તેથી ઉત્પન્ન થતી અનેકાનેક દર્દોની પરંપરા...

તે દરમ્યાન કમને પણ ભોગને છોડવાની ફરજ પડતાં મનથી થતું અસહ્ય દુઃખ !

આવું... આવું... તો કેટલું થાય. તેનું વર્ણન અનુભવથી જાણવું યોગ્ય કહેવાય.

આખરે પણ, દેહનાશની બિમારીની સ્થિતિમાં બલાત્કારે ઈંદ્રિયોનું દમન કરે જ છૂટકો !!

ત્યારે પ્રથમથી જ મનને કેળવ્યું હોય તો...?

માટે જ, ભોગની પિપાસા એ જ અનેક દુઃખોનું મૂળ છે.

અને, તેમાંય જ્યારે...

'મારૂં' ને 'તારૂં' - 'હું' અને 'તું'

આ ચારે ભળી જાય ત્યારે તો દુઃખની દુર્ભેદ સૃષ્ટિ ખડી જ થઈ જાય છે.

માટે જ બીજો પ્રશ્ન પૂછવો પડ્યો છે કે...

(૪)

किं सुखं ? इन्द्रियो जयः ॥४॥

કાન... આંખ... નાક... જીભ... અને ચામડી પરનો વિજય... !

કોઈને વળી મૂંઝવણ થાય કે, આંખોને તે કેવી રીતે જીતાય ?

ભલા ! તારી આંખ તને ક્ષણ-ક્ષણમાં હાર આપી રહી છે. તેનું પણ ભાન નથી !

તારી જાતને પૂછ કે... 'આંખ કોની છે ?'

જવાબ મળી જશે કે... 'મારી છે !'

તદન ખોટો જવાબ. 'અત્યંત મનોવંચના !'

ન કલ્પી શકાય તેવી સૂક્ષ્મ પણ...

ભયંકર આત્મહત્યા !!

સાચો જવાબ એ છે કે, સાચી વાત એ છે કે,

'તું આંખનો છે...'

નહીં તો, આ દશા હોય ખરી ?

કેટલીયે વખત તું ચાહે છે કે, મારી આંખ અહીં ન જાય...

પણ... કેટલીય વખત તારી સામે તે બળવો પોકારે છે.

આખરે... કોણ કોને આધીન થાય છે ?

તારૂં શરીર એક મનોહર ચિત્ર જોવા આંખની મદદથી સિનેમા-ગૃહ સુધી ખેંચાઈ જાય છે.

એટલું જ નહીં, પણ...

કદીક કોઈક રૂપને ધરાઈને જોવાની ઈચ્છા થઈ આવતાં મોટા-મોટા રમખાણો મચી જાય છે... પત્નીનો ચહેરો ગમ્યો નહીં માટે તેનું ખૂન કર્યું.

કેટલી પામરતા !!

આંખને ન ગમ્યું, આંખે હુકમ કર્યો...

મોઢામાંથી ખરાબ શબ્દો કાઢ...

'તે પણ કાઢ્યા...'

વળી, આજ્ઞા કરી - 'વડીલોની મર્યાદા મૂકી દે.'

તે પણ મૂકી દીધી.

વળી, આજ્ઞા કરી કે - 'રૂપને તારી સામે કાયમ રાખવા માટે યુદ્ધ કર !' - તેં પણ કર્યું ખરૂં...

રાવણને લંકાથી પંચવટી સુધી કોણ ખેંચી લાવ્યું ?

પગ કે આંખ ? સૈન્ય કે રૂપપિપાસા ?

સાચી વાત એ જ છે કે... - **'તું આખનો છે.'**

આંખ તારી હોત તો આવી દશા કદી ન થાત !

આંખ આજ્ઞા કરે કે રૂપ જોવું છે, તે પહેલાં તું તારા બળથી, ને તારી સમજણ શક્તિથી,

તેં રૂપની - નશ્વરતા - નિરર્થકતા - પાપમયતા અને વિનાશકતા - વિચારી શક્યો હોત તો.

આત્માની અંદર એક પ્રકારનો વિષયતિરસ્કાર પેદા થાત !

એ તિરસ્કાર સર્કસના સિંહની માફક ઇંદ્રિયો પર તને પ્રભુત્વ બક્ષત.

દુનિયાના પદાર્થમાંથી ઈષ્ટ અને અનિષ્ટની રેખા ભૂંસાઈ જાત !

ઈષ્ટ અને અનિષ્ટની રેખા ભૂંસાઈ જતાં **અહંકાર ને મમકાર** પીગળી ગયા વગર રહે જ નહીં ! અને પછી તો...

સ્વર્ગના ઈન્દ્રો પણ તારા સુખની ઇર્ષ્યા કરત !

મન અને ઈન્દ્રિયને સંપૂર્ણ પ્રભુત્વથી ઉપજતો અખૂટ શાશ્વત આનંદ તારા બારણાની સાંકળ ખખડાવતો તને જરૂર માલૂમ પડત.

ઇન્દ્રિયો જીતાય એટલે મન જીતાય.

મન જીતાય એટલે જગતના પ્રત્યેક દુઃખો ગળામાં સુખનું પાટિયું લગાડ્યા વિના તારી પાસે કદી પણ ફરકી ન શકે. અર્થાત્

તારા માટે દુઃખો, સુખના અદ્ભુત સાધન બની જાય.

જે ઈન્દ્રિયમાં પદાર્થને ભોગવીને નાશ કરવાની શક્તિ છે,

સુખની ઝંખના માત્રથી અનુપમ શ્રમ ઉઠાવવાની તાકાત છે. શું તે ઈન્દ્રિયો તારા વશમાં આવે તો તે કશુંય સર્જન ન કરી શકે ?

પાંચ પાંચ ઈન્દ્રિયો પરનું પ્રભુત્વ શું કશુંય શાશ્વત ન સર્જી શકે ?

અવશ્ય સર્જી શકશે, સુખનો શાશ્વત ફુવારો અવશ્ય પેદા થઈ શકશે.

જો ઈન્દ્રિયો પર તારો વિજય થઈ જશે, તો વિના શ્રમે પણ સુખ પ્રવાહ થઈને તારામાં વહેવા માંડશે...!!

❈ ❈ ❈

પ્રકરણ : ૩

के कुग्रहा ? दुराचाराः,
सुग्रहाः के ? व्रतश्रियः ।।
किं विषं ? क्रोधलोभादि,
किं पीयूषं ? विवेकिता ।।३।।

(૧-૨)

के कुग्रहाः ? सुग्रहाः के ?
दुराचाराः, व्रतश्रियः ॥

કોણ કુગ્રહો ? કોણ સુગ્રહો ?
દુષ્ટ આચારો, વ્રતની લક્ષ્મીઓ,

ભલે દુનિયામાં કોઈ શિક્ષિત કહેવાનું ગૌરવ ધરાવે, બધાના દેખતાં અંધશ્રદ્ધા અને મૂર્ખતા કહીને ધર્મને નિંદે, પણ...

બે ક્ષણનું અસહ્ય દુઃખ તેની જીવનભરની માન્યતાને અવશ્ય ફેરવી નાંખશે.

ઈચ્છાઓના તરંગો જ્યાં સુધી ફૂલે - ફાલે છે - વિસ્તૃત થાય છે, ત્યાં સુધી ધર્મને પ્રતિક્ષણે સેંકડો ગાળો દઈ શકશે, પણ...

એક વખત તે તરંગો અથડાઈને ખલાસ થઈ જાય છે, ત્યારે **માનવ એટલો વહેમી બની જાય છે કે ઘરના ઉંદરમાં પણ દૈવિક-શક્તિઓ કલ્પી લે છે.**

પ્રત્યાઘાત પછી જન્મેલું આ માનસ જ ખરેખર અંધશ્રદ્ધાળુ હોય છે.

આવા માનવોમાં ભાગ્યે જ તે શ્રદ્ધેય પદાર્થો પાછળ બુદ્ધિથી વિચારણા કરવાની સ્વસ્થતા કે ધૈર્ય રહ્યું હોય છે !!

શિક્ષણનો પ્રચાર કરીને - અંધશ્રદ્ધાનો જોરશોરથી વિરોધ કરતાં પ્રધાનો પણ ચૂંટણીમાં જબ્બર હાર થવાના પ્રસંગે એટલા બધા ધૈર્યવિહિન અને અંધશ્રદ્ધાળું બની જાય છે કે રસ્તાના પત્થરને પણ સોનાથી મઢી દેવા તૈયાર હોય છે.

આવા પ્રસંગોએ હાથની રેખા પર વારંવાર દષ્ટિઓ દોડતી હોય છે. આકાશમાં ગ્રહો કેવા છે, તે જોવા લાખો ખરચવા તેઓ તૈયાર બની જાય છે.

મારા ગ્રહો (Stars) સારા છે કે ખરાબ ? - મારા ભાગ્યમાં કુગ્રહો છે ? કે સુગ્રહો છે - એ વાત વારંવાર મનમાં ટકરાવવા લાગે છે.

અહીં પણ એજ પ્રશ્ન પૂછાયો છે કે...

"ખરાબ ગ્રહો કયા ?" અને "સારા ગ્રહો કયા ?'

જેની દષ્ટિમાત્ર આકાશના તારામંડળ સુધી પહોંચે છે, તે નીચનો સૂર્ય કે ઉચ્ચનો બુધ વગેરે ગણતરી કરે છે, પણ...

જેની દષ્ટિ આત્માના ગૂઢતમ આકાશ સુધી પહોંચી ગઈ હોય,

પાંસળી નીચે છૂપાયેલાં હૃદયમાં રહેલી અદૃશ્ય ભાવનાઓને જોઈ શકતી હોય... - તે આવો ઉપર છલ્લો જવાબ ન જ આપે...

જગતના સર્વ પ્રશ્નોના જવાબ આત્મચિંતનમાંથી પ્રાપ્ત થાય છે.

આત્માને જાણે તે બધાયને જાણે છે, તેના જવાબોમાં એક અંતિમ કોટિનું અન્વેષિત સત્ય હોય છે.

ભારતીય દર્શનમાં શાસ્ત્ર માત્ર આત્માનુભવ પર નિર્મિત થયેલ છે. જ્યોતિષ એ પણ સંપૂર્ણ શાસ્ત્ર છે, પણ...

જ્યોતિષને જાણનાર બધા જ, ભૂત - ભવિષ્ય અને વર્તમાન જાણે એ જ મહાભ્રમ છે, પણ...

જ્યોતિષશાસ્ત્રની કક્ષા સંસૂચકતા સુધી છે, વિધાતા સુધી નથી.

ખરાબ ગ્રહો કે સારા ગ્રહો,

ખરાબ કે સારા ભાવિના સંસૂચકો છે.

સારા કે ખરાબ ભાવિના વિધાતા નથી.

મનુષ્ય દેહ એટલે આત્માને રહેવાનું સર્વોચ્ચ સ્થાન !

આ સ્થાનની અંદર રહેનાર પર કોઈ આકાશના ગ્રહો અસર કરે, તે જ તેના ભાગ્યવિધાતા બને તે કેવી રીતે માનવામાં પણ આવે ?

ખરેખર તો માનવ પોતે પોતાના ભાગ્યનો વિધાતા છે.

જ્યોતિષશાસ્ત્ર ફળ નિર્દેશક છે, પણ...

'ફળ' કોની કરણીના અને કઈ કરણીના છે તેનો જવાબ તેની પાસે નથી.

મોટરનું યંત્ર(meter) ગતિ(Speed) બતાવે છે.

ગતિ બતાવે, પણ...

ગાડી કોણે બનાવી, ક્યાંથી આવી રહી છે, તે બતાવી ન શકે !

તે જ પ્રમાણે આકાશમાં રહેલા ગ્રહો ભાગ્યના સૂચક છે.

સંસૂચક છે... પણ સંચાલક નથી.

સંચાલક તો પોતે જ છે. ખરાબ ગ્રહના યોગ કેવી રીતે પ્રાપ્ત થાય ?

અને એનો જ આ જવાબ છે.

દુરાચાર એ જ ખરાબ ગ્રહ છે...

વ્રતરૂપી લક્ષ્મી - શોભા એ જ ઉચ્ચ ગ્રહો - સારા ગ્રહો છે.

'દુરાચાર' એટલે દુ-ર્વિચારની દૈહિક અભિવ્યક્તિ !

દુરાચાર એટલે દુષ્ટ મનનું કાયા પર આક્રમણ !

દુરાચાર દુર્વિચાર વિના પેદા થાય નહીં !

દુ:ચેષ્ટા દેખાતી હોય પણ તેને દુર્વિચારનું પરિબળ ન હોય તો તે દુરાચાર નહીં કહેવાય ! પણ...

લાચાર દશા કહેવાશે !

જ્યાં હૃદયમાં 'ભોગ' અને 'પિપાસા'ના વંટોળ જાગે છે, ત્યાં અવિવેક ચોમેરથી ઉડવા માંડે છે. દુરાચારની ધૂળ ચારે બાજુ છવાઈ જાય છે.

ખાવાની - જીભને તૃપ્ત કરવાની લિપ્સા થઈ આવે એટલે ભક્ષ્ય કે અભક્ષ્ય ભૂલાઈ જ જાય !

અભક્ષ્યનું ભક્ષણ થાય એટલે 'રોગ' વગર બોલાવે આવે. પછી...

આકાશમાં ખોળે - શોધે એટલે ગ્રહ ખરાબ જ દેખાય !

જોવાની લિપ્સા જાગે એટલે ન-શરમા બનવું પડે, માતાપિતાનો અવિનય - અપ્રેમ અને જરૂર પડે તો તિરસ્કાર પણ કરવો પડે.

અકરણીય - કરણીય બને તે જ દુરાચાર.

જ્યાં સુધી ભોગ અને વિલાસની પિપાસા નષ્ટ ન થાય ત્યાં સુધી,

અકરણીય - કરણીય

અવચનીય - વચનીય

અભક્ષ્ય - ભક્ષ્ય - નો ભેદ કદી ટકી કે રહી શકે નહીં !

આકાશના કુગ્રહોથી દૂર જવું હોય,

સુગ્રહોમાં પ્રવેશ પામવું હોય તો પ્રથમ હૃદયને બદલો.

'ભોગ - વિલાસ'ની પિપાસા હોય ત્યાં સુધી બધા જ ક્રૂર ગ્રહોની દૃષ્ટિ તમારા પર રહેવાની જ છે, તે કદી ન ભૂલશો !

ગમે તેવા ઉચ્ચ ગ્રહો હોય પણ ચોરી કરશો તો પકડાશો.

પકડાશો એટલે સળીયા પાછળ જવાની ગ્રહ વ્યવસ્થા થઈ જ જશે !

કોઈને મારી નાંખવાની ચેષ્ટા જ નહીં, પણ તેવી ભાવના પણ અકલ્પ્ય કર્મોનો બંધ કરે છે. તે જ કર્મોના વિપાકનો આકાશની ગ્રહરચના દ્વારા નિર્દેશ થાય છે, પણ...

કરેલા કર્મોય વિફલ થઈ શકે છે, નિર્બલ થઈ શકે છે...

તો... બિચારા ગ્રહોનું શું ગજું છે ??

અચ્છો જ્યોતિષ વિશારદ કહેવાનો કે તમારા બધાય ઉચ્ચ ગ્રહો છે, પણ...

દુરાચાર અને દુ:શીલતામાં પડી ગયા તો કોઈ ફળ પ્રાપ્ત થશે નહીં !

ક્રૂર ગ્રહોવાળો પણ પ્રબળ પુરુષાર્થથી ઈન્દ્રિય અને મનના વિલાસોને મથી નાંખતા પાંચ મહાવ્રતો કે અણુવ્રતોને ગ્રહણ કરીને સારીય ગ્રહ-વ્યવસ્થાને નિષ્ફળ - નિષ્કાર્ય પણ બનાવી દે છે.

ખરાબ ગ્રહો પણ તેના માટે ઉચ્ચ ગ્રહો - સુગ્રહો બની જાય છે.

હૃદય સુધરે એટલે આત્મા વિકસે...

આત્મા વિકસે એટલે જગતને સુધરવું પડે !

તો... ગ્રહો કેમ ન સુધરે ?

અહિંસા મહાવ્રત આવે એટલે વેર-ઝેર કરાવી સંતાપ પમાડનાર બધા ગ્રહો ભાગે !

બધાયને બદલાયે જ છૂટકો...

સત્ય વ્રત આવે એટલે - પ્રપંચ, માયા, ભય પમાડનારા ગ્રહોને ઉચ્ચ દશામાં પ્રવેશવું જ પડે !

અચૌર્ય વ્રત આવે એટલે રાજકીય અને સામાજિક ગુન્હા કરાવનારા ગ્રહોને બદલાયે જ છૂટકો !

શાંતિથી નિદ્રા અને સંતોષનું સુખ આપનારા ગ્રહોને હાજર થવું પડે!

બ્રહ્મ વ્રત આવે એટલે તન-મન અને ધનનો નાશ કરનારા બધાય ગ્રહોને બીજા સારા ગ્રહોની અસર નીચે આવીને પણ સારા ફળ આપનારૂં બનવું જ પડે !

અપરિગ્રહ વ્રત આવે એટલે સંતોષનું મહાસુખ પમાડનારા આધ્યાત્મિક ગ્રહોને શુભ રાશિમાં આવે જ છૂટકો !

જ્યાં સદાચાર છે, ત્યાં દેહે - માનસિક અને આત્મિક ઉન્નતિ ન હોય તે બનવા યોગ્ય નથી. માટે જ...

ખરેખરી વાત અંતરના પરિવર્તનની છે,

અંતર પલટાય એટલે ઉન્નત થાય !

અને ઉન્નત થયેલું અંતઃકરણ ઉપર ચડીને ગ્રહ વ્યવસ્થાને પણ ફેરવી નાંખે.

(૩)

प्र. किं विषं ? ऊ. क्रोधलोभादि,

વિષ - ઝેર કોને કહેવાય ?

ક્રોધ - માન - માયા - લોભ...!

જીવવામાં કોઈ ગાંડુ પણ હોઈ શકે છે, પણ...

જીવનની સ્પૃહાનું ડહાપણ તો બધાયમાં છે.

ગાંડાની જીજીવિષા ડાહ્યાને પણ ઉલ્લંઘી જાય તેવી હોય છે.

ડાર્વિનના સિદ્ધાંત મુજબ તો જીજીવિષાએ પ્રાણીના પરંપરાગત દેહમાં આશ્ચર્યજનક પરિણામો સર્જ્યા છે.

પ્રાણી :- તીવ્ર જીજીવિષા ધરાવનાર દ્રવ્ય.

જીજીવિષાની પ્રબળ ઈચ્છા એ માનવ વાતાવરણને અનુકૂળ બનાવવા રાત-દિન પ્રયત્ન કરી રહ્યો હોય છે.

જીવનને દૂર કરવાના - અટકાવી દેવાના પ્રત્યેક પ્રયત્ન તરફ પ્રાણીમાત્ર જાગૃત હોય છે.

ઝેર = જીવનને અટકાવનારી એક હિચકારી શક્તિ !

માનવનું જીવન જેટલું પ્રબળ હોય તેટલું વિરોધી - વિનાશક પરિબળ પણ મજબૂત જોઈએ !

દૈહિક જીવનના વિનાશ માટે - દૈહિક ઝેર હોય છે !

આત્મિક જીવનના વિનાશ માટે - આત્મિક ઝેર હોય છે !

આપણે જે ઝેરને જાણીએ છીએ તે બધા દૈહિક ઝેર છે.

ભૌતિક દેહને ખલાસ કરી નાંખવાથી વધુ કોઈ તાકાત ઝેરમાં નથી.

કોઈક ઝેર ક્ષણવારમાં અસર કરે, તો કોઈ મહિનાઓ પછી અસર કરે, પણ...

ભૌતિક પદાર્થથી પેદા થયેલ કોઈ ઝેર દેહનાશથી વધુ કશું કરી શકે તેમ નથી હોતું !

આત્માના તેજના બળે જે દેહમાં બિરાજમાન હોય છે તેને આવા ભૌતિક ઝેરની કોઈ તમા જ નથી.

ઘોર જંગલમાં એક ભયંકર સર્પ હતો.

તેની જીભમાં નહીં પણ આંખોમાં ઝેર હતું. લોકો તેને દૃષ્ટિવિષ સર્પ કહેતા.

એકવાર કરૂણાનિધિ, ઓજસ્વી પરમાત્મા મહાવીર તે જંગલ તરફ પ્રયાણ કરવા લાગ્યા.

લોકોએ પ્રભુને વિનવ્યા. 'પ્રભુ ! ત્યાં ઝેરી સાપ છે.'

આપ કૃપા કરી ત્યાં ન પધારો.'

વિનંતી કરનારની ઝેરની વ્યાખ્યા અને...

પ્રભુની ઝેરની વ્યાખ્યામાં મહાન અંતર હતું.

દેહનો નાશ કરે છે તે ઝેર છે. આવો ખ્યાલ ગ્રામીણોનો હતો.

પરમ તેજરૂપ કેવળજ્ઞાનની પ્રભાને અટકાવે તે ઝેર !

અસંખ્યાત પ્રદેશના પરમચૈત્યને મૃત રાખે તે ઝેર !

સિંહ સમા પરાક્રમી આત્માને શિયાળ જેવી કાયર દશામાં મૂકે તે ઝેર !

જીજીવિષા પેદા કરે તે ઝેર ! આવી વ્યાખ્યા હતી પ્રભુની...

પરિણામે ભગવાને અજ્ઞાની જીવો પર કરૂણાનજર ફેલાવી, જંગલ તરફ જ પ્રયાણ આદર્યું.

માનવની ગંધે સર્પ ચંડ બન્યો, તેનું નામ જ ચંડકૌશિક હતું.

ચંડકૌશિક ઝેરથી ભગવાનને ખલાસ કરવા તલસી રહ્યો હતો.

ત્યારે ભગવાન તેનું ગૂઢ ઝેર સંહરી લેવા તત્પર બન્યા હતા.

ચંડે પ્રચંડ ડંખ ભગવાનનાં ચરણે દીધો, દેહ અને આત્માના બધાય ઝેર ઓકાઈ ગયા.

કરૂણાનિધિએ એક જ ગારૂડીમંત્ર ઉચ્ચાર્યો...

'बुज्झह ! बुज्झह ! बुज्झह ! - 'બોધ પામ ! બોધ પામ ! બોધ પામ !

આત્મામાંથી નીકળેલા સ્વર સર્પને કેમ ન સંભળાય, નાગ સમજ્યો ને ક્રોધ છોડી દીધો. દરમાં માથું કરીને નીચે રહી ગયો લોકોએ પોત-પોતાની વૃત્તિ અનુસાર ઉચિત કર્યું, પણ...

હવે તેને ન કોઈનો દ્વેષ કરવો હતો, ન કોઈનો રાગ કરવો હતો.

ફક્ત અંતરનું ઝેર ઓકતો જ ગયો.

અહીંનો પ્રશ્ન પણ આવો જ લાક્ષણિક છે એટલે મહર્ષિએ જવાબ આપ્યો કે, **ક્રોધ અને લોભ - બે વિષ છે.**

કેટલાય દેહને નાશ કરનારા ઝેરના પ્યાલાને પ્રેમથી ગટગટાવી દે છે, પણ...

ક્રોધને ગટગટાવનારો કો'ક જ વિરલો હશે ?

ઝેર પીનારનું શરીર સમયે ઠંડું પડે, પણ...

ક્રોધીની આંખો સદૈવ લોહીથી ઊભરાતી હોય...

ઝેર પીનાર કદાચ શાંતિથી મરી શકે ખરો, પણ...

ક્રોધનો આવેગી એકક્ષણ પણ શાંતિથી જીવી ન શકે !

ઝેર પીનારનું એક વખત મરણ હોય છે, પણ...

ક્રોધી ક્ષણે-ક્ષણે મૃત્યુની વેદના અનુભવતો હોય છે.

ઝેરને ગટગટાવી જનારો બીજાને શાંતિ આપી શકે ખરો, પણ...

ક્રોધથી સળગતો કોઈને પણ સળગાવ્યા વિના ન રહે !

ઝેરથી મરી ગયેલા કેટલા ? અને

ક્રોધના ભોગ બનેલા કેટલા ?

ક્રોધ કર્યા પછી તરત જ માએ દીકરાને દુગ્ધપાન કરાવ્યું. ભલે અંતરનું હીર આપ્યું, પણ તે હીર ક્રોધના ઝેરથી મિશ્રિત છે અને પાંચ મિનિટમાં તે બાળક અંદરના ઝેરથી નાશ પામ્યો.

ક્રોધનું ઝેર એટલું બધું ભયંકર છે કે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. ઝેર પીનારને ભાન હોય છે કે, હું ઝેરનું પાન કરી રહ્યો છું, પણ...

ક્રોધ કરનારની વિચાર શક્તિ જ નષ્ટ થઈ ગઈ હોય છે.

ક્રોધી ક્રોધરૂપી વિષના આવેગમાં આત્મશક્તિને - જ્ઞાનને ખલાસ કરી નાંખે છે. પોતે શું કરી રહ્યો છે, તેનું ભાન ભાગ્યે જ તેને હોય છે.

ક્રોધના ઝેરમાં નાશકતાની સાથે માદકતા પણ છે.

માદકતા ભાન ભૂલાવે છે - નાશકતા અત્યાચાર મચાવે છે...

સારીએ દુનિયાનો સંહાર પણ એક જ વ્યક્તિનું ક્રોધરૂપી વિષ કરી શકે છે, પરશુરામે સાત-સાત વખત પૃથ્વીને નિઃક્ષત્રિય કરવાનો અત્યાચાર કયા ઝેરથી ફેલાવ્યો ?

માણસ દવાના ઝેરથી ગભરામણ અનુભવે છે, પણ...

ક્રોધની સાથે સદા પ્રેમ કરે છે.

દવાના ઝેર કરતાં વધુ ક્રોધનું ઝેર કેટલું ભયાનક છે તેનો વિચાર પણ તે કરતો નથી.

કદી ક્રોધના ઝેરને વિચારજો તો ખરા !

લોભ પણ આવું જ ભયાનક વિષ છે, પણ...

તેની ઉગ્રતા જોવામાં આવતી નથી.

ક્રોધરૂપી ઝેર જરા ધમપછાડા કરીને અસર કરે છે.

લોભ બેભાન કરીને અસર કરે છે.

બંનેની નાશકતા ભયંકર છે - એક સરખી જ ઉગ્ર છે.

મમત્વ ભાવનાનું પરિબળ એટલું બધું હોય છે કે, તેના નશાની કલ્પના થતાં તેનું ઝેર અસર કરવા માંડે છે.

લાખ રૂપિયા આવી જવાની શક્યતા ઊભી થતાં હૃદયમાં ધબકારા વધવા માંડે છે.

લોભથી સર્વનાશ થવાના દાખલા કોઈ પણ દેશ, સમાજ કે કાળ માટે નવા નથી.

પૈસાનો પ્રેમ જન્મ આપનારા માતાપિતાને પણ પટકાવી દે છે.

લોભીદશા આત્મા માટે મહાન જોખમકારક છે. સૌથી પ્રથમ લોભીને સંપત્તિ મેળવવામાં વ્યગ્ર થવું પડે, તે મેળવ્યા પછી જાળવવામાં લાગવું પડે છે.

જાળવી રાખીને શું કરવું ? એ પ્રશ્નનો જવાબ તો તેની પાસે હોતો જ નથી.

ખરેખર લોભી વિચાર કરતો જ નથી. ખરૂં જોતાં વિચાર કરવાની કોઈ તક જ તેને મળતી નથી.

ધન - સ્ત્રી - પુત્ર કે સંપત્તિ - મેળવવામાં તો તેને...

તન-મનને

લગભગ હોમી દેવા જ પડે છે અને તેથી પણ વધુ ભયંકરતા તો ત્યારે જાગે કે જ્યારે તેના માટે

હિંસા - અસત્ય - ચોરી - દુરાચારનો

આશય કરવો પડે છે.

ઈતિહાસનો કોઈ રાજવી એવો નહોતો કે જેની પાસે ખાવા-પીવા નહોતું. તો...

આક્રમણો કેમ કર્યા ? - અનેક યુદ્ધો કેમ કર્યા ?

કોણે સર્જી એ લોહીયાળ ક્રાંતિ ? લોહીની નદીઓ કેમ વહી ?

માંસના પર્વતો કોણે ખડા કર્યા ?

લાખો સૌભાગ્યવતીના તિલક કોણે ભૂંસ્યા ?

એક જ કારણ... દુર્વાર રાજ્યલિપ્સા !!

દુનિયાના માલિક બનવાની ભયંકર ઘેલછા !

લોભના કાતિલ ઝેરે જ ગામોના ગામોનો, રાજ્યોના રાજ્યોનો સંહાર કર્યો છે અને કરે છે...

લોભને અને ક્રોધને આધીન થનારા કદી અંતર્મુખ થઈ શકતા નથી.

અંતર્મુખ થયા વિના કદીય માનવ તરીકે જીવી શકે જ નહીં.

દુનિયાના બધાય ધર્મોએ દેવોની વાત કરી હોવા છતાં સૌએ પરમાત્મ તત્ત્વના સંરક્ષક, પ્રચારક કે પ્રબોધક તરીકે -

માનવ દેહને જ અનુકૂળ માન્યો.

માનવદેહનું આટલું બધું મૂલ્ય હોવાનું કારણ એક જ છે કે, માનવ અંતર્મુખ થઈ શકે છે, ક્રોધના અને લોભના ઝેરને વમી શકે છે.

આજ ક્રોધ... લોભ... આત્મસંપત્તિને અદૃશ્ય કરી રહ્યા છે.

સૂરીશ્વરજી આદિ શબ્દથી બીજા પણ આવા વિષનું સૂચન કર્યું છે, પણ તે બધાય આ કક્ષાના જ છે.

બંને વિષ જ્યારે સંપૂર્ણ નષ્ટ થઈ જાય,

ત્યારે આત્માને આત્માનું જીવન મળે...

ભાવ પ્રાણને નાશ કરનારૂં તમામ વિષ ઉતરી જાય અને...

આત્મા સાથે પરમ આત્માનું એકીકરણ થઈ જાય !

(૪)

किं पीयुषम् ? विवेकिता ॥३॥

અમૃત કયું ? વિવેકિતા...

ઝેરની વાત યાદ આવતાં અમૃતનું શરણ શોધવાનું સહજ દિલ થઈ આવે છે. 'ભય' પેદા થતાં રક્ષણનો ખ્યાલ સાથે જ જન્મે છે.

મૃત્યુ યાદ આવતાં જીવનને ટકાવી રાખવાની ઘુમરી મગજ પર પ્રભુત્વ જમાવી દે છે.

લોકોએ તેવી વસ્તુની કલ્પના પણ કરી રાખી છે.

પુરાણમાં એક વાત આવે છે કે, દેવ અને દાનવોએ એકવાર સમુદ્રમંથન કર્યું. મંથન કરતાં અમૃત નીકળ્યું અને પ્રપંચ કરીને દેવોએ તે લઈ લીધું, ને તેનું પાન કરી દેવો અમર થઈ ગયા.

આમ, આવી અવનવી કલ્પનાઓ વિશ્વ સાહિત્યમાં અંકાયેલી છે.

સાહિત્ય એક પ્રવૃત્તિ છે... તે કદી ન ભૂલવું કે પ્રવૃત્તિ માત્ર વૃત્તિનો વિકાસ છે.

જીજીવિષાનો તીવ્ર અભિલાષ કે મરણનો અનિવાર્ય ભય, સાહિત્ય પ્રવૃત્તિમાં આ અમૃતની કલ્પનારૂપે કંડારિત થાય છે, પણ...

આવું કોઈ અમૃત કદી હોઈ શકે નહીં કે જે માનવીને - એકને એક દેહમાં શાશ્વતકાળ ટકાવી શકે !

શાશ્વતકાળ એક દેહમાં ટકી રહેવાતું હોત તો, જગતમાં કોઈ ધર્મની કે ધર્મોપદેશકનાં અસ્તિત્વની જરૂર સ્વીકારાઈ ન હોત !

ધર્મની જરૂરિયાત જ સિદ્ધ કરે છે કે, શાશ્વત દેહધારિતા એટલે કોરી કલ્પના !

અહીં કોઈ આવો મિથ્યા પ્રશ્ન પૂછવામાં નથી આવ્યો, પ્રશ્ન અમૃત માટે છે, પણ...

તે અમૃત એટલે શાશ્વત દેહધારિતા બક્ષનાર નહીં, પણ દેહમાંથી મુક્ત કરીને શાશ્વતકાળ આત્મસ્વરૂપમાં સ્થિર કરનાર કોઈ દિવ્યશક્તિ !

માટે જ મહર્ષિનો જવાબ છે કે... "વિવેકિતા" વિવેક-પૃથક્કરણ જુદું કરવું

(૧) સુખ અને દુ:ખનું પૃથક્કરણ !

(૨) સત્ય અને અસત્યનું પૃથક્કરણ !

(૩) ઊપાદેય અને અનુપાદેયનું પૃથક્કરણ !

(૪) કરણીય અને અકરણીયનું પૃથક્કરણ !

(૫) આત્મા અને દેહનું પૃથક્કરણ !

આટલા પૃથક્કરણો થાય એટલે અમૃતનો ઝરો વહ્યા વિના રહે નહીં!

આત્માના પ્રત્યેક પ્રદેશમાં આનંદની ઊર્મિ વહેવા માંડે !

સુખ અને દુ:ખનું પૃથક્કરણ કરી શકીએ તો તરત સમજાય કે,

સુખ અંતરમાં છે - દુ:ખ જગતમાં છે.

જગતથી સુખ ન મેળવાય, અંતરથી કદી દુ:ખ ન પ્રાપ્ત થાય.

આ પૃથક્કરણ જગતને તૃણ સમજી છોડી દેવાની તાકાત આપે,

ઘોર ઉપસર્ગો વચ્ચે મહામુનિઓને મસ્ત રહેવાની અનોખી શક્તિ આપે !

સત્ય અને અસત્યનો તફાવત જણાય એટલે...

"આત્મામાં શાશ્વતનો પ્રેમ જાગે! ક્ષણિકનો રોષ જાગે!"

આ બધા પૃથક્કરણો જ એક દિવ્યશક્તિનો પ્રત્યક્ષ અનુભવ કરાવે છે. ભોગી, મૃત્યુની વાત આવતાં હેરાન થઈ જાય છે, ત્યારે...

'મૃત્યુ' આત્મા અને ભૌતિક શરીરના વિયોગથી વધુ કશું જ નથી.

જેને આત્મામાં ભરેલો અખૂટ ખજાનો જોવો છે, તે કદીય ભૌતિક મૃત્યુથી ગભરાતો નથી, તેને તો દેહની હદ વિનાનું જીવન જીવવું છે.

પાણીના તરંગો પાસે સ્થિરતાની - શાશ્વતતાની અપેક્ષા કદી કરી ન શકાય.

આ જ્ઞાન દૃઢ થાય એટલે ઈન્દ્રિયોની લોલુપતા - ક્રોધ - માન - માયા - લોભની પરંપરા અસ્ત થવા માંડે. અને... અને...

વિવેક રૂપ અમૃતમય શાશ્વત જીવનની પ્રાપ્તિ થઈ જાય.

❖ ❖ ❖

પ્રકરણ : ૪

किं दैन्यं ? धर्महीनत्वं,
का भूतिः ? धर्मवासना ॥
को महान् ? सद्गुणै ज्येष्ठः,
को लघुः ? परनिंदकः ॥४॥

(૧)

किं दैन्यं ? धर्महीनत्वं,

ગરીબાઈ શું ? ધર્મનો અભાવ.

પ્રશ્નકારે પ્રશ્ન કર્યો કે, ગરીબાઈ શું ?

જવાબ આપ્યો કે, ધર્મનો અભાવ !

જવાબ અને સવાલ સાંભળીને કંઈક મૂંઝવણ થાય તે બનવા જોગ છે. આપણે જાણીએ છીએ અને માનીએ છીએ કે,

દરિદ્રતા એટલે પૈસાનો અભાવ... તેનું કારણ,

તેના વિના કોઈ પણ ઈચ્છા સફળ ન થાય.

અરે !

વસુ વિના નર પશુ !

તેના વિના ખાવાનું ન મળે !

ન પીવાનું મળે !

ન રહેવાનું મળે !

પણ...

જરાક થોભો ! વિચાર કરો !

શું આજ ગરીબાઈ છે ?

આ ગરીબાઈ કહેવાય તો પણ...

માનવજીવનમાં દુષણરૂપ છે ? કે ભૂષણરૂપ છે ?

ધન કરતા પણ અધિક શ્રીમંતાઈ તમે કદી ક્યાંય જોઈ છે ?

લક્ષાધિપતિ એક સામાન્ય ભિખારી સ્ત્રીનાં ચરણમાં હાથ જોડીને શા માટે પડે છે ?

ઈચ્છાને ભોગપિપાસાને આધીન થનારાને સદાય ઝૂકવું જ પડે છે.

આ ઝૂકવાની ક્રિયા જોઈને આપણું મન અને તન બંને ટેવાઈ ગયા છે.

મન અને તનને આમ ઝૂકી પડવામાં કશું જ આશ્ચર્યજનક લાગતું નથી. ક્યાથી લાગે ?

લાખોના ખજાનાનો હું માલિક છું, તે ન સમજાય. ત્યાં સુધી લક્ષાધિપતિપણાનું ગૌરવ ક્યાંથી પેદા થાય ?

સંતોષરૂપી અખૂટ સંપત્તિનો હું માલિક છું.

તેમ ન સમજાયું હોવાથી ગૌરવ પેદા નથી થયું.

હું પરમ સંતોષસ્વરૂપ છું !

ક્રોધ - માન - માયા - લોભથી પર છું !

આમ ન સમજાય - ન અનુભવાય તેનું નામ જ દીનતા પામરતા છે.

'સ્વ'ને નહીં ઓળખનાર જેવો દીન છે,

તેવો દીન કદી કોઈ હોઈ શકે નહીં !

ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ !

'વત્થુસહાવો ધમ્મો'

આત્માનો નિર્વિકાર સ્વભાવ તે જ આત્મધર્મ !

જ્યાં સુધી આ દશાનો અનુભવ ન થાય ત્યાં સુધી દીનતા છે.

માટે જ દીર્ઘદૃષ્ટિ મહર્ષિએ અંતિમ સત્ય ઉચ્ચાર્યું કે -

દીનતા એટલે - ધનનો નહીં - રાજ્યનો નહીં - સત્તાનો નહીં. પણ...

પોતાના સ્વભાવનો - ધર્મનો - આત્મગુણોનો અભાવ !

આત્મગુણોની અનુભવશૂન્યદશા તે જ દીનતા !

(૨)

का भूतिः ? धर्मवासना,

વૈભવ કયો ? ધર્મવાસના.

Aristotal માનવીની વ્યાખ્યા કરતાં, માનવીને સામાજિક પ્રાણી ગણાવે છે. તેની વ્યાખ્યાની મૌલિકતા કે અમૌલિકતાનો વિચાર બાજુ પર રાખીએ તો પણ એટલું તો કબૂલવું જ પડશે કે માનવની અંદરની સહવાસની તીવ્ર લાગણી ઉભરાયા જ કરતી હોય છે.

આજ લાગણીની પોષક તેમજ વિકાસક બીજી કેટલીક લાગણીઓ છે. - 'આકર્ષક' દેખાવાની લાગણી પણ તેમની જ એક લાગણી છે.

જંગલમાં ફરતો માનવ પણ મૃગચર્મથી પોતાના દેહને આકર્ષક બનાવતો હોય છે.

આજે તે ઢંગ જુદી રીતે વિકસ્યો છે, છતાં તે લાગણીના પરિબળ તો તેવા ને તેવા છે. પ્રબળ બન્યા છે, પણ પોચાં નથી થયાં.

આકર્ષણ જન્માવાની લાગણી દેહ પૂરતી મર્યાદિત ન રહેતાં, રહેઠાણથી માંડીને જીવન જરૂરિયાતના દરેક ક્ષેત્રમાં પ્રવેશી.

આ પ્રવેશને જ વૈભવ કે ઐશ્વર્ય કહેવામાં આવે છે.

પગના રક્ષણ માટે ચામડું પગે લગાડી દઈએ તોય ચાલે. પણ...

અન્યનું આકર્ષણ કરવું હોય તો નવી-નવી તરહ-તરહની કારીગરી વિના ચાલે જ નહીં.

આકર્ષકતા જન્માવે તેવી રીતે જરૂરિયાતની કે બીન જરૂરિયાતની વસ્તુનું આયોજન તે જ વૈભવ - ઐશ્વર્ય છે.

બેસવા માટે પથ્થરનો ટુકડો પણ પર્યાપ્ત છે, પણ...

નકશીથી કોરી કાઢેલી હાથીદાંતની ખુરશી વૈભવના આકર્ષણ માટે પર્યાપ્ત જ થાય તેવું ન બને.

હીરા-માણેકથી મઢેલી સોનાની ખુરશી તેના કરતાં પણ વધી જાય.

માનવે આવા વૈભવ પ્રત્યેક ક્ષેત્રમાં ઉપજાવી કાઢ્યા છે.

અન્ય માનવીનું ધ્યાન શીઘ્રતાથી ખેંચાય તે માટે તો જાહેરાતના વિષય પર તત્ત્વજ્ઞાન કરતાં પણ ઘણું ઊંડું ચિંતન થવા પામ્યું છે.

કોઈ અબુઝ શિષ્યએ આ બધા વૈભવોને નિહાળીને સૂરિવર્યને પ્રશ્ન પૂછ્યો, 'ખરેખરો વૈભવ કયો ?'

'આ બધા વૈભવોમાંથી સર્વોત્તમ વૈભવ કયો ?'

સૂરિદેવે એક વેધક દૃષ્ટિ દોડાવીને જવાબ આપ્યો.

ઉંડા રહસ્યનો વિસ્ફોટ કર્યો.

જો કે એમના પ્રશ્નનો જવાબ તો સામાન્ય જ લાગે છે. તેઓ જણાવે છે કે, 'ધર્મવાસના' એ જ વૈભવ છે.

તેમનો એક જવાબ ને તેની પાછળ રહેલા અનેક પ્રશ્નો પછી સમજાશે.

તેમના એક જવાબમાં હજારો પ્રશ્નોનો ગર્ભિત જવાબ છે.

તેઓ પૂછે છે કે...

સારી દુનિયાના બધા જ વૈભવ ઐશ્વર્યને તમારી નાની કોટડીમાં લાવી દો.

કાશ્મીરના ગાલીચા તમારી કોટડીમાં પાથરો !

મોર્ડન ટાઈપના પડદાથી તમારાં બારી-બારણા શોભાવો !

સારાય ઓરડાને આલમની અજાયબીથી ભરી દો !

પણ... માત્ર... તમે... ઓરડાના માલિક - નિશ્ચેતન થઈ જાવ !

પછી... તે વૈભવ કેવો દીપી ઊઠે છે ?

ચૈતન્યવિહિન શબ માટે દુનિયાનો વૈભવ એ વૈભવ છે ખરો ?

ચૈતન્યસહિત ભલે રહો ! પણ...

તમારા ઓરડાના રાચ-રચીલાને જોતી આંખોનું તેજ ચાલ્યું જાય, આંખ વિના તમારા વૈભવની કોઈ કિંમત ખરી ?

ચૈતન્ય વિના દુનિયાની પણ કિંમત નથી તો આવા વૈભવની કોણ કીંમત આંકશે ?

તેઓ આગળ પૂછે છે કે... 'હે ચેતનાવંત ! દુનિયાના વૈભવને તો તું આંખે નિહાળે છે પણ...

પાંચ મિનિટ આંખો બંધ કરીને અંતરને તું કદી નિહાળે છે ?'

"જે વૈભવને તું આંખથી નિહાળે છે,

જેની કીંમત તું સમગ્ર વૈભવથી અધિક માને છે.

તે આંખનો વૈભવ કોના પર છે ?

ચેતન્યની એક ઝલક પર જ ને ?"

આવા ચૈતન્યથી ઉછળી રહેલ આત્માના વૈભવની તેં કદીય કલ્પના કરી છે ?

આ વૈભવશૂન્ય આત્મા ચેતન કહેવાતો હોય, તો પણ અચેતન જેવો છે.

આત્મવૈભવથી રહિત મનુષ્યની આંખો ચારે બાજુ ફરી રહી હોય, સુંદર અને સુડોળ હોવા છતાં...

તેમાં લંપટતા - કામુકતા - નિર્લજ્જતા વગેરે વિચિત્રતા ડોકિયાં કર્યા જ કરવાની !

બહારના સુંદર રાચ-રચીલાને, રૂપ-રંગને જોશે કે તરતજ મન તેને મારૂં બનાવવાની ચેષ્ટા કરશે. કદાચ,

મારું બનાવવામાં અસફળ રહેશે તો તે સૌંદર્યનો વિનાશ કર્યા વિના પણ અટકશે નહીં.

ઝવેરીની દુકાનમાં ઝવેરાતનો કેટલો મનોહર વૈભવ છે.

ત્યાં જઈને જોવા માટે કોઈ મૂલ્ય ચૂકવવું પડતું નથી !

છતાં...

તેમાંનો એક ટુકડો પણ પોતાની મહુલીમાં આવી જાય તો માનવ પોતાને વૈભવશાળી માને છે.

આખરે... એક જ ફલિત થાય છે કે...

"આવા વૈભવ અને વિલાસ એ મારાપણાની મલીન વાસનાના જ પોષક કે સંરક્ષક બની રહે છે."

પોતાનાં રાજભવનમાં મયૂરાસન લાવવા માટે નાદિરશાહે હજારોના લોહીની નદીઓ વહેવડાવી, પણ...

પછી... શું ખરેખર આનંદ આવ્યો ?

ના... કદી ન જ આવી શકે. માટે જ...

આ બધા પ્રશ્નોનો એક જ જવાબ છે કે,

'સાચો વૈભવ ધર્મની વાસના-ભાવના જ છે.'

સંતોષ પ્રગટે એટલે સારી દુનિયાનું સ્વામિત્વ પ્રાપ્ત થાય.

સારી દુનિયાના વૈભવની એકહત્થુ સત્તા - સંતોષી મેળવી શકે છે.

બાકીનાએ તો માત્ર તે વૈભવની વ્યવસ્થા જ કરવાની હોય છે, માટે જ સંતોષરૂપ ધર્મવાસના એ જ સાચો વૈભવ છે.

ક્ષમા - નમ્રતા - સરલતા - સંતોષ એ ધર્મમાર્ગના મહાન પાયા છે.

'જેનાં જીવનમાં આ ચાર પાયા વસી ગયા છે.'

'તેનું જીવન વૈભવયુક્ત બની જાય છે.'

'તેની વાણીમાંથી દયાનું મધુર સંગીત પ્રગટે છે.'

'આંખમાંથી નિષ્કામ કરૂણાનું કલકલતું મધુર ઝરણું વહેવા માંડે છે.'

હૃદયમાં ક્યાંતો નિષ્કામ વેદનાનું પૂર હોય છે,

કાંતો અવિનશ્વર વૈભવનો અદમ્ય ઝગમગાટ ભર્યો હોય છે.

તેની કાયામાં પરાર્થરમણતા નૃત્ય કરતી હોય છે.

આ વૈભવથી અધિક વૈભવ કયો હોઈ શકે !

પાવડરની ધોળાશ ઉછીની લઈને મોઢા પર મઢનારના વૈભવમાં કેટલી દીનતા છે.

હોઠની લાલી માટે લીપ્સ્ટીકના લપેડા કરનારમાં વૈભવ માટે કેટલી ક્ષુદ્રતા હોય છે,

વસ્ત્રોની રોનક અને ઘરેણાંની કીંમતથી પોતાની રોનક અને કીંમત વધારનારમાં કેટલી ભ્રામક માન્યતા છે !

આવા વૈભવથી કદી કોઈ આકર્ષાયું નથી.

હા... આવા વૈભવોએ આક્રમણો ચોક્કસ કરાવ્યા છે.

તન અને ધનનો નાશ.

અને... **અપવિત્રતાને તો ચોક્કસ આમંત્ર્યા છે.**

હજારો રાગીઓ અને

વૈભવશાળીઓને કોઈ યાદ કરતું નથી, પણ...

આંતર વૈભવથી યુક્ત તીર્થંકરો - મહામુનિઓ અને

સત્વશાળીઓના આત્મવૈભવથી આજે પણ દુનિયા એટલી જ આકર્ષાઈ રહી છે.

અને... આકર્ષાઈ રહેવાની છે !

(૩)

को महान् ? सद्गुणैर्ज्येष्ठः

મોટું કોણ ? સદ્‌ગુણો થકી મહાન.

'દેખાવા' અને 'હોવામાં' આકાશ-પાતાળનું અંતર ભર્યું પડ્યું છે.

સોના જેવું પીળું દેખાય એટલા માત્રથી સોનું ન હોય.

એટલે જ...

આંગ્લભાષામાં એક લોકસત્ય ઉચ્ચારાયું છે કે, 'All That glitters is not gold' "ઉજળું એટલું સોનું નહીં.".

ગુજરાતી ભાષામાં કહેવાયું છે કે, **"ધોળું એટલું દૂધ નહીં."**

મૌલિક અને અમૌલિક વસ્તુનો તફાવત ઘણી વખત ખૂબ ગંભીર બની જાય છે.

તેવા સમયે કોઈ નિર્ણાયક પ્રમાણની અપેક્ષા પેદા થાય છે.

મૌલિક - શુદ્ધ દૂધને ઓળખવા દૂધ માપકયંત્રથી માપવું પડે છે !

અમૌલિકતાએ મૌલિકતા પર એક ધાર્યું આક્રમણ કર્યા જ કર્યું છે, અને કર્યા કરશે.

જ્યાં સુધી આ આક્રમણ રહેશે ત્યાં સુધી તેનું નિરાકરણ કર્યે જ છૂટકો !

શિષ્યે પ્રશ્ન પૂછ્યો કે... "મોટું કોણ ?"

મોટાની જાણ તો તેને છે. પણ... પરખ નથી !

સોનું જાણવું તે જુદી વાત અને...

પારખવું તે જુદી વાત !

તેના માટે - કષ - છેદ અને તાપ અનિવાર્ય જોઈએ.

અહીં પણ તે ખ્યાલ રાખીને જ જવાબ આપવામાં આવ્યો છે.

મહર્ષિએ જણાવ્યું છે કે...

"જે સદ્ગુણોથી મહાન છે તે જ મહાન છે !"

મહાન પદવી મેળવનાર ઘણા હશે !

દાની અને વીરતાના પ્રમાણપત્રોનો થોકડો કેટલાયે એકઠો કર્યો હશે!

કાગળ ઉપર નહીં, પણ...

પથ્થર પર - શિલાલેખો દ્વારા

તેમનાં નામો કદાચ સુવર્ણ અક્ષરે અંકાયા હશે !

સામાન્ય ખુરશીને નહીં, પણ...

અંતિમકક્ષાની ખુરશીને શોભાવતા હશે !

એક નહીં પણ... અનેક પ્રશસ્તિકાર તેમની પેટ ભરીને પ્રશંસા કરતાં હશે ! પણ...

આટલા માત્રથી જ કોઈ મહાન છે તેવો નિર્ણય કરી લેશો નહીં.

'મહાન' કદીક એવો પણ મળી આવશે કે, જેનું નામ પણ કોઈ જાણતું નહીં હોય !

'મહાન' કદીય એવો પણ હશે કે તેની પાસે સત્તાનું સિંહાસન તો શું પણ નાની સરખીય ખુરસીય નહીં હોય !

'મહાન' કદીય એવો પણ હશે કે જેને જગત મૂર્ખ કે નક્કામાં તરીકે ઓળખતું હશે ! પણ...

પારખું કરવામાં કદી ભૂલા ન પડશો !

સત્તાના સિંહાસન પર બેઠેલાનું સિંહાસન નહીં, પણ...

હૃદયનું આસન જોજો.

ત્યાં કેટલા ગુણો આવીને બેઠા છે. તે પછી જ

તેની મહત્તાનો નિર્ણય કરજો !

સિંહાસન જોઈને મુગ્ધ ન થશો, હૃદયને જોવા જેટલો વિવેક બાકી રહેવા દેજો.

જો સાચા મહાનનું કામ હોય તો પરીક્ષામાં ઉતરજો !

પિત્તળને સોના તરીકે વેચવાનું સૌને પાલવે તેવું છે.

પિત્તળને સોના તરીકે જાહેર કરવા માટે કોઈને પણ કંઈ પરિશ્રમ ઉઠાવવો નથી પડતો.

પાગલ પણ પિત્તળને સોનું કહી શકે છે.

સોનાની પરીક્ષામાં ધૈર્ય રાખવું પડે છે, સહન કરવું પડે છે.

સોનાના અર્થીમાં ધૈર્ય જોઈએ - પરીક્ષા સુધી પહોંચવાનું !

કષ - છેદ અને તાપ દરમ્યાન ઉઠાવવા પડતાં કષ્ટને સહન કરવાની તૈયારી હોય તો જ સત્ય સુવર્ણની પ્રાપ્તિનો આનંદ માણી શકાય.

મહાનની પરીક્ષા માટે પરિશ્રમ - ધૈર્ય અને સહનશીલતાની જરૂર છે.

તેથી કોઈ પણ રોનક પરથી 'મહાન' છે, તેવો નિર્ણય લેશો નહીં.

પણ... મહત્તાને જગાડનાર સાચી ભવ્યતા તરફ જોજો !

સ્વગુણોથી જ મહત્તા મેળવી શકાય છે, તે કદીયે ભૂલશો નહીં.

ધનને ભેગું કરવાથી શ્રીમંતાઈ મળી શકશે, પણ...

મહત્તા નહીં મળે. કારણ ?

ત્યાં આંખ આંજી નાંખે તેવી રોનક હોવા છતાં પણ...

સદ્ગુણરૂપી ભવ્યતાનો એક કણિયો પણ નથી.

દાન કરનાર દાતાઓ તેમના જમાનાના બેજોડ શ્રીમંત જ હતાં તેવું નથી.

તેમની પાસે શ્રીમંતાઈ ન હતી, છતાંય દાનના સદ્ગુણો જગાવેલી મહત્તા જરૂર હતી.

સાચા સાધુઓ કે વિરાગીઓ પાસે સત્તાનું કોઈ સિંહાસન નથી હોતું, તેથી કદીયે ત્યાં ભભક દેખાતી નથી.

છતાં...

અનર્ગલ મહત્તાના ફુવારાઓ ત્યાંથી જ ચોમેરના વાતાવરણને શીતળ બનાવવા ઉછળી રહ્યા હોય છે.

હાથમાં ચપ્પું, છરી, બંદૂક કે બોંબ હોય તેનામાં રૂઆબ દેખાશે, હજારો તેની કાકલૂદી કરતાં પણ જણાશે, છતાંય 'મહત્તાનું નામ-નિશાન ત્યાં મળવું મુશ્કેલ છે.'

ક્ષમાના બખ્તરને ધારણ કરતાં કોઈ અલખયોગીની પાસે શસ્ત્ર નહીં હોય, તેથી દાબ કે પ્રભાવ પ્રથમ દૃષ્ટિએ ગોચર નહીં થાય, પણ તેની મહત્તાને નિહાળશો - પારખશો ત્યારે...,

એક અપૂર્વતા પ્રગટિત થયા વિના નહીં રહે !

સદ્‌ગુણો તે જ કહેવાય કે...

"જ્યાં ભભકતા નહીં, પણ ભવ્યતા પ્રગટ થતી હોય !

આકર્ષણ નહીં, પણ એકાત્મતા અનુભવાતી હોય !

જ્યાં આક્રમકતા નહીં, પણ પરાક્રમતા હોય !"

'આક્રમકતા એટલે બહિર્મુખ હલ્લો !'

'પરાક્રમતા એટલે બહિર્મુખ હલ્લાનો લીલામાત્રથી પરાભવ!'

આક્રમણ - પરનાં સુખને ઝૂંટવે છે !

પરાક્રમ - પરનાં દુખને ઝૂંટવે છે !

આવા પરાક્રમીઓમાં જ સદ્‌ગુણો હોય અને તેજ સાચા મહાન !!!

(૪)

को लघुः ? परनिन्दकः

કોણ લઘુ-નાનું ? પારકી નિંદા કરનાર !

ઓરડી બંધ કરીને બેઠા હોય તેને બહારના અવાજની શી પરવા હોય ?

બહારનો અત્યંત ઘોંઘાટ પણ Sound Proof દિવાલોની અંદર બેઠેલાને શું કરી શકે ?

માનવીનું પણ કંઈક આવું જ છે. એને કેટલાય દ્વારોને Sound Proof બનાવીને બંધ રાખ્યા છે. પરિણામે એક ભેદક, વિભાજક રેખા ઉપસી આવે છે.

'દેખતાને અને આંધળાને જુદા કરતી'

'લઘુ' શબ્દ સૌની જીભ પર છે પણ...,

ભાગ્યે જ કોઈનાં મન પર પહોંચ્યો છે !

સાઉન્ડ પ્રૂફ દિવાલોના દરવાજા ખૂલે નહીં ત્યાં સુધી તે શબ્દ કેવી રીતે સંભળાય ?

'લઘુ' એટલે 'હલકું'

આવું જ આપણે માની બેઠા છીએ પણ...,

'લઘુ' શબ્દની મહત્તા - અર્થ - ગાંભીર્યતા સુધી આપણે પહોંચી શક્યા નથી.

'લઘુ'નો સાચો અર્થ પણ જાણવાની જરૂર છે.

અર્થને જાણવાની મુસીબતમાં પડતાં પહેલાં પૂજ્યશ્રીના જવાબને સમજીએ...

જવાબ સમજાશે, તો 'લઘુ'નો અર્થ પણ સમજાઈ જશે.

સૂરિજી ફરમાવે છે કે, 'પર' નિંદા કરનારો જ લઘુ છે.

શું નિંદા કરનારો આ દુનિયામાં કોઈ ગુરૂ - જાડો નથી ! અને

જાડો નિંદા કરતા શું લઘુ - પતલો થઈ જાય છે ? અને

પતલો - નિંદા કરતાં શું હવામાં ઉડવા માંડે છે ?

આવા અનેક પ્રશ્નો આપણે સૂરિજીની પાસે ઉપસ્થિત કરી શકીશું.

પણ... તેટલા માત્રથી વાસ્તવિકતાનો તાગ નહીં પામી શકાય.

"પહેલાં પરનિંદાને સમજો."

નિંદા કરનારો પણ એટલું તો જાણતો જ હોય છે કે, નિંદા કરવી ખરાબ છે.

ત્યારે તે શા માટે નિંદા કરે છે ?

તેની પાસે આના માટે એક તર્ક છે. એ પૂછે છે કે,

"શું દુર્ગુણો હોવા છતાં ન બોલવાં ?"

"દેખાય છતાં પણ ન જોવા ?"

આવા પ્રશ્ન કરનારને મુક્તમને કહેજો, "ભાઈ ! નિંદા કરવાની ના જ કોણ પાડે છે ?"

બોલો ! ખૂબ દુર્ગુણો બોલો.

ન હોય છતાં પણ શોધી કાઢો.

ન હોય છતાં પણ જરૂર બોલો.

કોઈ સાંભળતું ન હોય તો રસ્તા પર જઈને પણ બૂમ પાડો !

કોઈની પાસે જઈને પણ નિંદા કરો !

નિંદા કરવાનો વિરોધ કરવાનું સૂરિજીએ જણાવ્યું જ નથી.

તેઓએ તો જણાવ્યું છે કે, **"પરની નિંદા ન કરો તમારી નિંદા તો પ્રતિક્ષણ કરતા જ રહો."**

તમારા દુર્ગુણો જોવા ન મળતા હોય, તો કોઈની પાસે જઈને જોતાં શીખી આવો.

કદાચ ખૂબ પ્રયત્ન કરવા છતાં પણ ન દેખાય તો પણ એમ જ વિચારો કે,

'મારી પાસે મારા દુર્ગુણો જોવાની આંખ ખલાસ થઈ ગઈ છે.' માટે મને ન દેખાય છતાં પણ મારે મારી નિંદા તો કરવી જ જોઈએ.

'કોઈને સાંભળવાનું મન હોય કે ન હોય, પણ મારે તો મારા દુર્ગુણો બોલવા જ.'

રસ્તા પર ચાલતાં એકલો માણસ મસ્તીમાં આવી જઈને ગાયન નથી ગાતો ? કોણ તેનું ગાયન સાંભળે છે ? છતાંય...

મસ્તીમાં આવેલો તો ગાવાનો જ !

તેવી જ રીતે તમે પણ તમારી નિંદા કરવાની મસ્તીમાં આવી જાવ તો તમને તેમ કરવાની છૂટ છે.

શાસ્ત્રમાં તો દરેક ક્રિયામાં **'अप्पाणं निंदामि गरिहामि'**ની ભાવનાને ઠાંસી ઠાંસીને ભરી દેવામાં આવી છે, પણ આપણને તો 'પર' જ 'બીજો' જ દુર્ગુણોનું સ્થાન દેખાય છે.

'બીજાનામાં દુર્ગુણો હોવા છતાં કેમ ન બોલવા ?' દુર્ગુણીની નિંદા કરવામાં, પાપીને પાપી કહેવામાં શું વાંધો ?' આવા સવાલ પૂછનાર કેટલા અજ્ઞાની છે ! કેટલા આત્મવંચક ક્ષુદ્ર છે !

આ પ્રશ્નો પાછળનું માનસ એક વસ્તુ તો અવશ્ય દર્શાવે જ છે કે,

"પ્રશ્ન કરનાર આત્મા કે કર્મ બેમાંથી કોઈને સમજ્યો નથી !" કદાચ...

આત્મા કે કર્મની વાતો તે અવશ્ય કરતો હશે ! પણ...

તેને તે વિષયનો જ્ઞાની ન કહેશો.

પણ... તે વિષયની તેને 'ટેપરેકોર્ડ' માની લેવામાં કોઈ વાંધો નથી.

આત્મા પર વિશ્વાસ રાખનારો,

પોતાની જાતને જાણનારો, કદી...

બીજાના દુર્ગુણો જોઈ શકે ખરો ?

જેને આત્માની પવિત્રતાનો ખ્યાલ હોય,

જીવનનું બહુમાન હોય,

તેને સામેની વ્યક્તિમાં ચેતન્ય દેખાય, કે... દુર્ગુણો દેખાય ?

'આત્મા' પરનો સાચો વિશ્વાસ આવે ત્યારે પ્રત્યેક વ્યક્તિમાં દેહથી ભિન્ન દુર્ગુણોથી જુદું એવું એક ચૈતન્ય દેખાવા માંડે !

આત્મશ્રદ્ધાળું એમ વિચારે કે હીરો વિષ્ટામાં પડી ગયો, તેથી 'હીરા'ના તેજમાં શું ઘટાડો થયો ?

હીરાની કિંમત શું ઓછી થઈ ?

તેવી જ રીતે કોઈ આત્મા દોષવાળો હોય તો પણ શું તે આત્મા નથી?

વિષ્ટાના ઢગમાં હીરો જુએ તોય ઝવેરી ગ્રહણ કરી લે, પણ મૂર્ખને તો હીરો મળે તો પણ કાચ સમજે ! વિષ્ટામાં પાછો નાંખે !

બીજી વ્યક્તિમાં દોષ દેખાય ત્યારે એમ સમજવું જ રહે છે કે હીરા તરફ નજર ગઈ નથી પણ વિષ્ટા તરફ જ નજર ગઈ છે.

વિષ્ટા તરફ નજર જાય, ત્યાં સ્થિર થાય તેથી પણ આગળ વધીને તે દુર્ગુણના ગંદવાડને જીભ ઉપર લવાય તો તે સમજવું પડે કે મનુષ્યના રૂપમાં તે કોઈ ભૂંડ છે.

જે મનુષ્યને પોતાની જ વિષ્ટા તરફ આટલી બધી સૂગ હોય તે મનુષ્ય અન્યના દુર્ગુણરૂપી વિષ્ટા ચૂંથે તો તે મનુષ્ય કેવી રીતે કહેવાય ? મનુષ્ય હોય તો પણ તે ભૂંડ-સુવરથી વિકસિત નથી ?

આત્માને જાણનારો,

આત્માની શ્રદ્ધા કરનારો તો,

દુર્ગુણોથી દૂર - અલિપ્ત એવા આત્માને જ

બીજી વ્યક્તિમાં નિહાળે છે !

કર્મને માનનારા જાણે છે કે કર્મની પરાધીનતા કુટિલ છે !

મહાન સાત્ત્વિક આત્માઓ પણ એક વખત કર્મના જોરે ક્ષુદ્ર દશામાં હતા.

દુર્ગુણો તો એક આવરણ છે.

કાળા આવરણની પાછળ ધોળી વસ્તુ હોય તો આપણને ન ખપે એવો આગ્રહ કર્મના જાણકારને ન હોય !

તેથી જ કર્મના જાણકાર આવરણની ભયંકર કાળાશને ભેદીને પણ...

શ્વેત - સદ્‌ગુણથી પૂર્ણ એવા

આત્માને જ બીજી વ્યક્તિમાં નિહાળે છે.

તે કદીય બનવા જોગ નથી કે,

આત્મજ્ઞાની-કર્મજ્ઞાની-દુર્ગુણી એવી પરવ્યક્તિના દુર્ગુણનો નિંદક હોય !

કર્મ અને આત્માનું જ્ઞાન તો કદાચ તાત્ત્વિક સૂક્ષ્મતાથી ભર્યું છે. તેમ કહીને અજ્ઞાનપણાથી પરનિંદક પોતાની દયા જન્માવીને ગુન્હામાંથી દૂર જવા પ્રયત્ન કરે, પણ...

બીજાની દયા પર જીવતો તે પરનિંદક સમજી નથી શકતો કે તે પોતે જ પોતાની દયા કરે તે જ ઈચ્છવા યોગ્ય છે.

"મને કર્મ અને આત્માનું જ્ઞાન નથી તેથી મારાથી પરનિંદા થઈ જાય છે" તેમ બચાવ કરનારો પણ એ ભૂલી જાય છે કે તેને પોતાનું જ્ઞાન તો છે જ ને ?

સવારથી સાંજ સુધી પોતે કરેલા એક પણ દુર્ગુણને તે પરનિંદક યાદ કરતો હોય છે ખરો ?

શું પોતાના દુર્ગુણો પણ પોતે નથી જાણતો ?

કદાચ કોઈ ડાહ્યો માણસ આવો બચાવ કરનારને પોતાના દુર્ગુણ બતાવશે તો પણ તે માન્ય કરશે ખરો ?

"બીજાના દુર્ગુણો હોય તો તે ટીકાને પાત્ર છે,

તેની ટીકા કરવાનો પોતાને હક્ક છે એમ માને છે." પણ...

ઢાલની બીજી બાજુનો તે વિચાર કરે છે ખરો ?

"હું પણ બીજાની દૃષ્ટિએ પર છું !"

મારા દુર્ગુણોની ટીકા કરવાનો આ બધાને અધિકાર છે. તે વિષે તે કદીયે ખ્યાલ કરે છે ?

પરની નિંદા કરનારો સો, પાંચસો કે હજારોની નિંદા કરી શકશે. પણ...

"બીજાના દુર્ગુણોની ટીકા કરવી એ યોગ્ય છે. તેવો સિદ્ધાંત બતાવનાર તો સારી દુનિયાને પોતાની નિંદા કરવાનો હક્ક આપે છે તે ભૂલી જાય છે."

એક વિચારકે કહ્યું છે કે "કોઈની સામે તમે એક આંગળી કરો છો, ત્યારે ધ્યાન રાખજો કે બાકીની ત્રણ આંગળી તમારા તરફ જ વળેલી હોય છે !"

પોતાના દુર્ગુણો જાણવા છતાં પણ બીજા પાસેથી પ્રશંસાની યાચના કરનારો પોતાનામાં સદ્‌ગુણો જ ભર્યા પડ્યા છે, તેમ માનનારા જેવો મોટો કોઈ આત્મવંચક કે ક્ષુદ્ર હોઈ શકે ખરો ?

પરનિંદા કરનારો અજ્ઞાની ક્ષુદ્ર અને આત્મવંચક તો પ્રથમથી જ હોય છે અને જેમ તેનો આ રોગ વધતો જાય છે, તેમ બીજા પણ નવા રોગો તે પેદા કરતો જાય છે.

પરનિંદકો કદી કોઈના ઉપર સદ્‌ભાવ કે સદ્ અભિલાષા ટકાવી શકતા નથી.

વાસ્તવિક રીતે બીજામાં સદ્‌ભાવ રાખવા જેવું તે જોઈ શકતો જ નથી અને

તે જે ક્ષેત્રમાં પ્રવેશે છે તે તે ક્ષેત્રમાં નિરર્થક અને તુચ્છ બની તે બહાર આવે છે.

માનવ સમાજમાં તેનું અસ્તિત્વ રસ્તાની ધૂળ કરતાં પણ કુત્સિત બની જાય છે.

ધૂળ કરતાં વધુ હલકાઈ,

વિષ્ટા કરતાં પણ વધુ દુર્ગંધ અને...

ઝેર કરતાં પણ તીવ્ર મારકતા પરનિંદકમાં છે !!

હલકાઈ - દુર્ગંધતા અને મારકતાનો મેળ હોય ત્યાં...

ઉચ્ચતાનો ખ્યાલ પણ ન આવે,

ત્યાં તો 'લઘુતા' જ હોય છે !

પરનિંદાની પાશવીવૃત્તિ રાક્ષસીવૃત્તિથી પણ ભયંકર છે.

આવી રાક્ષસી મનોદશાવાળાનાં માનવજીવનને સૂરિદેવે 'લઘુ' કહ્યું તેમાં પણ તેમની કોઈ જરૂર ઉદારતા છે.

બાકી તો... **લઘુ નહીં પણ...**

મહા-મહા લઘુત્તમ જીવન એટલે જ પરનિંદામય જીવન !

❖ ❖ ❖

પ્રકરણ : ૫

के पुण्याः ? गुरुभक्ता ये,
क्व वासः ? शिवसद्मनि ॥
भगवन् ? कस्य चान्तो न ?,
तृष्णाया मन्यतां शिशो !

(૧)

के पुण्याः ? गुरुभक्ता ये

પુણ્યશાળી કોણ ? ગુરુભક્તો

એક સાંધે ત્યાં તેર તૂટે અને તેર જોડે તો તહોંતેર તૂટે. એવા આ વિચિત્ર સંસારમાં સૌ એક સરખી રીતે જ વલખાં મારી રહેલ છે.

ગરીબ બે-ચાર પૈસા માટે વલખાં મારતો હશે,

તો ધનિક બે-ચાર મીલ કે ગાડી માટે તરફડતો હશે !

આખરે તડફડાટમાં શું અંતર ?

કદાચ ફરક હોય તો એટલો જ હોઈ શકે કે, ''ગરીબ''નો તરફડાટ કદાચ બે-ચાર દિવસમાં શમે તો...

"અમીર"નો બે-ચાર ભવમાં શમે !

આવા તરફડાટમય સંસારમાં, 'પુણ્યશાળી' કોને કહેવો અને 'પાપી' કોને કહેવો ?

દરિદ્રતાની માફક સંપત્તિ ત્રાસ આપે તોય સંપત્તિવાનને પુણ્યશાળી કહેવાય ?

જ્ઞાન મેળવીને અભિમાનનું ગાંડપણ કરનારનેય પુણ્યશાળી કહેવા ?

'તપ' કરીને પારકાની વિષ્ટા ખાવા સમાન નિંદા કરનારનેય પુણ્યશાળી લેખવા ?

જો આવા 'પુણ્યશાળી' કહેવાતા હોય તો 'પાપી' શબ્દનો પ્રયોગ ક્યાં કરવો ?

આવી જ મૂંઝવણમાં શિષ્ય મૂંઝાઈ ગયો.

પુણ્યની ૪૨ પ્રકૃતિ અને પાપની ૮૨ પ્રકૃતિ તે ગુરુ પાસેથી સમજ્યો હતો, પણ...

તેના ભેદને પારખી શક્યો ન હતો.

૪૨ વાળામાંથી ૮૨ વાળાને જુદા પાડી શકતો ન હતો.

માટે જ, અશરણના શરણ ગુરુદેવનાં ચરણોમાં નમન કરી તેણે પુછ્યું.

'હે પાપશમન ગુરુદેવ ! પુણ્યશાળી કોણ ?'

ગુરુદેવે પણ શાસ્ત્રનો મર્મવેધી જ જવાબ આપ્યો : "ગુરુભક્તા યે"

જે ગુરુભક્ત છે, તે પુણ્યશાળી છે.

શિષ્ય તો હેબતાઈ જ ગયો.

કંઈ સમજી ન શક્યો.

સમજાય એવું પણ હતું શું ?

"ગુરુભક્ત" જ પુણ્યશાળી છે. એ ગળે ઉતરે પણ કેવી રીતે ? પણ...

વિચાર્યા વિના શું મળે ?

ગુરુની વાણી તો મંત્ર જેવી છે.

જેમ મંત્ર આરાધ્યા વિના ન સમજાય તેમ ગુરુની વાણી પણ વિચાર્યા વિના ન સમજાય ! માટે જ...

ગુરુભક્ત એવા જવાબનું રહસ્ય વિચારવું જરૂરી છે.

'ગુરુ' એટલે અધમ આત્મતત્ત્વને પરમ આત્મતત્ત્વ બનાવનારી એક મહાસત્તા !

'ગુરુ'ના અપાર મહિમાથી 'અધમ'નું 'પરમ'માં ઉર્ધ્વીકરણ થાય છે.

'પારસમણી'નો સ્પર્શ તો લોઢાને જ સોનું કરતો હશે ! પણ...

'ગુરુ' તો પથ્થરને પારસ કરનાર છે !

શાસ્ત્રકારોએ તો સાફ સાફ શબ્દોમાં જણાવી દીધું છે કે...

"गुर्वाज्ञापारतंत्र्येण, द्रव्यदीक्षाग्रहादपि ।
विर्योल्लासक्रमात् प्राप्ता, बहवः परमं पदम् ॥"

ગુરુની આજ્ઞાની આધીનતા વડે ખાવા-પીવા માટે પણ સંયમી બનેલા અનેક આત્માઓ આખરે વીર્યોલ્લાસ વધવાથી નિર્વાણપદને પામ્યા છે.

મહાન જૈન સમ્રાટ સંપ્રતિના ઉત્થાનમાં ક્યું પરિબળ હતું ?

'ગુરુજનો'ની પરમ ઉદારતાએ થોડા વર્ષ પહેલાંનો ભિખારી હજારો ભિખારીના પેટ ભરનાર રાજા કયા પદના પ્રભાવથી બન્યા ? પણ...

આ ગુરુના મહિમાને ઝીલવા માટે સાચા અર્થમાં પુણ્યશાળી બનવા માટે,

કેવલ 'ગુરુ'ની નિશ્રા નહિ, પણ ગુરુની ભક્તિની જ જરૂરીયાત છે.

જે ગુરુભક્ત બન્યો એ ધન્ય અને પુણ્યશાળી બની જ ગયો !

સાચા અર્થમાં જે ગુરુને સમર્પિત થઈ ગયો તે જ સાચે પુણ્યશાળી જ બનવાનો !

ગુરુનો ગંભીર આશય એ છે કે ગુરુભક્તિથી શૂન્યને પણ પુણ્ય-પ્રકૃતિ તો ઉદયમાં આવશે, પણ...

એ પાપ-પ્રકૃતિઓથી લપેટાઈને જ આવશે.

ગુરુભક્તિહીનને સંપત્તિ મળશે તોયે સંતાપ કર !

'સંતતિ' મળશે તોય સંઘર્ષ કર !

'જ્ઞાન' મળશે તોય અભિમાન કર !

'માન' મળશે તોય વિવેકહર ! (વિવેકનો નાશ કરનાર)

અર્થાત્ પુણ્યની '૪૨' પ્રકૃતિમાંથી જે જે મળશે તે બધીય પાપની '૮૨' પ્રકૃતિઓથી ઘેરાયેલી જ મળશે.

શાસ્ત્રની પરિભાષામાં તે કેવલ પુણ્ય નહીં. પણ...

પાપાનુબંધી પુણ્ય છે.

અર્થાત્ તે હશે તો પાપ જ પણ ખોળિયું પુણ્યનું હશે ?

'જ્યારે' ગુરૂભક્ત - ગુરુબહુમાની - ગુરુસમર્પિત - ગુર્વાજ્ઞાધીનને પુણ્ય મળશે તો પણ પુણ્યની પરંપરા જગાવીને મોક્ષ આપનારૂં ! અને...

પાપ તેની પાસે આવવાની હિંમત કરશે, તોય દેખાવમાત્રથી જ તે પાપ હશે ! અંદરથી તો તે પુણ્ય જ હશે ! સાચા અર્થમાં પુણ્યના અનુબંધથી બંધાયેલું તે હશે ! અથવા તો...

પાપ હોવા છતાં પણ પુણ્યની પરંપરા જગાડી મોક્ષને અપાવનાર જ હશે.

વિશ્વની તમામ ઉચ્ચકક્ષાની સામગ્રીઓ સત્તાઓ પ્રાયઃ સંયમ ધર્મના પાલનના જ ફળરૂપે હોય છે. અને...

આવા સંયમધર્મનું મૂળ છે, વિનય - ગુરુભક્તિ !

અર્થાત્ માનવું જ રહ્યું કે, સ્વર્ગ અને અપવર્ગનું એકનું એક માત્ર સાધન છે, 'વિનય - ગુરુભક્તિ'

શાસ્ત્રમાં તેની જ સાબિતિરૂપે વારંવાર કહેવામાં આવે છે કે...

''સિદ્ધે વા, હવઈ સાસએ,

દેવે વા અપ્પરએ, મહિડ્ઢિએ !'' (ઉ.પ્ર.અ. ૪૮ ગા.)

આવા 'ગુરુભક્ત' અર્થાત્ માત્ર ગુરુનિશ્રામાં જ રહેનારા નહીં, પણ...

ગુરુના હૃદય પ્રદેશમાં વસનારાઓ હોય છે અને ખરેખર તે પુણ્યાત્માઓ છે.

તેઓનું પુણ્ય 'બંધન' નહીં પણ 'મુક્તિ'ને પમાડનારૂં છે.

ઉંદરની માફક ફૂંક મારીને વેદના આપનારૂં તેઓનું પુણ્ય નથી, પણ અમૃતના ઘૂંટ જેવું શાશ્વત બનાવનારૂં છે. માટે જ...

સૂરીશ્વરજી ફરમાવે છે કે,

"દુનિયાના દેખાતા રાજાઓ - ચક્રવર્તીઓ - ઇન્દ્રો - કોઈ ખરેખર પુણ્યવાન નથી. પુણ્યવાન તો માત્ર 'ગુરુભક્ત' જ છે.

વિશ્વમાં સમર્પણ દ્વારા 'સ્વ'નું ગુરુમાં વિલીનીકરણ કરનાર જેવો બીજો પુણ્યશાળી પણ કોણ હોઈ શકે ?

(૨)

प्र. क्व वासः ? शिवसद्मनि.

ક્યાં રહેવું ? મોક્ષ મહેલમાં.

પરિશ્રમથી લોથપોથ થઈ ગયેલો શિષ્ય મંઝિલ તરફ આગળ વધતો જાય છે.

લોથપોથ થઈ ગયેલ તન મંદિરમાં રહેલું મન પણ હવે કંટાળવા માંડ્યું છે.

મંઝિલ ક્યારે આવશે ?

અધીરતાના કારણે રસ્તામાં આવતાં દરેક મકાનને પોતાની જ મંઝિલ મનાવી લેવા મન વારંવાર બળાત્કાર કરી રહ્યું છે, પણ...

ત્યાં એક જ વિચાર આવ્યો,

મંઝિલ તો આવી જશે ? પણ...

ત્યાં રહેવાનું કેટલું ?

આજે નહીં તો કાલે,

કાલે નહીં તો પરમદિવસે... જવાનું જ ?

હા, હા... જવાનું જ છે, આવો જ આ સંસારનો ક્રમ છે.

શું આ સંસારમાં આવેલાને જવાનું જ ?

આવવાનું અને જવાનું કામ કરવાનું હોય તો, વસવાનું ક્યાં ?

શું કોઈ સ્થળ એવું હશે ખરૂં કે જ્યાં 'વાસ' કરી શકાય ?

શું આવું કોઈ સ્થળ નહીં હોય ?

પ્રાણીઓના નસીબમાં આ રઝળપાટનો કોઈ અંત નહીં લખાયો હોય?

રાજેન્દ્ર - દેવેન્દ્ર - મુનીન્દ્ર - આ બધાની પણ શું આ જ દશા છે ?

પાંચ નહીં તો પચીસ,

પચીસ નહીં તો પાંચસો,

સંખ્યાત નહીં તો અસંખ્યાત વર્ષ ! પણ...

જવાનું તો ખરૂં ને ખરૂં જ !

જ્યાં જઈને પણ રઝળપાટ ક્વાની જ હોય, તેને 'નિવાસ' કેવી રીતે કહેવાય ?

એ તો વિશ્રામસ્થાન કહેવાય !

થાક ઉતર્યો કે છોડીને ચાલી જ જવું પડે. ત્યારે વસવાનું ક્યાં જઈને?

આવી માનસિક ગડમથલમાં મંઝીલ તો આવી ગઈ.

તનનો વિસામો થઈ શકે એવું હતું, પણ...

મનને કેવી રીતે વિસામો આપશો ?

આખરે શિષ્યને તેના મનના વિસામા સમા ગુરુદેવનું જ શરણ હોય ને !

'ગુરુદેવ !' આ ચલિત સંસારમાં રહેવાનું સ્થાન ક્યું ?

કયા સ્થાનમાં રહ્યા પછી ભટકવું ન પડે ?

આવું કોઈ સ્થાન છે કે પછી વણઝારાની પેઠે રઝળ્યા જ કરવાનું છે ?

ગુરુદેવે જણાવ્યું - 'હા' ચોક્કસ છે...

પ્રવાસ હોય ત્યાં નિવાસ અવશ્ય હોય !

આ સંસાર પણ પ્રવાસ છે, તો તેનો પણ ક્યાંય નિવાસ છે.

સંસારસમુદ્રના સામે કિનારે નિવાસ પણ અવશ્ય છે,

આ નિવાસથી જ સંસારનો પ્રવાસ પણ શોભાયમાન છે.

જો આવો કોઈ નિવાસ ન હોય તો, સંસારનો પ્રવાસ પણ મહા- ભયંકર હોત !

નિવાસ વિનાનો પ્રવાસ એટલે જ... પરિણામ વિનાની ચેષ્ટા !

ફળ વિનાનો પુરૂષાર્થ !

જો આવો નિવાસ ન હોત તો સંસારના પ્રવાસીઓએ કદાચિત્ લેશમાત્ર પણ શાંતિનો અનુભવ ન કર્યો હોત !

સારાય ખારા સમુદ્રમાં એક મીઠી વીરડી દેખાય છે, તે પણ ન જોવા મળી હોત !

પહેલો આરો - બીજો આરો કે ત્રીજો આરો... આવા કાળના વિભાગો પણ ન હોત !

જે પ્રવાસીને મંઝીલે પહોંચવાનું જ નથી, એ કદીય કોઈ યત્ન કરે ખરો ?

જેના પુરૂષાર્થનું કોઈ પરિણામ ન હોય તો તે શા માટે પરિશ્રમ કરે ?

મોક્ષરૂપ શાશ્વત-નિવાસ માટેનો પરિશ્રમ એ જ બધાય ધર્મનું પ્રતિપાદન છે અને...

આવા 'નિવાસ'ના પ્રવાસીઓ જ સંસારમાં થોડી પણ શાંતિ પાથરી શકે છે.

સંસારરૂપ પ્રવાસમાં કોઈ કોઈ સ્થળે પણ મળી આવતી સુંદરતા જ બતાવે છે કે...

આ પ્રવાસ માત્ર પ્રવાસ જ નથી, પણ...

નક્કી નિવાસ પણ છે. આ નિવાસ સ્થાન એટલે જ

મોક્ષ... શિવ... નિઃશ્રેયસ...

જ્યાં અનંતકાળ સુધી નિવાસ કરવાનો છે.

ત્યાં કોઈની તાકાત નથી કે પ્રવેશ કરી શકે !

ત્યાં કાળ જેવો કાળ પણ કંગાળ છે !

ત્યાં દુઃખો પ્રવેશી નહીં શકવા માટે દુઃખી છે !

સંસારના બધાય સુખો પોતાની બેઈજ્જત થવાના ભયથી દૂર જ પડ્યા રહે છે.

'કર્મ' જેવા અનાદિના સંબધી પણ ત્યાં શરમના માર્યા જ નત મસ્તક થઈ બેસી જાય છે.

આ નિવાસ કદીયે કંટાળો પેદા ન કરી શકે. કારણ ?

કંટાળો એ તો પ્રવાસનું પરિણામ છે. 'શિવમહેલ'માં તેને કદીય પ્રવેશ જ મળતો નથી ! ત્યાં કોઈનીયે સત્તા નથી.

માટે... કદીય તે સ્થાનને ખાલી કરવાનું નથી.

જ્યાં પોતાનું હોય ત્યાં નિવાસ કરી શકાય !

સંસારમાત્રના બધા સ્થળો ભાડુતી છે !

આ સંસારનો કોઈ પણ પ્રવાસી એક નાની સરખી કુટિર જેટલું પણ શાશ્વતસ્થાન ઊભું કરી શકતો નથી ! કારણ...

કાળનું ક્રૂર સામ્રાજ્ય ત્યાં છવાયેલું છે. માટે જ...

સંસાર પ્રવાસમાં વિસામા ઘણા છે, પણ...

નિવાસસ્થાન એક પણ નથી...

નિવાસ છે માત્ર મોક્ષ !

આત્મસ્વરૂપમાં જ આત્માનો નિવાસ !

અહીં પ્રવાસીનું કશું જ નથી. છતાંય...

આનંદ... આનંદ... આનંદ... કારણ ?

કાળની સત્તાનો ત્યાં અંત આવી ગયો છે.

આવું 'સ્થાન' એ જ સાચું સ્થાન છે, ખરેખરો નિવાસ છે...

(3)

"भगवन् कस्य चान्तो न ?
तृष्णाया मन्यतां शिशो ! ॥

હે ભગવાન ! કોનો અંત નથી ?
હે શિશુ ! તૃષ્ણાનો !

બિંદુ બિંદુ ઓછું થયું ને સરોવરો સૂકાઈ ગયા,
પાંચ પાંચ ગાઉ ચાલ્યા અને લાંબો રસ્તો પૂરો થયો,
બે-પાંચ - બે-પાંચ વાપરતાં ગયા ને ધનભંડારો ખાલી થયા,
કણ-કણ ખાતા ગયા ને ધાન્યના કોઠારો ખાલી થઈ ગયા,

ક્ષણ-ક્ષણ ઓછી થઈને જીવન પણ પૂરું થયું... એટલે માન્યું,

"જન્મે તે મરે,

પેદા થયો તેનો વિનાશ !

આદિ તેનો અંત !

નામ તેનો નાશ !

આવું આવું કેટલું જોઈને સહજ પ્રશ્ન થાય છે કે,

કોઈ અંત વિનાની ચીજ ખરી ??

"અંત" અને

"વિનાશ"ની વાતમાં કોઈ

"અવિનાશી"ની

કોઈ "અનંત"ની વાત ખ્યાલમાં આવવી મુશ્કેલ છે.

શિષ્ય ક્યાં જાય ?

ગુરુને આવીને પૂછ્યું : 'એવી કઈ ચીજ છે' જેનો 'અંત' ન આવે ?

ગુરુએ અઢી અક્ષરને ચાર માત્રાનો જવાબ આપ્યો...

'તૃષ્ણા' - 'ઈચ્છા'

ઈચ્છાનો અંત નથી, તે અનંત છે... કારણ ?

તે કદી પૂરી નથી થતી માટે !

ના... પૂર્ણ તો થાય છે, છતાંય તેનો અંત નથી. કારણ ?

ઇચ્છા પૂર્ણ થતાં પહેલા હજારોને જન્માવીને તે જાય છે. ખરી રીતે કહીએ તો ઇચ્છા પૂરી નથી થતી, પણ...

અનેકરૂપ લઈને પાછી તે હાજર થાય છે.

પ્રત્યેક ઇચ્છામાં ભયંકર પ્રજનન શક્તિ છે.

વૈજ્ઞાનિકોના સિદ્ધાંત પ્રમાણે અત્યંત નીચ કક્ષાના જીવો વિભાજન દ્વારા વૃદ્ધિ પામે છે.

એવા જીવો એટલા ભયંકર ગણાય છે કે, તે ફૂટી જાય તો તેના પ્રત્યેક કણમાંથી પાછા તેના જ જેવાં જ હજારો જીવો પેદા થાય. તે પ્રત્યેકમાં પણ પાછી આવી જ પ્રજનન શક્તિ... પણ...

ઇચ્છાની શક્તિ તો તેનો પ્રબળ પરાજય કરે તેવી છે.

જેમ જેમ અગ્નિમાં લાકડાં વધતાં જાય,

તેમ તેમ તેની બાળવાની, અતૃપ્ત રહેવાની...

લાકડાને ભરખી જવાની શક્તિ વધતી જ જવાની !

ઇચ્છાનું પણ તેવું જ છે...

જેમ જેમ તેની તૃપ્તિ માટેનો પ્રયત્ન કરશો,

તેમ તેમ અતૃપ્તિનો ભયંકર દાવાનળ

વધુને વધુ પ્રજ્વલિત થઈ જશે !

એક બ્રાહ્મણનો પુત્ર પિતાના મરણ બાદ કફોડી સ્થિતિમાં આવી ગયો.

માતાએ કહ્યું, બેટા !

"તારા પિતાની જેમ વિદ્વાન બન, તો કંઈક રાજસન્માન પામીશ."

પણ, દરિદ્રતા એટલી ભયંકર હતી કે, ત્યાં રહીને ભણવાનું પોષાય નહીં.

માતાએ તેના પતિના મિત્ર પાસે મોકલ્યો. વફાદાર મિત્ર ખંતથી ભણાવવા લાગ્યો.

તે બ્રાહ્મણપુત્રની સેવામાં એક દાસી રહેતી હતી. ધીમે ધીમે પરિચય થયો અને તે પ્રેમમાં પરિણમ્યો.

વસંત મહોત્સવ નજીક આવ્યો.

રાજાએ સૌને ભાગ લેવા ઉદ્‌ઘોષણા કરી.

દાસીએ તે બ્રાહ્મણપુત્રને કહ્યું, 'આવતી કાલે સૌ નવા નવા ભૂષણોથી પોતાના પતિને મનગમતો સાજ સજશે.'

'પણ હું શું કરું ?'

ધનની વ્યથા કે આભૂષણની સ્પૃહા જે હોય તે બ્રાહ્મણપુત્ર સમજી ગયો, તે ધન લેવા નીકળ્યો.

સરસ્વતી અને લક્ષ્મીને શાશ્વત વેર છે. ધન લાવવું ક્યાંથી ?

રાજાનો નિયમ છે કે સૌથી પહેલા આશીર્વાદ આપનારને બે દીનાર આપવી.

બ્રાહ્મણપુત્રને એક જ માર્ગ યોગ્ય લાગ્યો.

ધનની સ્પૃહા તથા પત્નીના આભૂષણની લાલસાને તે આધીન બન્યો.

સૌથી પહેલા પહોંચે તો જ દીનાર મળે.

બિચારો અડધી રાત્રે જ લપાતો-છૂપાતો ચાલવા લાગ્યો.

ચોકીદારે ચોર માનીને પકડ્યો.

સવારના રાજ દરબારમાં તેને હાજર કર્યો.

બ્રાહ્મણપુત્રે સત્ય હકીકત કહી, રાજાને પણ તેની વ્યથા સ્પર્શી ગઈ.

રાજાને થયું કે બે દીનારે તેનું દળદળ શું ફીટશે ?

એટલે કહ્યું કે, ''તારે માંગવું હોય તે માંગી લે.''

અને પછી... તો ઈચ્છાઓની આગ વધવા માંડી.

"ઇચ્છા હુ આગાસ સમા અણંતયા."

તેણે રાજાને વિનંતિ કરી. મને ઉદ્યાનમાં જઈને વિચાર કરી આવવાનો સમય આપો.

બ્રાહ્મણપુત્ર ઉદ્યાનમાં ગયો...

બે દિનાર તો એક દિવસમાં ખલાસ ! કાલ માટે શું ?

'ચાર માંગ' - ''બે દિવસ પછી શું ?'

'૬૦ માંગી લે.' - 'મહિના પછી શું ?'

'૭૨૦ માંગી લે' - 'વર્ષ પછી શું ?'

જીવે ત્યાં સુધી પ્રતિવર્ષની ૭૨૦ માંગી લે...

તોય રોજ તો બે દીનારમાં ચલાવવું પડે ને ?

બે દીનારમાં શું આવે ?

ભોજન માટે તો થઈ રહે પણ વસ્ત્રનું શું ?

'તેથી પણ વધુ માંગ ?'

આભૂષણ વિના વસ્ત્ર કેવી રીતે શોભશે ?

'તેના માટે પણ માંગી લે.'

પણ વસ્ત્ર ને આભૂષણ સુંદર ગૃહ વિના શોભે ?

'તેય સાથે માંગી લે.'

સુંદર ગૃહ, ધન-ધાન્યના ભંડારો વિના કેમ શોભે ?

'તેય સાથે માગી લે.'

પણ પછી તે ધનને જોવા કોણ આવે ?

'પ્રસિદ્ધિ મળે તેવું સ્થાન માંગી લે.'

રાજ્ય જ માંગી લે !

પણ... રાજાનેય બીજા રાજાનો ભય છે.

'દુનિયાના ચક્રવર્તી બનવાનું માંગી લે.'

વૃક્ષની નીચે બેઠેલો... દેહ તો ક્યાંય ખસ્યો નહીં...

પણ... ઇચ્છાઓ તો વિશ્વ વ્યાપક બની ગઈ.

વિશ્વની સ્વામિની બની ગઈ.

પણ... સદ્ભાગ્યે બ્રાહ્મણપુત્રે એ વિચાર કર્યો...

મેં શું નક્કી કર્યું... ચક્રવર્તી બનવાનું ?

ના... હજી એ પણ નક્કી તો કરી શક્યો નથી.

હા, પણ તારે જોઈતું શું હતું ? બે દીનારને ?

"અરે જીવ !" **બે દીનારની જરૂરિયાત, હજી ચક્રવર્તીપદથી પણ પૂરાતી નથી. અને...**

ત્યાં જ તેમણે એક શાશ્વત સત્ય ખોળી નાંખ્યું.

ઈચ્છાને તૃપ્ત કરવાની ભાવના...

પ્રયત્નો - પુરૂષાર્થ - સર્વત્ર - સર્વથા - સર્વદા નિરર્થક જ છે...

ક્યાં બે દીનાર !... ક્યાં ચક્રવર્તીનું પદ !...

ક્યાં બે દીનારથી તૃપ્તિ પામવાની વાત... અને

ક્યાં ચક્રવર્તીપદની પ્રાપ્તિથી અતૃપ્તિ !

"અતૃપ્તિ એ જ ઇચ્છાનો સ્વભાવ છે... માટે,

તેનો નાશ કરે તો જ શાંતિ મળે."

આગની શાંતિ પાણીથી થાય, ઇંધણથી ન થાય...

ઇચ્છાની શાંતિ ઇચ્છાના રોધથી થાય, ઇચ્છાના પોષણથી ન થાય !

તેનો નાશ કરે તો જ શાંતિ મળે...

બ્રાહ્મણપુત્ર કપિલે તે જ મહાસત્યમાં એક-મેક બની ઈચ્છાના અગ્નિ પર ઈચ્છા રોધરૂપ જળનો અભિષેક કરી દીધો...

ઈચ્છાથી પર થઈ ગયા... અને...

કપિલ નામના કેવલી બની ગયા !

"ગુરુદેવે સાચે જ કહ્યું છે કે, 'ઈચ્છા' તૃષ્ણાનો અંત નથી."

હા... તૃષ્ણાની પાછળ લાગેલાના...

તન - મન - સુખ - શાંતિ - સમાજ - રાષ્ટ્ર અને

વિશ્વ હોય તો વિશ્વનો પણ અંત અવશ્ય થાય. પણ...

ઈચ્છાનો અંત ન થાય.

જેણે ઈચ્છાનો અંત કરવો જ હોય તેણે...

અનંતજ્ઞાનીની સહાય લેવી પડે...

અનંત ઉપકારી અરિહંતના માર્ગે વળવું પડે...

ઈચ્છા શક્તિના નાશક સમ્રાટ અરિહંતનું આજ્ઞૈશ્વર્ય સ્વીકારવું જ જોઈએ !!

❖ ❖ ❖

પ્રકરણ : ૬

अंधः को ? ज्ञानहीनो यः,
को द्रष्टा ? मुक्तिमार्गगः ।
कस्तीर्णो ? यो विरक्तोऽस्ति,
को निमग्नो ? विलासवान् ॥६॥

(૧-૨)

अंधः को ? को द्रष्टा ?
ज्ञानहीनो यः - मुक्तिमार्गगः

કોણ આંધળો છે ? કોણ જોનાર છે ?
જ્ઞાન વિનાનો ! જે મુક્તિમાર્ગમાં રહેલો છે...!

અહીં પ્રશ્નો બે છે !

ના... ખરેખર તો એક જ પ્રશ્નના બે પડખાં છે...

પહેલો પ્રશ્ન છે કે "કોણ આંધળો છે ?"

બીજો પ્રશ્ન છે કે, "કોણ જોનારો છે ?"

જે આંધળો નથી, તે જુએ છે. અને...

જે જુએ છે તે આંધળો નથી.

આમ, આંધળો કોણ છે ? - તે પૂછ્યા પછી...

કોણ જુએ છે ? તે પૂછવાની જરૂર પડતી નથી,

તેમ કોણ જોનાર છે, તે પૂછ્યા પછી આંધળો કોણ છે ? તે પૂછવાની જરૂર પડતી નથી ! જ્યારે પ્રશ્ન પૂછાયો...

ત્યારે તે એકજ વાતના બે પાસાને વધુ નિશ્ચિત કરવાની જરૂર હોવાથી પૂછ્યો છે, પણ...

તોયે પ્રશ્નો તો વિચિત્ર જ છે, કારણ કે તેમાં પૂછવા જેવુ કશું છે જ નહીં.

જેને આંખ ન હોય તે આંધળો કહેવાય, અને

જેને આંખ હોય તે દેખતો કહેવાય. ત્યારે આવા નિરર્થક પ્રશ્નોથી શું ? પણ...

જરાક વિચારો કે આંખ વિનાનો માણસ આંધળો કેમ ?

તેને દેખાતું નથી માટે... એમ જ હોય તો...

"આંખ બંધ કર્યા પછી આપણને પણ દેખાતું નથી." ઠીક છે, પણ આપણે જોવું હોય ત્યારે આંખ ઊઘાડી શકીએ છીએ. આંધળો કદી આંખ ઊઘાડીને જોઈ શકતો જ નથી ને !

વાહ ! વાહ ! - "પણ ભાઈ ! જોવાથી શું ફાયદો ?'

ફાયદો કેમ નહીં ?

યોગ્ય માર્ગે જવાય અને અયોગ્ય માર્ગ છોડી શકાય.

જોવા છતાંય યોગ્ય માર્ગે ન ચાલીએ... અને

અયોગ્ય માર્ગને ન છોડી દઈએ. તો...

આંધળામાં અને આપણામાં કઈ ફરક ખરો ?

એક મઝાની વાત છે, રાતના સમયે એક સુરદાસ હાથમાં લાલટેન લઈને ચાલતો હતો. રસ્તામાં કોઈ એક માણસ તેને અથડાયો અને તેનો પીત્તો ઊછળી ગયો.

બોલ્યો કે, ''આંધળો છે અલ્યા ! હાથમાં દીવો છે છતાં માણસ જેવા માણસને દેખી શકતો નથી ?'

સુરદાસે મજાકમાં જવાબ આપ્યો. ''માફ કરજો સાહેબ ! પણ આપ મારા જેવા સુરદાસ જ લાગો છો !''

''હું તો આંધળો જ છું, પણ કોઈ આંખે દેખતા મને અથડાઈ ન પડે માટે આ દીવો રાખ્યો હતો.'' પણ...

''શું થાય ? તમે પણ... મારા જેવા સુરદાસ જ નીકળ્યા.''

પેલા માણસની દશા તો તેલમાં માખી પડે એવી થઈ ગઈ. મનમાં વિચારવા લાગ્યો કે, ''ખરો સુરદાસ તો હું પોતે જ છું. કારણ કે છતી આંખે ને છતે દીવે હું દેખી ન શક્યો.''

છતી આંખે સામો માનવી આંધળો છે કે દેખતો છે એ પણ ન દેખી શક્યો ? પણ...

અહીં પ્રશ્નનો જવાબ જરાક વિલક્ષણ છે.

દેખનાર તે જ છે કે -

જે પોતાનો યોગ્ય માર્ગ જાણે,

બીજાની સાથે અથડાય નહીં,

અયોગ્ય માર્ગથી દૂર જાય,

બીજાને અયોગ્ય માર્ગેથી પાછો વાળે !

વધતાં જતાં આજના બુદ્ધિના જમાનામાં આંધળાઓની સંખ્યા પણ સારા પ્રમાણમાં વધવા પામી છે. કારણ તેમની પાસે જ્ઞાન નથી.

આ વાત જરા ગળે ન ઊતરે તેવી છે, પણ...

એમ તો દેખતો ખાડામાં પડે અને આંધળો સહીસલામત ચાલ્યો જાય, તે વાત પણ ક્યાં ગળે ઊતરે તેવી છે ?

વધતી જતી બુદ્ધિના આ યુગમાં...

મગજ નબળું થતું જાય છે !

હૃદય ખાલી થતું જાય છે !

કલ્પનાઓ વધતી જાય છે !

વાસ્તવિકતા ઘટતી જાય છે !

કદાચ... આવા અંધોનો યુગ ભાગ્યે જ દૂરદૂરના પણ ઈતિહાસમાં આવ્યો હશે...

દવાના કારખાના વધતાં જાય, છતાં...

રોગીઓ વધતા જાય તે દેખતાના યુગમાં બને ખરૂં ? તો...

શું આ યુગમાં બધા જ્ઞાનવિહીન છે ? બધા અંધ છે ?

કોલેજો અને વિદ્યાલયો શું આંધળાઓની ફેક્ટરી છે ?

હા... અવશ્ય !

આંખ હોવા છતાં પણ માનવ આંધળો બની શકે છે, તેમ જ્ઞાન હોવાં છતાં પણ તે જ્ઞાન વિનાનો બની શકે છે.

માટે જ, બીજા પ્રશ્નનો જવાબ ખૂબ જ મનનીય છે.

બીજા પ્રશ્નના જવાબમાં જણાવાયું છે કે, 'તે દેખતો છે કે જે મુક્તિમાર્ગે જઈ રહ્યો હોય, ચાલતો હોય !'

ક્ષણભર તો એમ થઈ જાય કે, દેખતો હોય તે જુએ એટલું જ થાય, પણ...

મુક્તિમાર્ગે જાય તે કેવી રીતે બને ?

જવાની ક્રિયા પગને કરવાની અને જોવાની ક્રિયા આંખને કરવાની બંનેનો સંબંધ શું ?

જોયું અને જાણ્યું તેને જ કહેવાય કે -

જે ગતિ કરાવે ! અયોગ્યથી દૂર કરાવે ! યોગ્યની નજીક લાવે !

ચારે બાજુથી ઘર સળગતું જોયું હોય અને 'દાઝી ગયો'. એવી ફરિયાદ લઈને કોઈ આવે એટલે તરત કહીએ કે...

આંધળો મૂઓ હતો !

આંખ હોવા છતાં દેખતો નથી !

નાસી જતાં શું થતું હતું !

આગને આંખે જોઈ પણ નાસી ગયો નહીં એટલે છતી આંખે પણ આંધળો કહેવાયો.

તેવી જ રીતે છતાં જ્ઞાને પણ અજ્ઞાની કહેવાય !

વાસ્તવિક જ્ઞાન 'ઉપાદેય'ની પ્રાપ્તિ માટે તથા 'હેય'ની હાનિ માટે પુરૂષાર્થ કરાવ્યા વિના રહે જ નહીં.

માટે જ કહ્યું છે કે...

દૃષ્ટા - જોનારો - જ્ઞાની - તે જ છે કે જે મુક્તિમાર્ગે જતો હોય !

માર્ગ અનેક હોય પણ એક સાથે બે રસ્તા પર કોઈનાથી ચાલી ન શકાય.

મુક્તિમાર્ગે જતો હોય તેનો અર્થ જ એ જ છે કે સંસારમાર્ગેથી પાછો વળતો હોય.

રસ્તા પર ઊભા હતાં ત્યાં ખબર પડી કે, જ્યાં જવું હતું તે રસ્તો સાચો નથી, એટલે તરત પાછા વળવા માંડ્યા.

ત્યાં કોઈએ પૂછ્યું કે, ‘‘ક્યાં જાવ છો ?’’ - ‘‘અમુક ગામ’’

પણ... ત્યાં જવાનો રસ્તો તો બીજેથી છે, અહીંથી શું કામ પાછા વળો છો !

જવાબ મળે છે કે... ‘‘ગાંડા ! અહીંથી પાછા વળ્યા વિના તે ગામ જવાય નહીં !’’

મુક્તિના માર્ગે ચાલવું હોચ તો...

સંસારની કેડી છોડ્યા વિના છૂટકો જ નથી.

સારી હવા લેવી હોય તો...

ખરાબ હવા ફેફસામાંથી કાઢ્યા વિના છૂટકો જ નથી.

હાથ માથે લગાડવા હોય તો પગને છોડ્યા વિના છૂટકો જ નહીં,

મુક્તિનો માર્ગ એટલે શું ??

મુક્તિ એટલે સ્વાધીનતા, - સ્વરૂપમચતા - બંધનહીનતા -

બંધન એટલે - ઈન્દ્રિય - દેહ - વાસના

સૌ બંધનોનું મહાન બંધન - કર્મ !

જ્યાં સુધી આ બંધનનો માર્ગ છોડીએ નહીં...

ત્યાં સુધી - વિરાગ - ત્યાગ અને તપ તરફ વળાય નહીં.

જ્યાં સુધી - વિરાગ - ત્યાગ કે તપ ન આવે ત્યાં સુધી - વિષાદ - દુઃખ કે વેદના ટળે નહીં.

તેથી જ... જોવા છતાં પણ આંધળો કહેવાય.

માટે જ કહ્યું છે કે -

જે મુક્તિમાર્ગે જતો છે તે દેખતો છે.

જ્ઞાની તેને કહેવાય છે કે -

"જે દુઃખના મૂળને જાણીને તેનો છેદ કરતો હોય."

ખાડો જોઈને દૂર જનાર જ દેખતો કહેવાય.'

મુક્તિના માર્ગે જતો જ દેખતો છે.

અયોગ્ય રસ્તો અને અયોગ્ય રસ્તાનું વાસ્તવિક જ્ઞાન ન કરતો કે કરવા છતાં પણ તે રસ્તે ન જતો અંધ જ છે...

(૩-૪)

कस्तीर्णो ? यो विरक्तोऽस्ति,
को निमग्नो ? विलासवान् यः

પ્રશ્ન : કોણ તરી ગયો ?

ઉત્તર : જે વિરક્ત છે.

પ્રશ્ન : કોણ ડૂબી ગયો ?

ઉત્તર : જે વિલાસી છે.

પ્રશ્નકાર પ્રશ્ન પૂછે છે -

જે જમાનામાં હજારો 'ક'જીવન(ખરાબ) જીવે છે અને હજારો 'ક'મોતે મરે છે.

જ્યારે હજારો ડૂબી ગયાના સમાચારો વર્તમાનપત્રના મથાળે વંચાય છે.

ત્યારે રીઢો થઈ ગયેલો વાચક વિચારે છે કે, ‘‘એ તો એમ જ હોય.’’

આવા જમાનામાં ‘‘કોણ તરી ગયો ?’’ અને ‘‘કોણ ડૂબી ગયો ?’’ તેવો પ્રશ્ન સાંભળવા કોણ તૈયાર થાય ?

જ્યાં પ્રશ્ન સાંભળવા કોઈ તૈયાર નથી, ત્યાં પ્રત્યુત્તરની આકાંક્ષા રાખવી એ તો તદ્દન મૂર્ખતા જ છે ને ?

વિજ્ઞાનના જમાનામાં સ્ટીમરમાં બેસીને તો કેટલાય સમુદ્રને તરી જાય છે, તેમાં કોઈને આશ્ચર્ય થતું નથી. તે વાત સાંભળવાય કોઈ તૈયાર નથી.

પણ... કદાચ કોઈ બે હાથથી ‘બ્રીટીશ ચેનલ’ તરી જાય તો, વર્તમાનપત્રમાં મોઢું નાંખવાની ઈચ્છા ઘણાયને થઈ આવે છે.

છતાંય...

કોઈ વિચાર કરતું નથી કે - ‘વાસના’ સમુદ્રની વાત તો દૂર પણ...

વાસનાના એક નાનામાં નાના ખાબોચિયામાં બે હાથથી સમુદ્ર તરી જનાર ડૂબી જાય છે.

સમુદ્રના તોફાની પાણીને બે હાથથી ઉલેચતો ‘વાસના’ના જળનું એક બિંદુ ઉલેચી શકતો નથી.

સ્પર્શ - ગંધ - રૂપ અને શબ્દનું

ઘેલા જીવને એવું તો આકર્ષણ લાગ્યું છે કે તે મનોહર અને વિવિધ વિષયથી ક્ષણમાત્ર દૂર રહી શકતો નથી.

સમુદ્ર તરનાર કે અવકાશમાં ઘુમનાર ઘરે આવીને જ્યારે સાંભળે છે કે, 'ઘર સળગ્યું છે', 'સ્ત્રી બિમાર છે'. અને...

તેનું હૈયું સળગી ઉઠે છે, મગજમાં બિમારી આવવા માંડે છે.

કોણ જાણે સમુદ્રને તરવાની બહાદૂરી આવા સમયે ક્યાં ચાલી જાય છે ? તેની ખબરેય પડતી નથી.

ઊંચા ઉછળતા મોજાને જોરથી થપ્પડો મારી શકે છે, પણ...

વાસનાનું મોજું પેદા થતાં પહેલાં માનવીનું હૈયું તેની થપ્પડોથી નબળું પડતું જાય છે.

ખરેખર ! વાસનાનો સમુદ્ર જ ભયાનક છે...

કાન - આંખ - નાક - જીભ અને ચામડી -

એ પાંચેયને પસંદ પડે તેવું મેળવવાની લાલસા એટલી બધી ભયંકર હોય છે કે, આંખ આગળથી પુત્ર દૂર થવાની કલ્પના આવતાં માનવ જેવો માનવ નિરાધાર અને નિઃસહાય બની પોક મૂકતો જણાય છે.

મારા ઘર આગળ દુર્ગંધ કરી મૂકી - મારૂં આંગણું બગાડી નાંખ્યું - વાસનાની ઉર્મિઓની થપ્પડ ખાય, એટલે...

"માનવ કૂતરા કરતાં પણ ભૂંડી રીતે સૌની સાથે લડવા મંડી જાય છે !"

રૂપાળી સ્ત્રીનો સ્પર્શ કરવાની લાલસામાં તન-મન અને ધનનો નાશ કરી સર્વસ્વના નાશને નોંતરે છે.

બે સેકંડ પછી કેવો સ્વાદ હતો ! તે માત્ર યાદ જ કરવાનું હોય છે. જીભની ઉપરથી નીચે ગયું કે ખેલ ખલાસ !

આવા સ્વાદની લાલસા માટે ગધેડાની માફક સારો દિવસ વૈતરું કરવા તૈયાર થઈ જાય છે !

સંગીતના નશામાં ગાંડોતૂર બનીને મૃગ કરતાં પણ વધુ હીન બની જાય છે !

વાસનાના આ સમુદ્રને 'કોણ તરી ગયું ?' - 'કોણ એમાં ડૂબી ગયું ?' એ જ ખરેખર જાણવા યોગ્ય છે. મહર્ષિ ફરમાવે છે કે -

બહુ સરસ જવાબ છે.

વિરક્ત 'વાસના' સમુદ્રને તરી ગયો છે. વિલાસી 'વાસના' સમુદ્રમાં ગૂંગળાઈને મરી રહ્યો છે !

એકવેળા 'જનક' વિદેહી વ્યાખ્યાન શ્રવણ કરી રહ્યા હતા.

ઋષિ અષ્ટાવક્રે જનકની વિરક્તતાની પ્રતીતિ કરાવવા એક કીમિયો યોજ્યો.

ચારે બાજુથી લોકો દોડતાં દોડતાં આવ્યા ને કહેવા લાગ્યા કે -

'મિથિલા સળગી ઊઠી છે ! નાસો ! નાસો ! ભાગો ! ભાગો !'

વાસના સમુદ્રને તરી નહીં જનારા કેટલાય લંગોટીધારી ઋષિઓ દોડાદોડ કરવા લાગ્યા. લંગોટી બચાવવા વ્યાખ્યાનને છોડી દીધું. પણ...

મિથિલાનો માલિક જનક 'વાસના' સમુદ્રને તરી જાય તેવો વિરક્ત હતો. બૂમ સાંભળી ન સાંભળી કરીને દેશના શ્રવણ કરતો જ રહ્યો.

'મારું જશે' એમ સમજનાર બધા જ દોડ્યા, પણ...

મારું જે છે તે 'આ દેશનાનાં શ્રવણમાં જ છે.' એમ સમજનાર જનકને છોડવાનું સ્થાન જ ક્યાં હતું ?

'વાસના' સમુદ્રને વિરક્તતાથી તરી જાવ. નહીં તો...

પાંચ ઈન્દ્રિયોની પરાધીનતા મારા તારાના વિકલ્પો અનેક વિલાસો કરાવશે.

વિલાસ = ઈન્દ્રિયોના વિષયો !

'મારા' અને 'તારા'ના વિવેકશૂન્ય વિકલ્પો !

જ્યાં ઈન્દ્રિયોના વિલાસો આવે ત્યાં ડૂબવાનું હોય જ. કારણ ?

ડૂબનારમાં ઉપર આવવાનું જ્ઞાન હોય.

'વિલાસી'ની દશા ખૂબ ભયંકર હોય છે. એક વખત ઈન્દ્રિયને ગમી ગયું, સ્વીકારી લીધું.

પછી મૂંઝવણ પેદા કર્યા વિના રહે જ નહીં.

પછી જીભની લાળ ટપકે એટલે થાળના થાળ આરોગવાની ઘેલછા થાય અને અડધું ખવાયું હોય કે, ન ખવાયું હોય ત્યાં પેટમાં ગરબડ થવા માંડે !

પુરૂં ખાય ને ગરબડ થવા આવે તો કો'ક વખત તે ખાનારાને કેવી રીતે જીવતો રાખવો તે સવાલ થઈ પડે !

જેણે આ લોકમાં મૂંઝવણ પેદા કરી તે પરલોકમાં તો કંઈ ગુણી દીનતા પેદા કરાવે જ. માટે જ...

પાંચે ઈન્દ્રિયોના ભયંકર વિલાસો ડૂબાડનાર હોય છે.

વિલાસી સદાકાળ મૂંઝવણ અને દીનતાને સેવતો આ સંસાર સમુદ્રમાં ડૂબેલો જ છે.

❁ ❁ ❁

પ્રકરણ : ૭

को देवो ? वीतरागो यः,
को गुरु ? महाव्रती ।
को धर्मो ? वितरागोक्तो,
ऽहिंसा-यम-तपोमयः ॥७॥

(૧)

को देवो ? वितरागो यः

દેવ કોણ ? જે વીતરાગ છે.

સહારા કે આલંબન સિવાય તો આ દુનિયામાં કોઈ પ્રગતિ કરી શક્યો નથી અને કરી શકશે પણ નહીં.

એક વખતનો ભાષા સંશોધક પણ એક અવસ્થામાં કોઈના બનાવેલા 'કક્કા'ના આધારે જ આગળ આવ્યો હોય છે.

એક વખતનો પાંચ બાળકોનો પિતા પણ એક વખત ઘુંટણિયે જ ઘસડાતો હશે ? કેટલાયના સહારે આજે આ સ્થિતિ પર આવ્યો હશે ?

એક વખતના સિદ્ધહસ્ત કવિએ કે ચિત્રકારે પોતાની રચનાથી તુચ્છકૃતિ વડે 'આ સંસારમાં કશું જ નિરાલંબનપણે પેદા થતું નથી !' તેમ વિચારી પોતાના જ્ઞાનની વૃદ્ધિ કરી જ હશે !

'આત્માથી પરમાત્મા બનવા માટે પણ આલંબનની જરૂર છે.'

આવું જ કોઈ પ્રબળતમ આલંબન ભગવાન કે દેવ કહેવાય છે. પણ...

જેટલા આલંબન તરીકે દેખાતા હોય, તે બધા અવલંબવા યોગ્ય હોય તેવું કદીય ન બને !

કેટલાક આલંબનો સહાયનો બુરખો પહેરીને આવે છે, પણ લઈને આવે છે વિનાશનો અંતર્ભાવ.

માટે જ શિષ્યે શોધ આદરવી પડે છે...

"કો દેવ: ?" - "હે ગુરુ ! દેવ કોણ છે ?"

આવા પ્રશ્નોના જવાબો માટે કેટલાયે અનંતકાળથી પ્રયત્ન કરી રહ્યા છે. પણ...

કહેવત છે કે - "દૃષ્ટિ તેવી સૃષ્ટિ"

'જેની પાસે જેટલો વિકાસ હોય, તેટલો તે પ્રકાશ કરી શકે !' માટે જ...

કોઈક વિચારકે કહ્યું છે કે - "તમે કૂતરા, હાથી કે ઘોડાના મનને જાણો તો તમને ખબર પડે કે, તેઓને મન કોઈ કૂતરો, હાથી કે ઘોડો જ દેવ હોય છે ! કારણ ?

તેઓ મનુષ્યની ભૂમિકાને નિરખવા સુધી પહોંચી શક્યા નથી.

વિચારકનું આ કથન સર્વાંશે સત્ય માનવાની જરૂર નથી, પણ...

તેમાં રહેલ એક સત્યાંશ એ છે કે...

'પ્રાણી પોતાના વિકાસ મુજબ જ સૃષ્ટિ નીહાળે છે.'

તેવું જ દેવ વિષયના પ્રશ્નના જવાબનું બન્યું છે.

'કોઈએ સૂર્યને સમર્થ જોયો અને તેને દેવ માન્યો !'

સૂર્ય વિના જગતનું અસ્તિત્વ મુશ્કેલ લાગતાં તેઓ સૂર્યના અનુયાયી બન્યા !

'કેટલાકે પવનને દેવ માન્યો !'

'સમુદ્રમાં ફરનારે સમુદ્રને દેવ માન્યો !'

'શક્તિના ઉપાસકે શક્તિરૂપ દેવ માન્યો !'

'કોઈકની કલ્પના આથી વધુ આગળ ગબડી અને સારીયે સૃષ્ટિના સર્જન અને સંહારની ઝંઝટમાં સપડાઈ ગઈ.

એટલે તેવી શક્તિ જ તેમને મન દેવ બની ગઈ.' પણ...

આવી સર્જક અને સંહારક શક્તિ તો કોઈ દેહધારી મનુષ્યમાં જ હોય એટલે તેમણે તેવી શક્તિના સ્વામી તરીકે હરિ, હર, બ્રહ્મા, મહેશ વગેરેની કલ્પના કરી. પણ...

આ બધી કલ્પનામાં ઊંડું કે અંતિમકોટિનું પ્રાત્યક્ષિક જ્ઞાન સહાયભૂત ન હતું.

તેથી, આવા સર્જક અને સંહારક તત્ત્વમાં દેવની માન્યતાની સાથે જ અનેકાનેક પૂરક માન્યતાઓ પેદા થઈ.

અવતારવાદ ! - દુષ્ટ વિનાશવાદ ! - ધર્મ સ્થાપનાવાદ ! અને

ઈશ્વરેચ્છાવાદમાં પરિણમી.

પરિણામે દેવ જેવા પરમતત્ત્વમાં અનિવાર્ય પણ રાગ, દ્વેષ અને અજ્ઞાનના દુર્ગુણો પણ કલ્પી લેવા પડ્યા.

સૃષ્ટિના સર્જન અને વ્યવસ્થિતકરણના વિચારો તેમજ અનુભવો માનવીને 'દેવ' જેવા પરમ ઉત્તમ તત્ત્વમાં પરમ ઉપાસ્ય તત્ત્વમાં...

"દુષ્ટના નાશ માટે દ્વેષ" - "ભક્તોના વિલાસ માટે પ્રેમ" કલ્પી લેવો પડ્યો... અને...

સાથે જ સૃષ્ટિના સર્જનના હેતુનું સમાધાન નહીં મળતાં સર્જક અને સંહારક એવા ઉપાસ્ય તત્ત્વમાં 'લીલા' કે 'બાળ ચેષ્ટા'ના સમાધાન વડે અજ્ઞાનદોષનો અનિવાર્યપણે સ્વીકાર કરી લેવો પડ્યો ?

"આમ, કેવળ પૂર્ણ આત્માનુભવના અભાવમાં 'દેવતત્ત્વ'ની વ્યાખ્યા 'સૃષ્ટિના સર્જક - રક્ષક અને ભક્ષક' એવા પરમ સમર્થ તત્ત્વમાં થઈ અને તેથી જ તેમાં માન્ય કરવા પડેલા રાગ, દ્વેષ અને અજ્ઞાન પણ ગુણો લેખાવા માંડ્યા !" પણ...

જેઓ આત્મસાધનાની ચરમસીમાઓને ઓળંગી ગયા હતા, સારાય વિશ્વને હસ્તકમળની માફક નીરખતા હતા, તેમણે સૃષ્ટિનું વાસ્તવિક નિરૂપણ કર્યું કે, સૃષ્ટિના સનાતન સત્યો સ્વયં નિર્મિત છે.

કોઈ પણ ઘટના કે પદાર્થ માત્રનો એક અંશ પણ સ્વયં નિર્મિત છે.

દરેક પદાર્થોમાં પોતાની વિશિષ્ટતા છે, માટે જ જગતના સર્જન કે રક્ષણ કે વિસર્જનની કલ્પના મિથ્યા છે.

'પ્રાણીમાત્ર એક જ પરમતત્ત્વ છે.'

જેમ જેમ પ્રકાશપુંજ પથરાય છે... તેમ તેમ અંધકારપટલ વિનાશ પામે છે. તેવી જ રીતે...

"જ્ઞાનનો પ્રકાશ ફેલાતો જાય છે. અને

'કર્મ'નો અંધકાર દૂર થતો જાય છે.

'પ્રાણી' તેના સહારે જ આગળ વધતો વધતો સંપૂર્ણ માત્રામાં મોહ, અજ્ઞાન અને અશક્તિના અંધકારને ભેદતો જાય છે. અને...

એ રીતે "સ્વયં પ્રકાશમાન થયેલ તત્ત્વ જ 'દેવ' છે."

જૈનદર્શનની સૌથી મોટી ખૂબી એ છે કે, તેણે

'ઉપાસક'ને 'ઉપાસ્ય' બનવાનો,

'પૂજક'ને 'પૂજ્ય' બનવાનો અનુપમ રાહ દેખાડ્યો છે.

માટે જ જૈનશાસ્ત્રમાં દેવ તરીકે કોઈ એક વ્યક્તિની પૂજા કદી થતી નથી. જે પણ વ્યક્તિઓની પૂજા થાય તે તેના ગુણોને લઈને જ થાય છે.

'વીતરાગ'ની લાયકાત ધરાવનાર આત્મા માત્ર સાચા ઉપાસક માટે ઉપાસ્ય હોવો જોઈએ.

'વીતરાગ'ની લાયકાત ધરાવનાર આત્મા સાચા પૂજક માટે પૂજ્ય હોવો જોઈએ.

આવી ભવ્ય ઉદારતાના કારણે જ જૈનાચાર્યો લલકારી શક્યા છે કે...

"રાગાદ્યા ક્ષયમુપાગતા યસ્ય, બ્રહ્મા વા વિષ્ણુ ર્વા, હરો જિનો વા નમસ્તસ્મૈ !"

આવી મહાન કક્ષાને પ્રાપ્ત કરનાર જ દેવ કહેવાય....

"વીતરાગ જ સાચા દેવ ! બીજા બધા દેવાભાસ છે !"

(૨)

को गुरु ? महाव्रती ।

ગુરુ કોણ ? જે મહાવ્રતધારી છે.

જોવા માટે સુંદર લોચન હોય છે,

ગ્રહણ કરવા માટે બે હાથ હોય છે,

ચાલવા માટે બે પગ હોય છે, છતાંય...

જોઈતી વસ્તુ હાથમાં આવતી નથી, તેનું કારણ શું હશે ?

લૂલો - લંગડો કે આંધળો ફરિયાદ કરે કે, અમુક ચીજ નથી મળતી તો સમજી શકાય. પણ...

દેખતો - દોડતો અને ફંફોળતો જ્યારે ફરિયાદ કરે કે, 'મને ચીજ મળતી નથી ત્યારે ખામી કોની ?'

હાથની ? - પગની ? નહીં નહીં...

તો શું ?

જે ચીજ મેળવવી છે તે જ નથી ?

ના... તે પણ છે.

ત્યારે શું ખૂટે છે ?

ખૂટે છે... એક માત્ર આયોજક !

હાથને યોગ્ય સ્થાને પહોંચાડનાર,

પગને યોગ્ય ગતિ કરાવનાર,

આંખને દર્શન કરાવનાર,

એક માત્ર 'પ્રકાશ'ના અભાવમાં બધાને ફાંફા છે ! પ્રકાશ કશુંય પેદા કરતો નથી. છતાંય...

તેના વિના કશુંય પ્રાપ્ત થતું નથી ! કારણ...

પ્રકાશ આયોજક છે.

જ્યાં સુધી આયોજક ન મળે ત્યાં સુધી બધું જ નિષ્ફળ,

'માનવ' પણ અનેકાનેક શક્તિવાળો છે.

તે જેને ઝંખી રહ્યો છે, તે સુખસાગર પણ તેની સામે જ છે, અને

સવારથી સાંજ સુધી ગધેડાની માફક મજૂરી કરવાની પ્રયત્ન શક્તિ પણ તેની પાસે છે. છતાંય બધું જ નિષ્ફળ છે. કારણ ?

કારણ... કોઈ આયોજક નથી.

આવા પરમ આયોજકની પ્રાણીમાત્રને જરૂર પડે છે.

માટે જ શિષ્યે પ્રશ્ન કર્યો કે...

"પ્રાણીઓની છૂટી પડેલી શક્તિઓના આયોજક એવા ગુરુ કોણ ?"

સૂરીશ્વર ફરમાવે છે કે, 'જે મહાવ્રતી' છે તે જ આવા આયોજક છે. અહીં આપણે 'પ્રકાશ'ને આયોજક માન્યો છે. કારણ ?

દુનિયાને જોવા માટે પ્રકાશની જરૂર છે. પણ,

પ્રકાશને જોવા માટે બીજી વસ્તુની કદી જરૂર પડતી નથી.

માટે જ પ્રકાશ આયોજક બની શકે છે.

ગુરુદેવે જણાવ્યું કે, 'મહાવ્રતી' એ જ સાચો આયોજક છે.

દુનિયાના શાસ્ત્રોએ ગુરુમાં જ્ઞાનની કલ્પના કરી છે.

સૂરીશ્વરે 'મહાવ્રતી'ની વાત કરી છે...

આમ શા માટે ?

'જ્ઞાન' કેટલીક વખત માત્ર 'મગજનો પ્રકાશ' બની જાય છે, 'જીવનનો પ્રકાશ' બની શકતું નથી.

જ્યારે જ્ઞાન - જીવનનો પ્રકાશ બન્યું હોય, ત્યારે તે જ્ઞાનનું સ્વરૂપ વિવેકમય આચરણમાં બદલાઈ ગયું હોય છે !

ધનના ઢગલાને પેદા કરવા માત્રથી કે, ગણીને તિજોરીમાં રાખી મૂકવા માત્રથી ધનવાન બનાતું હોત તો હીરા કે સોનાની ખાણમાં મજૂરી કરનારો દુનિયાનો સૌથી ઉત્તમકોટિનો ધનવાન ન ગણાત ?

'ટંકશાળા'નો કારકુન દુનિયાનો સૌથી વધુ શ્રીમંત ન કહેવાત !

કહેવું જ પડશે કે ધનનો સંબંધ છે.

ગાઢતમ સંબંધ છે, પણ...

સ્વામિત્વ નથી.

'સ્વામિત્વ' પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તો ગમે તેવા સંબંધો નિષ્ફળ છે !' માટે જ...

'ગુરુ એ જ્ઞાનના પ્રકાશના સંબંધી નહીં', પણ 'સ્વામી હોવો જોઈએ'

તેથી જ 'જ્ઞાની' નહીં, પણ 'મહાવ્રતી' જ ગુરુ બની શકે. કારણ...

તેઓનું જીવન પ્રાપ્ત થયેલા 'જ્ઞાન' પર સ્વામિત્વ મેળવી શક્યું છે. તેથી જ...

ગુરુ કેવળ 'વ્રતી' નહીં, પણ 'મહાવ્રતી' હોવા જોઈએ.

'મહાવ્રત'ની સીધી સમજ મોક્ષમાર્ગ પ્રત્યેની અનન્ય ઝંખના જ છે.

મહાવ્રતમય જીવનની પ્રત્યેક ક્ષણ પણ એવી રીતે આયોજિત હોય કે, મોક્ષમાર્ગ પ્રત્યેનું તેનું અંતર ઘટતું જ જાય.

ઘટવાની ગતિ પણ ગળિયા બળદ જેવી ન હોય, મોટર કે એરોપ્લેન (Aeroplane) જેવી હોય.

૧. સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત
૨. સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત
૩. સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રત
૪. સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત
૫. સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત

આ પાંચેય મહાવ્રતો છે...

પહેલા ત્રણ મહાવ્રતો પ્રધાનતયા પરજીવોને ઉપજતી લેશમાત્ર પણ પીડાનું સાક્ષાત્ દૂરીકરણ છે.

જ્યાં પર પ્રાણીપીડાના દૂરીકરણરૂપ બહિર્મુખ ફળ છે, ત્યાં જ આત્મામાં દયા, કરૂણા, નિર્ભયતા, વિશ્વાસ અને સ્વાવલંબિતારૂપ આંતર્મુખ ફળો પણ આત્માને સભર કરી દે છે. માટે જ...

મોક્ષમાર્ગ પ્રત્યેનું ઉત્થાન પરહિતરૂપ બહિર્મુખ ફળ સાથે જ આંતર વિકાસને ફેલાવનારૂં હોય છે.

પ્રાણાતિપાત વિરમણ પરપ્રાણીને અભય આપે છે.

'સ્વ'ને કરૂણાપૂર્ણ હૃદય આપી મન, વચન અને કાયાને કઠોર બનાવે છે.

મૃષાવાદ વિરમણ મહાવ્રત, પરને વિશ્વાસ અને શાંતિ બક્ષે છે, ખુદમાં નિર્ભયતા પેદા કરે છે.

અચૌર્યવ્રત 'પર'ને નિર્ભય બનાવે છે.

'સ્વ'માં સ્વાવલંબિતા પેદા કરે છે.

'બ્રહ્મચર્ય' દુનિયાની ઇજ્જત અને આબરૂનું રક્ષણ કરે છે.

'સ્વ'માં અનુપમ મહાન શક્તિનું ઉત્થાન કરે છે.

'નિષ્પરિગ્રહ' વિશ્વને નિશ્ચિંત બનાવે છે.

આત્માને આત્મ ઐશ્વર્યથી શોભાવી ઉઠે છે.

આમ, પાંચે પાંચ મહાવ્રતોમાં અનુપમ સ્વપર પરોપકારિતા સમાયેલી છે.

માટે જ...

સાધુની વ્યાખ્યા 'સ્વ પર કાર્યાણિ સાધ્નોતિ ઈતિ સાધુઃ' મહાવ્રતીમાં જ ઘટે છે.

મન, વચન અને કાયાના ત્રણેય યોગોને મહાવ્રતી જકડી લે છે. માટે જ તેઓના આત્મામાં થતું એક સૂક્ષ્મ પણ આંદોલન સ્વ-પરનું શ્રેયઃ સાધક છે.

સ્વ-પરની શક્તિનું મોક્ષમાર્ગ પ્રતિ આયોજન કરનાર તે મહાવ્રતી છે.

અને...

'મહાવ્રતી' જ સાચો ગુરુ છે.

(3)

को धर्मः ? वीतरागोक्तो ऽहिंसा - यम तपोमयः

ધર્મ કયો ? વીતરાગે ફરમાવેલ

અહિંસા, સંયમ અને તપરૂપ,

એક દિવસ ગુરુએ પોતાના શિષ્યને એક ગંભીર વિષય સમજાવ્યો.

કેટલાક દિવસ ગયા પછી તેને જ બોલાવીને પૂછ્યું - "કેમ ? તે દિવસે સમજાવેલું યાદ છે ?"

શિષ્ય : (પુનરાવર્તનના જોર દ્વારા બોલ્યો)

"ગુરુજી ! બરાબર યાદ છે."

ગુરુ : "બોલ ! જો, શું યાદ રાખ્યું છે ?"

શિષ્ય તો 'ગુરૂએ જેવી રીતે વાત સમજાવી હતી, તેવી જ રીતે બોલી ગયો.' પછી...

શિષ્ય ગુરુના મ્હોં પર પ્રસન્નતા જોવાનો પ્રયત્ન કરતો હતો. ત્યાં...

ગુરુએ જરા તીખા સ્વરમાં કહ્યું -

"જતો રહે મજૂર ! મેં તને મારા મગજનો ભાર ઉંચકવા નથી બોલાવ્યો ?"

માનવ સમાજમાં કેટલાય ખરેખર આ ગુરુના શિષ્ય જેવા છે.

તેઓ - જે સાંભળે છે કે, - જે વાંચે છે કે, - જે જુએ છે. -

પછી તે વિચારધારાને જેમ મજૂર 'પોટલું' ઉંચકે, તેમજ લઈને ફરે છે !

બિચારા કદી તે વિચારના પોટલામાં કઈ સામગ્રી છે તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવાનો પ્રયાસ સરખો પણ કરતાં નથી.

પરિણામે, બિચારા વિચારોનો બોજ જ ઉઠાવીને ફરતા હોય છે.

અને આજ કારણે તેઓને ઉપદેશવામાં આવેલું અવલ તત્ત્વ પણ પોટલું બનીને જ પડી રહે છે.

ક્યારેક તે 'વિચાર' 'આચાર'માં પ્રવેશ પામતો નથી, પરિણામે ઉપદેશ દાતા દ્વારા ઉપદેશાયેલા પરમતત્ત્વો પર પણ શંકાના ભૂતો જોર જમાવે છે.

શ્રવણ 'મનન'માં પરિણમ્યા સિવાય તો જીવન કવનમાં ગુંથાય એ કદીયે બને ખરૂં ?

જીવન કવનમાં અપરિણત થયેલું શ્રવણ અનેકાનેક સંદેહ પેદા કરે તેમાં કાંઈ આશ્ચર્ય નથી !

'ધર્મ' કોને કહેવો ? આવો પ્રશ્ન પણ આજ કારણથી પેદા થયો છે.

મનુષ્ય પોતાની મનન શક્તિ આવા તત્ત્વો પાછળ ખર્ચતો જ નથી. અને...

તેથી જ વૈભવ-સંપત્તિ હોવા છતાં દરિદ્ર નારાયણ જેવો લાગે છે !

જેણે 'ધર્મ'ના ઉપદેશ પર યથાર્થ ચિંતન કર્યું હશે ? તેણે આ પ્રશ્નનો જવાબ શોધી નહીં કાઢ્યો હોય, તે સંભવિત લાગતું નથી.

ગમે તેમ હોય, પણ એટલું તો નિશ્ચિંત છે કે આવા તત્ત્વોના ચિંતનના અભાવે જ માનવ દિવસે-દિવસે ભિખારી બનતો જાય છે.

માટે જ સૂરીશ્વરજી આવા પ્રશ્નોના જવાબ આપે છે.

'વીતરાગોક્તોડહિંસાસંયમતપોમયો ધર્મઃ'

વીતરાગે કહેલ, 'અહિંસા સંયમ અને તપમય ધર્મ જ ધર્મ છે.'

તેમનો જવાબ બે વિભાગમાં છે.

પહેલો વિભાગ છે, 'વીતરાગે પ્રરૂપેલ.'

બીજો વિભાગ છે, 'અહિંસા સંયમ તપોમયતા.'

'વીતરાગ' એટલે...

હરિ કે શંભુ નહીં, રામ કે હનુમાન નહીં, બુદ્ધ કે ઈશુ નહીં...

પણ... **'વીતરાગ' એટલે 'આત્મશોધક'**

આત્મશોધક એટલે આત્માને બે સીતમ કર્મના ઝુંડમાંથી દૂર કરનાર !

તે જ વીતરાગ...

જેવું જગત છે, તેવું જેણે જોયું હોય. અને...

જેવું જોયું હોય, તેવું જ કહ્યું હોય. તેવા...

વીતરાગ જ હોય.

આવા આત્માઓ એક નહીં, પણ લાખો અને કરોડો છે, હતા અને રહેશે. પણ...

બધા જ એકમતવાળા છે.

મૂર્ખો એકલો ગણવા બેસે તોય ઉંધું બાફી મારે ! હરવખતે નવી નવી ગણતરી મૂર્ખાઓની થાય. પણ...

ડાહ્યા હજાર ગણવા બેસે અને હજાર ગણે તોય જવાબ એક જ હોય.

તેમ 'વીતરાગ' તો અનેક હોય, પણ તેઓનો 'મત' એક હોય !

વીતરાગે કહેલ હોય તે જ સત્ય હોય !

તે જ ઉપાદેય હોય !

તે જ આચરવા યોગ્ય હોય !

તે જ સ્વાદિષ્ટ, - હિતકારી, - તથ્ય અને પથ્ય હોય, તેથી જ...

'અહિંસા, સંયમ અને તપ' એ વીતરાગે ફરમાવેલા હોવા જોઈએ.

'અહિંસા, સંયમ અને તપ' એ તો પ્રબળ શક્તિવાન્ કસોટીનો પથ્થર છે. સાચો ધર્મ સાચા સોનાની માફક ઝગમગાટ કરી શકે છે.

અહિંસા... પ્રાણીની ઈચ્છાઓ ઝંખનામાં પ્રગટે છે.

ઝંખનાનું જોર માનવીને મૂઢ બનાવે છે. અને...

મૂઢતા જ આખરી આક્રમણમાં પરિણમે છે.

કોઈ પણ દુન્યવી ચીજની ઈચ્છા જ્યારે ઝંખના બનીને માનવને મૂઢ બનાવે છે.

ત્યારે માનવી ક્રૂરમાં ક્રૂર આક્રમક બનતાં પણ પાછી પાની કરતો નથી.

ગામોના ગામોને... શહેરોના શહેરોને પણ... સળગાવી શકે છે.

આમાં જ મૂઢમાનવ પોતાની મહત્તા સમજે છે, પણ...

જે વાસ્તવિક રીતે મહા પાશવતા છે.

અહિંસા આ જ પાશવતાનું ઊર્ધ્વીકરણ છે.

ઈચ્છા અને ઝંખનાના બળોને અંતર્મુખી કરવાનું અમોઘ સાધન એટલે જ અહિંસા...

જ્યાં અહિંસા છે, ત્યાં જ અંતર્મુખતા છે, ત્યાં જ પરમાત્મ દર્શનની વાતો પણ સંભવે છે.

'અહિંસા' એ પર વેદનાના પ્રત્યક્ષીકરણની ભૂમિકામાંથી પેદા થાય છે.

જ્યાં સુધી પારકાની વેદના ન સમજાય ત્યાં સુધી અહિંસાનું પાલન થઈ શકે નહીં.

'અહિંસા' એ જ ધર્મમાર્ગની પરમ વિકાસિકા છે.

જેઓએ પરની પીડા પોતાની પીડા માની છે, તે જ આ સત્યધર્મ પર સ્થિર રહી શક્યા છે. પણ...

જેઓએ પોતાની પિપાસાને મુખ્ય માની છે, તેઓ કદીય આવા ધર્મો સ્થાપી શક્યા નથી અને પાળી શક્યા પણ નથી.

અહિંસા વિનાનો ધર્મ તો અધર્મ કરતાં પણ ભયાનક છે ! અને તેવા ધર્મોએ ધર્મપ્રસારના નામે મહાન યુદ્ધો સર્જ્યાં હતાં !

ધન્ય છે તે તીર્થંકર ભગવંતોને !

જેઓએ સંપૂર્ણ અહિંસાથી શાંતિમય ઉદ્‌ઘોષણારૂપે પોતાના ચરણમાં આવેલ, સિંહ - વાઘ - સર્પ - નકુળ - બિલ્લી - ઉંદરના

શાશ્વત વૈરને પણ સમાવી અહિંસાના પરમનાદથી આ વિશ્વને સજીવન રાખ્યું છે.

વિશ્વમાંના કોઈપણ જીવનું કે સમસ્ત વિશ્વનું અસ્તિત્વ અહિંસા વિના કદી ટકી શકે જ નહીં. પણ...

આ અહિંસા કેવળ નિર્બળતાનું જ પરિણામ હોય તો ધર્મ નથી !

કારણ ? ત્યાં પ્રતિકારની શક્તિ ન હોવા છતાં પ્રતિકાર કરવાની વૃત્તિરૂપ પાશવતા તો છે જ !

છૂપી પણ પાશવતા પોષણની વૃત્તિ ધર્મ ન હોય !

માટે, સાચો ધર્મ અહિંસાની સાથે સંયમ અને તપને જોડનારો જ હોય.

'સંયમ'નું સાચું સ્વરૂપ પરાક્રમશાલીતા છે, પણ...

પરાક્રમશાલીતા હોવા છતાં તેમાં આક્રમણતા નથી. કારણ ?

આક્રમણ એ ભૌતિક વિકાર છે, જ્યારે પરાક્રમ એ આત્માનો આવિષ્કાર છે.

આક્રમક હજારોનો નહીં, લાખોનો હિંસક બની શકશે. પણ...

એક દિવસ ચોક્કસ હાર ખાશે !

લાખોની લાશ પાડીને, પણ પોતાની લાશ પડતી નહીં રોકી શકે ! જ્યારે સંયમરૂપી પરાક્રમી એક દિવસ વિજયની પતાકા દૂર દૂર ફરકાવશે.

પરાક્રમીને કોઈની ગરજ નથી.

પરાક્રમીને કોઈની જરૂર નથી.

આક્રમીને આખરે આક્રમણ કરવા તો કોઈ જોઈએ જ ને?

માટે જ... પરાક્રમ સ્વાધીન છે, આક્રમણ પરાધીન છે

સ્વાધીનતા એ જ સંપૂર્ણતા છે, પરાધીનતા એ જ અપૂર્ણતા છે.

'ઈન્દ્રિય' અને 'મન' પર પરાક્રમ કરી સંયમી સારાયે જગતના દુઃખને સુખમાં ફેરવી નાખવાની અનોખી તાકાત પેદા કરે છે.

સંયમ એટલે સાચા અર્થમાં દુઃખમાંથી જ સુખ પેદા કરવાની અજીબ જડીબુટ્ટી છે.

અભાવમાંથી સ્વભાવ પેદા કરનાર મહા જાદુ છે. ખરી રીતે જોતાં સંયમ વિના અહિંસા શક્ય જ નથી ! અને...

સંયમની સાચી સાધના 'તપ' વિના કદી પણ થઈ ન શકે !

મદમસ્ત બનેલા હાથીને કે વિફરેલા ઘોડાને વશ કરવો હોય તો તેના મદ કે ઉન્માદને તો શાંત પાડવો જ જોઈએ.

એક વખત મદ કે ઉન્માદ શાંત પડી જાય, પછી કાબૂ મેળવવો શક્ય છે. માટે જ સંયમ એ ધર્મનું અનિવાર્ય અંગ છે.

સંયમમાં ઈન્દ્રિય દમન એક જુલ્મ છે, એવું કેટલાક માને છે. અને 'વાસના'ના ગંદકીભર્યા પ્રવાહને ગંગાનો પ્રવાહ માનીને તેમાં જ સ્નાન કરવું શ્રેયસ્કર માને છે. પણ...

આ મહાભ્રાંતિ છે, સંયમમાં દમન છે જ નહીં. છતાંય...

કદાચ દમન જેવું દેખાય છે.

ઇન્દ્રિયો પર જુલ્મ જેવું દેખાય છે.

પણ જુલ્મને શાંત કરનાર છે.

તેનું વાસ્તવિક સ્વરૂપ દમન કે જુલ્મ નથી, પણ આત્મરમણનો મહાઇલમ છે, તે જ સંયમનું સ્વરૂપ છે.

ઇન્દ્રિયોને અંકુશમાં રાખનાર જુલ્મી નથી,

પણ... જુલ્મને શાંત કરનાર છે.

સંયમનું જ વધુ પ્રખર કે વિશુદ્ધસ્વરૂપ 'તપ' છે.

દેખાવમાં તપ કઠોર લાગે છે, પણ...

કઠોરતા જ કોમળતાની સંરક્ષક હોય છે !

ચામડી કઠોર ન હોય તો માંસની મૃદુતાનું રક્ષણ કેવી રીતે થાત ?

પુષ્પની નીચે કઠોર કવચ ન હોય તો કોમળ પાંખડીઓનું અસ્તિત્વ કેવી રીતે ટકી શકે ?

વિશ્વનો એક સનાતન નિયમ જ છે કે, કોમળતાના પોષણ માટે કઠોરતાની જરૂર છે.

'તપ'ની કઠોરતાથી દેહની કોમળતાનો કદાચ સંહાર થતો પણ હશે.

પણ... સાથે જ પરમ કૃપા-રસમય પરમાત્મભાવ રૂપ મૃદુતાનું ત્યાં જ પોષણ થાય છે.

'તપ' એ કેવળ દેહદમન છે. એ વાક્ય તો 'તપ'ના નામે થઈ ગયેલ લાંઘણના પરિચયના પરિણામે છે.

'તપ'ની સાર્થકતા ફક્ત દેહને નિર્બળ બનાવવામાં નહીં. પણ...

આત્માને નિર્મળ બનાવવામાં છે.

વીતરાગ દ્વારા ઉપદેશિત 'તપ' એ દેહદમન નથી. પણ 'વાસના' શમન છે.

'તપ' વિના ધર્મની પૂર્ણતા કાલ્પનિક છે.

બહારની દુનિયામાં અટવાઈ રહેલા આત્મ પરિબળો જ્યારે અંતર્મુખ બને છે, ત્યારે જ પ્રચંડ તાકાત પેદા કરે છે, તે જ વાસ્તવિક 'તપ' છે.

અને તેથી જ મોક્ષમાર્ગની આરાધનાનું અંતિમ શિખર પણ 'તપ' જ છે.

'અહિંસા, સંયમ અને તપ' આ ત્રણેય પરિબળો સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રમાં ફેલાયેલા છે.

ધ્યાન - ધ્યાતા અને ધ્યેયનો અભેદ કરે છે.

સાધન - સાધક અને સાધ્યની દિવાલોનું વિલીનીકરણ છે. સુખ-સુખના ઉપાયો અને સુખી ત્રણેયનું સુખમાં સમીકરણ છે.

અધમાત્માનું ઉર્ધ્વીકરણ, મહાત્માનું પ્રગટીકરણ અને...

'धार्यते अनेन इति धर्मः'

એ વ્યાખ્યા પ્રમાણે અનંતકાળ સુધી શાશ્વત - સ્થાયી બનાવવાની યોગ્યતા આ ત્રણેયના સુભગ સાંનિધ્યમાં જ છે.

❖ ❖ ❖

પ્રકરણ : ૮

भगवन्नत्र कः शत्रुः ?
प्रमादं मन्यतां शिशो ! ।
किमस्ति चंचलं लोके ?
समाम्नातं मनो बुधैः ॥८॥

(૧)

भगवन्नत्र कः शत्रुः ?
प्रमादं मन्यतां शिशो ! ।

હે ભગવાન ! શત્રુ કોણ છે ?
'પ્રમાદ સાચો શત્રુ છે હે શિશુ !'

સારાય વિશ્વને નિહાળવાની તાકાત ધરાવતી આંખની કમનશીબી માત્ર એક જ છે કે, 'તે પોતાનું સ્વરૂપ નીરખી શકતી નથી.'

આંખની નહીં... માનવીની પણ એ જ દશા છે !

એવી જ નહીં... તેનાથી પણ વધુ ભયંકર છે.

તે સમગ્ર વિશ્વને જોવાનો દાવો ધરાવે છે. પણ...

માત્ર પોતાની જાત બાકાત રહી જાય છે, તે જ ભૂલી જવાય છે !

માનવને પ્રશ્ન કરીએ કે, "તારો મિત્ર કોણ અને શત્રું કોણ ?"

તો પણ, તે બહાર જોઈને જ જવાબ આપશે.

અંદર જોવાની - પોતાને જોવાની તેને ટેવ જ નથી.

અહીં આંતરીક દષ્ટિવાળા કોઈ મહાત્માને પૂછ્યું કે,

'શત્રુ કોણ છે ?'

મહર્ષિએ જણાવ્યું કે, 'વ્હાલા શિશુ ! તારામાં રહેલો પ્રમાદ - બેદરકારી - તેજ તારો શત્રુ છે.

ક્ષણભર વિદ્યુતનો આંચકો લાગે તેવો અનુભવ આ જવાબ કરાવે તોય આશ્ચર્ય નથી !

નાનો છોકરો ઘુંટણે ચાલતો હશે, ક્યારેક પડી જશે, તો રોવા માંડશે અને તેની મા આવીને કહેશે...

'બેટા ! ઊભો થઈ જા ! સાલી, જમીન ખરાબ છે, તને પાડી નાખ્યો. કંઈ નહીં, હું તેને લઢીશ' અને...

બાળક મારનું દુઃખ ભૂલી એક આનંદની સ્ફૂર્તિ મેળવશે અને દોડવા માંડશે.

પોતાની ભૂલે બીજાને દંડીને આનંદ મેળવવાનો મનુષ્યને અનહદ શોખ છે.

જેથી તે કોઈ પણ ગુના માટે પોતાની જાત નિર્દોષ છે, તેવું તે શોધી કાઢે છે, અને પોતે આનંદ માને છે.

પરિણામે, કોઈ એવું પ્રમાણ મળી આવે છે કે,

જ્યારે તે પોતે દોષિત - ગુનેગાર સાબિત થઈને બહાર આવે છે, ત્યારે તેનામાં એક રોષનો દાવાનળ સળગી ઉઠે છે.

આવો દાવાનળ કદાચ પોતાની જાતને અરે ! પોતાની બેદરકારીને જ પોતાનો શત્રુ માનતાં આપણામાં જાગે તો કોઈ આશ્ચર્ય નથી ! પણ...

કોઈના પર પથ્થર મારે ખુદનું દુઃખ કદી ન મટે !

વૃક્ષની ડાળી પર પ્રહાર કરે, મૂળને શું થાય ?

'બેદરકારી' એ જ શત્રુ છે.

આપણી બેદરકારી એ જ આપણો વિનાશ છે.

રસ્તે ચાલતાં કેટલાય લહેરીઓ મોટરના પૈડાને આહુતી આપે છે.

કોઈ દવાની અધિકમાત્રાનો ભોગ બન્યા છે,

તો કોઈક માત્રાને ભૂલીને રોગનો ભોગ બન્યા છે.

એક ક્ષણની આળસે, પ્રમાદે જેટલા મરણ નિપજાવ્યા છે, તેટલા મરણ કોઈએ નથી નિપજાવ્યા.

એક શ્રીમંતના ઘરમાં નવી પુત્રવધૂ આવી.

પિતાએ પુત્રને કહ્યું કે, 'બેટા !' તું રૂપથી મોહાયો છે - તેં ગુણને નથી જોયાં... સાવધાન રહેજે હોં !'

પુત્રને તેવી વાતની કોઈ દરકાર હતી નહીં. એક વેળા રાતે પુત્રને તરસ લાગી. પત્નીને પાણી લાવવા હુકમ કર્યો, બહાર વરસાદ વરસી રહ્યો હતો. પવન જોરશોરથી આવતો હતો, ઠંડી અંગને કંપાવી દે તેવી હતી. બીજે માળે આવીને પાણી લાવવાનું મન પત્નીને ન થયું, પણ પાણી તો લાવવું જ પડે !

પત્ની હાથમાં પ્યાલો લઈને બારી આગળ ગઈ. નેવાંની નીચે પાણી આવતું હતું, ત્યાં પ્યાલો ધરી દીધો અને પાણી લઈને પતિને પાયો. બસ, પછી તો બાર વાગ્યા સુધીયે તે ઉઠે શાનો ?

ઘરના વડીલોની ચિંતા વધી ગઈ, જોવા જાય છે ત્યાં ચેતન વિનાનો દેહ હાથમાં આવ્યો !

પિતા ખૂબ અક્કલવાળા હતા. રાતે શું થયું ? તેની પૂછપરછ કરી. પત્નીએ પાણીની વાત કરી. છાપરા પર જઈને પિતાએ જોયું. તો મોટો ઝેરી નાગ પડ્યો હતો.

પિતાએ કહ્યું કે, 'બેટા ! તમારી આળસે જ તમારા પતિ સ્વર્ગે સીધાવ્યા છે.'

આવા આવા અનેકાનેક દાખલા બનવા પામે છે, પણ જ્યારે આવું કંઈક બનવા પામે છે ત્યારે દુઃખમાંથી ઉભરાયેલી ગંભીરતા આવી જાય છે. પણ થોડી ક્ષણોમાં જ બધા પ્રહારો વિલીન થઈ જાય છે, પાછી આદતો મનનો કાબૂ લઈ લે છે.

પણ... જે પોતાના દુર્ગુણોને કારણે વિશ્વને જવાબદાર ગણે છે. તે જ વિશ્વના અસહ્ય બોજ નીચે કચડાઈ જાય છે, ને અસહ્ય વેદનાથી રીબાઈ-રીબાઈને મરણને શરણ થાય છે !

પ્રમાદનો સામાન્ય અર્થ 'આળસ' છે, છતાં અધ્યાત્મક્ષેત્રમાં તેનો અર્થ અત્યંત વિકસિત છે.

પ્રમાદ એટલે વિવેકશૂન્યતાને નોંતરનાર કોઈ પણ ભાવના !

અધ્યાત્મ શાસ્ત્રકારોની નજરમાં...

તત્ત્વનો મિથ્યા પક્ષપાત,

વ્રતશૂન્ય જીવન,

ક્રોધ - માન - માયા - લોભ - આ બધું પ્રમાદ છે. કારણ...?

તે પ્રત્યેકમાં વિવેકશૂન્યતા પેદા કરવાની એક અનર્ગલ શક્તિ છે.

વાસ્તવિક રીતે આ જ આપણા આત્માના શત્રુ છે, તેથી આગળ વધીને કહીએ તો તેવો આત્મા જ દુશ્મન છે અને તેમાંથી મુક્ત આત્મા જ આત્માનો મિત્ર છે.

"आत्मैव आत्मनो बंधुः"

"आत्मैव रिपुः आत्मनः"

જો સાચે સાચ જ માનવ પોતાની જાતને દુશ્મન સમજે તો પોતાની જોડે યુદ્ધ કરવું પડે !

આ યુદ્ધ માનવને ખૂબ આકરૂં લાગે છે.

હજારોનો નહીં લાખોનો એકીસાથે સંહાર કરનાર, દયાથી નહીં પણ ક્રૂરતાથી જ સંહાર કરનાર પણ પોતાની સાથે યુદ્ધ આદરી શકતા નથી.

પોતાની આદતો, બેદરકારીઓનો બળવો પોકારવાની તેની હિંમત અત્યંત અલ્પ છે અને તેથી જ તે થોડીક આદતોનો ગુલામ બનવા તૈયાર થઈ જાય છે.

આદતોને સ્વામી તરીકે સ્વીકારે છે અને બીજાની પાસે તેની દુશ્મનાવટનું વૈર વાળે છે. માટે જ મહર્ષિનો જવાબ સત્ય હોવા છતાં ચોંકાવનારો લાગે છે.

ધ્યાનમાં રાખજો કે, જે પોતાનામાં રહેલા દુર્ગુણોને જાણે છે, તે જ વિશ્વનું નિયંત્રણ કરવા એક દિવસ શક્તિશાળી બની શકે છે.

(૨)

किमस्ति चंचलं लोके ?

समाम्नातं मनो बुद्धैः ॥

'શું છે આ વિશ્વમાં ચંચળ ?'

'પંડિતોએ 'મન'ને કહ્યું'.

સમુદ્ર તટ પર ઉભેલો માનવી સપાટીને પ્રતિક્ષણે ખળભળતી નિહાળે છે અને આશ્ચર્યમુગ્ધ બની જાય છે.

એક મોટી લહેરની સાથે બીજી લહેર અથડાય છે અને અનેકાનેક નાની-મોટી લહેરીઓ પેદા થઈ જાય છે !

પવનના જોરે હાલતું પાંદડું જુએ છે ને મનુષ્યને અનેરૂં કૂતુહલ પેદા થઈ જાય છે !

મંદિર પરનો ધ્વજ હવાની થપાટો ખાતો ખાતો જે ફડફડાટ કરે છે, તે સાંભળીને માનવ દિંગ્મૂઢ થઈ જાય છે !

જોરથી ચાલતા વિદ્યુત પંખાની પાંખો અદશ્ય થઈ જાય છે, તે જોઈને નાના બાળકને જાદુ લાગે છે !

અત્યંત ગતિશીલ વિમાનનો અવાજ જ્યાં થાય ત્યાં તે ઉપર જોવા જાય છે અને તેટલીવારમાં તો તે દૂર નીકળી જાય છે.

સૌને એક પ્રશ્ન થઈ ઊઠે છે કે, આટલી બધી તીવ્રગતિ કોને આભારી ? આ બધાથી પણ કોઈ તીવ્ર વેગવાન ખરૂં ?

ગતિ છે ત્યાં ચલન છે, અને...

ચલનની તીવ્રતા ચંચળતાને પેદા કરે છે.

માનવી પૂછી ઊઠે છે કે, આ બધા કરતાં ચંચળ કોણ ?

આવા જ કોઈ દશ્યો જોઈને કોઈ શિષ્યે પૂછવાની હિંમત કરી નાંખી હશે કે, આ બધામાં સૌથી અધિક ચંચળ કોણ ?

શિષ્યે અપેક્ષા રાખી હશે કે કોઈ વધુ વેગીલી કે જોસીલી વસ્તુનું નામ જાણવા મળશે.

નહીં જાણેલી કોઈ વસ્તુનું નામ જાણવા મળશે.

નહીં જાણેલી કોઈ વસ્તનું નામ તો સાંભળવા મળશે ! પણ...

ગુરુએ જવાબ વાળ્યો કે, **'તારૂં મન જ સૌથી વધુ ચંચળ છે.'**

ત્યારે શિષ્ય મૂંઝાઈ ગયો.

મૂંઝવણથી અવાડ્ઃમુખ બનેલો શિષ્ય વિચારે છે કે "શું ગુરુની આ વાત સત્ય છે ?" અને...

તેની પાસે એક કલ્પના ચિત્ર ખડું થઈ જાય છે. શિષ્ય ગુરુની વાત વિચારી રહ્યો છે.

સમુદ્ર તટ પર ગયો. જલતરંગોને જોતાં પોતાની જાતને તે યાદ કરે છે.

તે વખતે મન શું વિચારી રહ્યું છે ? તેની યાદ આવે છે.

તનને સમુદ્રના કિનારે જુએ છે, પણ મનને ક્યાનું ક્યાંય ઊડતું જુએ છે.

તરંગો પરથી ઊડેલું મન, ગુરૂની પાસે આવ્યું. ગુરુની પાસે આવીને પ્રશ્નની રજૂઆત કરવા લાગ્યું.

ત્યાંથી ઊઠીને કોઈ વ્યક્તિ પાસે આવ્યું.

પોતાના અનુભવનું નિવેદન કરવા માંડ્યું.

ત્યાંથી હજારો માઈલ દૂર રહેલા પૂર્વના કોઈ બુદ્ધિશાળી મિત્ર પાસે પહોંચ્યું. અને...

પછી તો મૂળ દિશા ક્યાં રહી ગઈને...

શું નું શું યાદ આવવા માંડ્યું...

ક્યાં ગયું ? અને ક્યાં આવ્યું ?

તે વિચારતાં જ શિષ્ય પરેશાન થઈ ગયો.

દેહ તો હજી સમુદ્રના તટે જ દેખાય છે.

દૃષ્ટિ તરંગોને ગણતી દેખાય છે, પણ...

મનના ભ્રમણનો કોઈ અંત દેખાતો નથી. સમય માત્ર બે મિનિટનો જ ગયો છે.

વળી, પાછુ તેનું મન કોઈ દૈનિક ક્રિયા પાસે દોડી આવ્યું. અને...

શિષ્યે પોતાનો દેહ સમુદ્રના તટથી ઉપાડ્યો.

ગુરુનો જવાબ મેળવીને તેણે બે મિનિટનું આ દૃશ્ય જોયું.

ત્યારે સમજાયું કે, સમુદ્રના મોજાંને મર્યાદા હતી, દોડતા હતા, છતાંય...

કિનારે આવી ને શાંત થઈ જતાં !

મારા મનની કોઈ મર્યાદા હતી ?

સમુદ્રના મોજા તે તેનું તે જ પાણી લઈને ઊછળતાં હતાં. મારૂં મન તો કેટલાય તરંગોને લઈને ઊછળ્યું અને કેટલાયને કિનારે ફેંકી દીધા.

સમુદ્રના એક તરંગ અને બીજા તરંગ વચ્ચેનું અંતર તેને માલૂમ પડ્યું. પણ...

વિચારના બે તરંગો એક સાથે ઉછળે કે, જુદા જુદા ઉછળે છે, તે તેને વિચાર કરતાં પણ ના સમજાય એવું લાગ્યું.

આ જ મનની દશા છે !

સમુદ્રના તરંગ કે વાયુની ગતિ કરતાં પણ અનંતગણું ચંચળ છે.

મનને સ્થિર થવાની ટેવ જ નથી. કારણ...

તેને ઘણાંના અવાજો સાંભળવાની ટેવ પડી છે !

દુકાનમાં જતું મન પત્નીનો મધુર રણકાર સાંભળે છે, ને ઘરમાં આંટા લગાડવા શરૂ કરી દે છે.

એટલામાં તો બાળમંદિરમાંથી બાબાનો અવાજ આવે છે. અવાજ સાંભળ્યો ન સાંભળ્યો ત્યાં તો પેઢી પરથી શેઠનો ગુસ્સાભર્યો અવાજ આવે છે.

આમ, અનેકની જોડેના સંબંધ તેને ગાંડું-ઘેલું બનાવે છે !

મન માટે કોઈ અસ્પૃશ્યતા નથી.

તેના માટે કંઈ અગમ્ય નથી, કંઈ ગમ્ય નથી...

મન માટે બધું જ છે, છતાંય...

કશું જ નથી.

પૂજ્યશ્રીએ ખૂબ ઊંડા અનુભવથી મનને નિહાળ્યું છે. તેથી જ તેમણે મનને વાયુ કરતાં વધારે ચપળ કહ્યું છે, અને તેની ચપળતાને શાંત કરવાનો રસ્તો પણ દાખવ્યો છે.

મનની ચંચળતા નાશ કરવી હોય તો,

એને બને તેટલું અનેરૂં બનાવી દો !!

ઈષ્ટને અનિષ્ટોના કોઈ પણ ધ્વનિને તેનાથી સદંતર દૂર કરી દો.

ઈષ્ટનો ધ્વનિ આવશે તો એક જ છલાંગે તે ત્યાં પહોંચી જશે, તે વખતે તેની વચ્ચે કોઈ નહીં આવી શકે.

અનિષ્ટનો ધ્વનિ આવશે કે, તરત જ પલાયન થઈ જશે. કોઈ તેને પાછળ પાડી નહીં શકે, કોઈ તેને રોકી નહીં શકે, પણ...

આ ધ્વનિ જેટલો સંભળાતો બંધ થશે,

તેટલી જ તેની ચંચળતાનો હ્રાસ થશે !

કેટલાક દર્શનકારોએ તો મનને ખરેખર ઈષ્ટ અને અનિષ્ટ પદાર્થોમાં ફરતું જ કહ્યું છે.

કેટલાક દર્શનકારોએ તેને શરીરમાં સતત ભ્રમણ કરતું માન્યું છે...

કેટલાકે સારા શરીરમાં તેનું સામ્રાજ્ય સ્વીકારી લીધું છે ! પણ...

સૌએ એક પ્રક્રિયા સ્વીકારવી જ પડી છે કે,

પાંચ ઇન્દ્રિયોનાં ઢાંકણા જ્યાં સુધી બંધ નહીં થાય ત્યાં સુધી...

તેની ચંચળતાને રોકવાનો કોઈ ઉપાય નથી.

બહારથી આવતો વાયુ બંધ થાય અને તળાવની પાળી મજબૂત હોય તો ગમે તેવા તરંગોને શાંત થયે જ છૂટકો !

ઇષ્ટ અને અનિષ્ટનો અવાજ મનસરોવર માટે પ્રબળ વાયુ છે.

તે શાંત થાય અને ઇન્દ્રિય પાળ મજબૂત થઈ જાય તો મનસરોવર શાંત થયા વિના રહે નહીં ! પણ...

જ્યાં સુધી આ પ્રક્રિયા નહીં થવાની ત્યાં સુધી મનની ચંચળતાને કોઈ મહાત નહીં કરી શકે ! અને...

ચંચળ મન તનને ખેંચી નહીં જાય તે કદી બનવાનું નહીં.

પરિણામે મનના તરંગો તનમાં અને ઇન્દ્રિયોમાં તરંગો પેદા કરશે.

અને...

તનનાં તરંગોથી માનવસમાજ ક્ષુબ્ધ થઈ જશે.

આજની અસહ્ય ક્ષુબ્ધતા કોને આભારી છે ?

સમાજમાં મનનો નિગ્રહ કરવાની પ્રણાલિકા નાશ પામી ગઈ છે !

જે સમાજમાં - દેશમાં - વિશ્વમાં...

આવી મનો નિગ્રહવાળી વ્યક્તિઓ નથી,

ત્યાં ક્ષુબ્ધતા, ખળભળાટ ચિરકાળ સુધી રહેવાના !

માટે જ, મનની ચંચળતાને પિછાણો !

ને મનને મહાત કરો !!

❈ ❈ ❈

પ્રકરણ : ૯

मृतिः काऽस्ति ? यशो-नाशः
कः शोकः ? स्पृहयालुता ।
बधिरो भवेत् कोऽत्र ?
हित-वाक्यं श्रृणोति न सः ॥९॥

(૧)

मृतिः कास्ति ? यशोनाशः

મરણ શું છે ? યશનો નાશ !

શબ્દ માત્ર પાણીના ઝરણાં જેવા છે. પર્વતમાંથી નીકળ્યા પછી જેમ ઝરણું જુદા જુદા પ્રદેશમાં જાય છે અને જુદા જુદા રંગ રૂપ ધારણ કરે છે.

તેમ શબ્દ પણ તેના જન્મ બાદ નવા નવા રંગ રૂપ ધારણ કરે છે.

'મરણ'ના અર્થનો વાચક શબ્દ કોઈ પણ ભાષામાં ન હોય, તે કદીય માની શકાય તેમ નથી.

'મરણ'ની વ્યાખ્યા સ્પષ્ટ કરવી એટલે મહાન શાસ્ત્રવિવાદ ખડો કરી દેવા જેવું છે. છતાંય...

તે વ્યાખ્યા સર્વગ્રાહ્ય બને કે નહીં. તે એક પ્રશ્ન છે !

આમ છતાં સૌને અનુભવ ગોચર છે, સૌ એક વાત સાથે સંમત છે કે,

મૃત્યુ એટલે શરીરરૂપ યંત્રનું વિઘટન.

મૃત્યુ પછી દેહ માનવનો...

આકાર તેવો ને તેવો...

છતાંય... કશુંય કાર્ય ન કરી શકે તેવો.

'મૃત્યુ'નો આવો અર્થ તો સૌ માન્ય કરે છે, પણ...

તે શબ્દે પ્રવાહમાં આવીને તેના રૂપ - રંગ બદલ્યા છે.

મૃત્યુ એક અનિષ્ટ છે, અને તેથી જ તેનો અર્થ મહા અનિષ્ટ હોય તેવો બનતો ગયો છે...

અહીં પણ એ જ આશય છે કે, અસહ્યતમ અનિષ્ટ કયું છે ?

તેથી જ તેના જવાબમાં સૂરિદેવ ફરમાવી રહ્યા છે કે,

'યશનો નાશ એ જ મરણ છે.

એ જ અસહ્યતમ અનિષ્ટ છે.'

પ્રાયઃ માનવીની ઈષ્ટતા અને અનિષ્ટતાના નિર્ણય પર સાધારણ રીતે સ્વકીય હક્કનો ઉપભોક્તા હોય તેમ લાગે છે. તેથી આદર્શવાદીઓ માટે 'મરણ' એ અસહ્યતમ અનિષ્ટ નહીં પણ એક લીલામાત્ર છે.

આત્માની શાશ્વતતાના તાગને પામેલા મૃત્યુને પરિવર્તનથી અધિક કશું જ ન માને !

આત્માની શાશ્વતતાનો સમાદર કરનારો આવા પરિવર્તનને તુચ્છાતિતુચ્છ માને છે.

મરણ તે આદર્શવાદીઓના મતે અસહ્યતમ અનિષ્ટ નહીં પણ અનિવાર્ય ઘટના છે.

મૃત્યુની અનિવાર્યતાનું સચોટ જ્ઞાન આદર્શવાદીઓ માટે મૃત્યુમાં મધુરતા ને ઈષ્ટનું ભાન જગાવે છે.

આદર્શવાદીઓ માટે અસહ્યતમ અનિષ્ટ કયું ?

તે જ પ્રશ્નનો જવાબ સૂરિદેવ ફરમાવી રહ્યા છે,

આદર્શવાદી માટે 'યશનો નાશ' એ જ મૃત્યુ છે.

એક નહીં પણ, અનેક મૃત્યુની પીડા આદર્શવાદી યશના નાશમાં અનુભવે છે.

આજના વિશ્વની પરિસ્થિતિ વિકટ છે. ભોગ-વિલાસની તીવ્ર ઉત્કંઠાએ જીવનની પ્રત્યેક ક્ષણની કિંમત વધારી દીધી છે.

જીવન સાતત્યની ઘોરપિપાસા આ યુગમાં ચોમેર ફાટી નીકળી છે, અને તેથી 'મૃત્યુ'ની કિંમત ખૂબ અંકાતી ગઈ છે.

એક જમાનો હતો, જ્યારે તદ્દન સામાન્ય માનવ આદર્શની પૂર્ણાહુતિ માટે જીવનની આહુતિ આપી દેવાના પ્રસંગોને ઝંખતો હતો.

વ્રત-નિયમ અને આપેલા વચનોની પૂર્ણાહુતિ એ જ જીવનનું લક્ષ્ય અંકાતું હતું.

ભારતના રાજવીઓ શરણાગતના રક્ષણ માટે 'મરણ'ની માલાથી દેહને શોભાવવાના પ્રસંગને ધન્ય માનતા હતા.

આર્યભૂમિના અણ લખાયેલ ઇતિહાસમાં 'મરણને આહ્‌વાન આપતો ઘેરો નાદ ઓસરતો જાય છે.'

આર્યદર્શનોએ વ્રત નિયમ અને વચન ખાતર જીવનની કુરબાની કે મૃત્યુનું મિલન પરમ ગૌરવરૂપ માન્યું છે.

અહિંસા મહાવ્રતના પાલન માટે ખંધકમુનિ નીકળી પડ્યા છે.

કર્મયોગે તેમના સંસારી પક્ષે બનેવી રાજાએ તે મુનિની ચામડી ઉતારી લાવવાનો હુકમ કર્યો. હુકમને આધીન મારાઓ મુનિની પાસે જઈને ઊભા.

મરણની બેપરવાહીથી મુનિ પુંગવની સ્થિરતા ઓપી રહી હતી.

મૃત્યુ સમયની આવી નિશ્ચલતાએ મારાનું હૃદય હચમચી ગયું, પણ રાજાની આજ્ઞાને આધીન થયેલા મારાઓને વિવશતા દુષ્ટકાર્ય કરવા માટે લાચાર બનાવી રહી હતી.

મુનિએ તેની દશા જોઈને કહ્યું, 'ભાઈ ! જ્યાં મમત્વ નથી, ત્યાં મોત નથી. આ દેહનું મમત્વ તો મેં ક્યારનુંય ઉતારી નાંખ્યું છે, માટે મારા મોતની ફિકર તું કરીશ નહીં. મારૂં જીવન મહાવ્રત ગ્રહણના દિવસથી જ વ્રતરૂપ હતું. અને તારી ક્રૂર છરી પણ તે જીવનનો અંત નથી લાવી શકવાની. પણ વ્હાલા ઉપકારી ! તારી છરી તો માત્ર મારા દેહનો નાશ કરીને, મારા વ્રતરૂપ જીવનને ખોળિયામાંથી મુક્ત જ કરવાની છે.'

'મારે મન આ અવસર મહાપર્વ છે. પણ જો-જે હોં ભાઈ ! આ શરીરમાં હાંડ-માંસ એક થઈ ગયા છે, તેથી મારા શરીરની ખાલ ઉતારતાં તને કષ્ટ પડશે. માટે મને ક્ષમા કરજે. તું કહીશ તેવી રીતે જ હું ઊભો રહીશ, તને જરાય તકલીફ તો નહીં થાય ને ?'

અને ખંધક મુનિની ખાલ ઉતારી પણ વ્રતમય જીવન નષ્ટ ન થયું, શાશ્વત થયું અને તેથી જ તેમનો યશ શાશ્વત થઈ ગયો.

અનંતકાળ સુધી - અનંત જીવો હવે તેમને 'નમો સિદ્ધાણં' એ પદથી આરાધશે. તેમનો યશ ગાશે. આવો યશ મળતો અટકી જાય એ જ 'મરણ' છે. એ જ મહાત્માઓને મન સાચું મૃત્યુ છે, પણ આ શરીરનો નાશ તે કંઈ મૃત્યુ છે ? એ તો માત્ર પરિવર્તન છે.

સાચું મૃત્યુ તો 'યશનો નાશ છે.' ગૃહીત પ્રતિજ્ઞાનો ભંગ એ જ 'યશ નાશ' છે. અને આવો યશ નષ્ટ થયા પછી માનવ જ નહીં પણ કેવળ શબ જ જીવતું હોય છે, જે માત્ર ખાવા-પીવાની જ ચેષ્ટા કરી જાણે છે, પણ જીવવાની કોઈ તાકાત તેનામાં હોતી નથી.

(૨)

कः शोकः ? स्पृहयालुता ।

શું શોક ? જગતની સ્પૃહા.

ચાણક્યને જંગલમાં ફરતાં ફરતાં એક કાંટો વાગ્યો. ચંદ્રગુપ્ત સામે આવી રહ્યો હતો. તે ઈંતજારીપૂર્વક ચાણક્યની સામે જોવા માંડ્યો.

ચાણક્યે જરા પણ ખચકાયા વગર મૂળ સહિત તે કાંટાના વૃક્ષને ઉખાડીને એક બાજું ફેંકી દીધું.

ચંદ્રગુપ્ત આશ્ચર્યથી વિચારવા લાગ્યો. તેને ચાણક્યની દીર્ઘદષ્ટિ સમજાઈ.

આજે સર્વત્ર જ્ઞાન વધતું કહેવાય છે, પણ ખરેખર અજ્ઞાન વધી રહ્યું છે.

રોગ થાય છે તેનું જ્ઞાન વધ્યું,

પણ રોગ કેમ થાય છે ? તેનું અજ્ઞાન વધી ગયું છે.

તેવી જ રીતે શોક શું છે ? તેનું આજે લોકોને ઘણું સુંદર જ્ઞાન છે. પણ...

શોક કેમ છે ? તેનું કોઈને ભાન નથી.

કોઈ એક ભાઈ સિનેમા જોવા જતાં હતાં. રસ્તામાં કોઈ સારો વિચારક મળી ગયો.

પેલા પ્રેક્ષકને વિચારકે પૂછ્યું : 'ક્યાં જાવ છો ?'

પ્રેક્ષક : 'સિનેમા જોવા.'

વિચારક : 'કેમ ?'

પ્રેક્ષક : 'જરાક કંટાળો આવ્યો છે, મગજ કામ કરતું નથી. માટે જરા માઈન્ડ ફ્રેશ કરવું છે.'

વિચારક : (ખૂબ ગંભીરતાથી કહ્યું) ખૂબ ખેદની વાત છે, આજે સૌને તમારા જેવી ફરિયાદ હોય છે, હોં ! પણ... વાંધો ન હોય તો એક વાત પૂછું ?

પ્રેક્ષક : 'પૂછોને કોણ ના પાડે છે.' (પણ તેમ કહેતા તેના શબ્દ અને મુખ પર કંટાળો સ્પષ્ટ દેખાતો હતો.)

વિચારક : 'તમને કંટાળો શાથી આવ્યો છે તેની ખબર છે ?'

પ્રેક્ષક : 'એ તો કોઈને ખબર પડતી હશે ? કંટાળો આવ્યો એટલે આવ્યો.'

હવે, પેલા વિચારકે વધુ વાત કરવાનું માંડી વાળીને એક જ વાક્ય ઉચ્ચાર્યું...

જે પોતાને કંટાળો ક્યાંથી પેદા થયો ? તે જાણતો નથી, તે કંટાળાને કેવી રીતે દૂર કરી શકશે ?

જે માથા પરના બોજાને અનુભવે છે, પણ બોજ ક્યાં રહ્યો છે તે જ જાણી શકતો નથી, તે બોજથી હળવો કેવી રીતે બનશે ?

'શું સાચે જ તમે ઘેરથી થયેલા કંટાળાને સિનેમામાં દૂર કરી શકશો ?' વિચારક પોતાની દુનિયામાં ચાલ્યો ગયો, પણ...

પ્રેક્ષકના મગજમાં નવાં આંદોલનો મૂકતો ગયો.

તેના વિચારમાં તેને કંઈક નવીનતા દેખાઈ.

તેને સમજાયું કે, ત્રણ કલાકના સિનેમા પ્રેક્ષણમાં કંટાળો દૂર થવો તો ખરેખર મુશ્કેલ છે, વધુમાં વધુ થશે તો કંટાળો ક્યાંક છૂપાઈ જશે.

કંટાળો એટલે ખેદ...

ખેદની - દુઃખની લાગણી એટલે શોક...

માટે, અહીં પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે શોક શું છે ?

શોક : એક પ્રતિકૂળ લાગણી જ ને ? પણ...

આપણી દૃષ્ટિમાં કંઈક બીજું આવે છે.

લાગણીનો પ્રતિકાર લાગણી છે, તેનું જ્ઞાન બહુ થવું મુશ્કેલ છે.

નિયત પ્રસંગ એટલે નિયત વાતાવરણમાં હર્ષનો આવેગ પણ આપણે જ પ્રાપ્ત કરી શકીએ છીએ, તો પછી શીદને શોક મેળવવાનું પસંદ કરતાં હોઈશું ?

બહારના સંજોગો બદલાય કે ન બદલાય પણ અંતર તો અવશ્ય બદલી શકાય છે.

શોકની ઉત્પત્તિને જણાવવા માટે સૂરિદેવે જણાવ્યું છે કે, 'સ્પૃહયાલુતા એ જ શોકનું કારણ છે,' એ જ

સ્પૃહયાલુતા જ શોકમાં પરિણમે છે. શોકને કાપવો હોય તો સ્પૃહયાલુતાને કાપો.

સ્પૃહયાલુતા એટલે પરાધીન પદાર્થની પ્રાપ્તિની તીવ્ર લાલસા !

પતિ-પત્નીને સદાકાળ માટે ઝંખે છે, તે સમજે છે કે આ મારી સ્વાધીન ચીજ છે, પણ...

તે પતિ અને પત્ની બંને મૃત્યુને આધીન છે.

તેઓ બંને પરાધીન છે,

દેહ રોગને આધીન છે,

ઇન્દ્રિયો શિથિલતાને પામનારી છે.

ધન ભયને આધીન છે,

સ્વજનો સ્વાર્થની સિદ્ધિને આધીન છે.

ભોગવિલાસના પદાર્થો કાલના અનિવાર્ય પરિવર્તનને આધીન છે.

જગત્ માત્ર પરાધીન છે.

પરાધીન ક્યારે સંગ છોડી દે તે કહેવાય નહીં !

પરાધીનના સંગનો ભંગ થયા વિના રહે નહીં !

આ સંગના રંગનો ભંગ તે જ શોક છે...!

તેથી જ વસ્તુની સ્પૃહાથી દૂર રહેવામાં જ ડહાપણ છે.

તંદુરસ્તીની પણ જે સ્પૃહા કરતો નથી,

તેને રોગથી શોક કેવી રીતે આવે ?

ઈન્દ્રિયોથી જેણે મોજ મજા માનવાની અપેક્ષા સેવી નથી,

તે તેની નબળાઈ આવતાં કેવી રીતે દુઃખ પામે ?

સ્વજનો મારૂં હંમેશાં સારૂં કરે, તેવી સ્પૃહાને જેણે બળવાન બનાવી નથી, તેને શોક કેવી રીતે પેદા થઈ શકે ?

ભોગ-વિલાસના પદાર્થની ઝંખના જેણે કરી જ નથી,

તેને તે પદાર્થોનો નાશ કેવી રીતે શોક પમાડી શકે ?

ધનની જેણે કદી જરૂરિયાત કબૂલી જ નથી,

તેને ધનનો નાશ શું શોક પમાડી શકે ?

જ્યાં સ્પૃહા છે... આકાંક્ષા છે... ત્યાં અવશ્ય શોક છે...

'વિલાસી' માનવી સ્ત્રીની સ્પૃહાથી સારૂંયે જીવન સળગતો રહે છે... 'ત્યાગી' તે સ્પૃહાનો ક્ષણવારમાં અંત કરી જીવનભર સુખ માનતો રહે છે.

કંજુસ એવો કરોડપતિ પણ અબજની ઈચ્છામાં રાત-દિન વૈતરૂં કરે છે, બે-પાંચ રૂપિયાની ગડમથલ થાય તો શોકમાં આવી જાય છે.

જ્યારે ઉદાર સ્પૃહાને તોડીને બે પૈસામાં પણ આનંદ માને છે.

સાચા વિરાગીને જીવતે જીવ સળગાવવામાં આવે છતાંય શોક પેદા થતો નથી.

જેમ કરોડાધિપતિને ઘરમાં તણખલું આવે કે જાય તે બહુ મહત્ત્વનું નથી. તેમ નિસ્પૃહને...

ધન - વૈભવ - શરીર - સ્વજનવર્ગ - આવે કે જાય કશી અસર થતી નથી.

માટે જ પ્રાચીન શાસ્ત્રકારોએ કહ્યું કે,

'સ્પૃહા છે ત્યાં સુધી જગતની કીંમત લાગે છે,

ત્યાં સુધી તેના માટે શોક છે.'

'निस्पृहस्य तृणं जगत्'

સ્પૃહા ગઈ એટલે જગત્ તણખલું માત્ર છે.

તણખલું હવામાં ઊડે કે જમીન પર પડે તેની કોઈ મહત્તા નથી.

નિસ્પૃહ માટે જગતની કોઈ મહત્તા નથી.

જગતની જેને મહત્તા નથી, તેને...

શોક કદી પેદા થતો નથી.

(૩)

बधिरो भवेत् कोऽत्र ?

हित-वाक्यं श्रृणोति न सः ॥

બહેરો કોણ છે ?

જે હિતવાક્ય સાંભળે નહીં.

શિષ્યનો પ્રશ્ન છે - બહેરો કોણ ?

ગુરુ : 'તું કોને બહેરો સમજે છે ?'

શિષ્ય : 'કાન વિનાનાને...'

ગુરુ : 'શા માટે ?'

શિષ્ય : 'શા માટે ? કેમ સાંભળતો નથી માટે ?'

ગુરુ : 'સાંભળવાનું શા માટે ?'

શિષ્ય : (જરા મૂંઝાયો પણ હિંમત કરીને બોલ્યો.) 'શા માટે શું ?'

સાંભળવાથી જ્ઞાન થાય માટે ?

ગુરુ : (આગળ ચલાવ્યું) જ્ઞાન શા માટે કરવાનું ?

શિષ્ય : (મૂંઝવણ વધે છે) 'શા માટે કેમ ? યોગ્ય વસ્તુની પ્રાપ્તિ થાય માટે...'

શિષ્ય : (અધીરો બન્યો) મારા પ્રશ્નનો જવાબ આપો ? આ બધા પ્રશ્નો શા માટે પૂછો છો ?

ગુરુ : ભાઈ !

જરા શાંત થઈને મારા પ્રશ્નનો જવાબ આપ ! તારા પ્રશ્નનો જવાબ તો તારી પાસે જ છે ! જો થોડા જવાબ આપ ! પછી તને તારી પાસેથી તારો જવાબ મળી જશે !

શિષ્ય : 'ગુરુદેવ, તમારે મારી પાસેથી યોગ્ય વસ્તુની વ્યાખ્યા જાણવી છે ? તો સાંભળો...

"જે સદા આનંદ આપનારી હોય,

કદી પણ દુઃખ ન આપે,

સદાકાળ સાથે રહે !"

ગુરુ : 'શાબાશ ! આનું નામ જ મોક્ષ છે.'

હવે તારા પ્રશ્નોના જવાબને તું ફરી વિચારી જો. એટલે તારો જવાબ તને તુરત મળી જશે.

શિષ્ય વિચારવા માંડ્યો.

'મોક્ષ યોગ્ય વસ્તુ...'

તેનું જ્ઞાન સાંભળીને ન થાય, તે સાંભળવા માટે કાન છે...

હાં... પણ બધાય કાનવાળા ક્યાં આ વાત સાંભળે છે ?

ક્ષણભર વિચારીને તે બોલ્યો, 'આપની વાત ખરી છે, મને જવાબ મળી ગયો.'

જે મોક્ષની પ્રાપ્તિના વચનો કાન હોવા છતાંય ન સાંભળે તે જ બહેરો !

કાન ન હોય તેટલા માત્રથી બહેરો નહીં !

ગુરુનો આ જવાબ હજારો જવાબોનો આખરી જવાબ હતો !

ખરેખર પરિસ્થિતિ આવી જ છે.

માણસને કાન હોવા છતાં પણ બહેરા થવામાં ખૂબ આનંદ આવે છે.

શિષ્ય ગુરુની શિખામણ સાંભળતાં બહેરા બનવાનો અવસર શોધે છે.

પુત્ર પિતાના સત્ય વાક્યો સાંભળતાં બહેરો નહીં થયાનું દુઃખ અનુભવે છે.

વિદ્યાર્થી પોતાના બહેરાપણા પર એટલો બધો મુસ્તાક છે કે, શિક્ષકનો એક શબ્દ પણ તેના કાનમાં નથી જતો તેની આવડત તેને હસ્તગત છે !

હિતવાક્ય એટલે યોગ્ય ફળને આપનાર વાક્ય. પણ...

આ હિત વાક્યની ખાસ ખાસિયત એ છે કે તે..

પ્રથમ કર્કશ લાગે છે અને પછી તે સુંવાળાં લાગે છે.

તેની આ પરિસ્થિતિનો લાભ ઉઠાવ્યો છે અહિતવાક્યે,

અહિત વાક્યે શરૂઆતમાં કુમળાશ અજમાવવાની બધી વિદ્યા સિદ્ધ કરી દીધી છે.

પરિણામે હિત વાક્યો - ઉપદેશ વાક્યો

અંતિમ સિદ્ધિના સાધકવાક્યો, શાશ્વત સુખના પ્રાપક વાક્યો.

એટલાં કડવાં લાગે છે કે...

છતે કાને સાંભળવાનું મન થતું નથી અને બહેરાપણું નહીં મળવાનું દુઃખ થઈ આવે છે.

આવા હિત વાક્યો જે નથી સાંભળતાં તેને કાન હોય કે ન હોય બધું જ સરખું છે !

માટે જ, શાસ્ત્રકારોએ કાનવાળા આ બહેરાઓને જ બહેરા કહ્યાં છે.

કાન વિનાનો બહેરો ઈશારાથી પણ હિતને સમજી શકશે. પણ...

કાનવાળા બહેરા તો હિત વાક્ય સંભળાવનારાનાં પણ કાન બહેરા થઈ જાય તેવી રાડો પાડવા તૈયાર થઈ જશે !

માટે જ હિતોપદેશ - મોક્ષોપદેશ સાંભળનારા કાનવાળા હોવા છતાં સાન વિનાના છે અને સાન રહિતને જ્ઞાનરહિત કે બહેરો કહેવામાં અતિશયોક્તિ ક્યાં છે ?

❖ ❖ ❖

પ્રકરણ : ૧૦

को दाता ? धर्म-दाता यः,
को भ्राता ? यः शुभंकरः ।
का माता ? संयमी वृत्तिः,
कः पिता ? भवपारदः ॥१०॥

(૧)

को दाता ? धर्म-दाता यः ।

કોણ દાતા છે ? જે ધર્મનો દાતા છે.

કીડીથી માંડીને કુંજર સુધી,

માનવથી માંડીને દેવ સુધી,

સૌમાં ભેગું કરવાની-કોઈ પણ ચીજવસ્તુ કે વ્યક્તિ પર "મારાપણું" જગાવવાની એક સ્વાભાવિક વૃત્તિ દેખાય છે.

સંચયની પિપાસા મૂઢતા કે ભયથી પેદા થાય છે, પિપાસાને આધીન થઈ સંચય કર્યા પછી મૂઢતા કે ભયની સીમારેખા ઘણી વિસ્તૃત બની ચૂકે છે.

હિંસા - જૂઠ - ચોરી - બધું જ આ સીમારેખાની અંદર પ્રવિષ્ટ થઈ જવા પામે છે.

આ વિષમતાનું સમીકરણ એટલે સંચયનું વિસર્જન,

સંચિતનું વિસર્જન તે જ દાન !

સંચિત રાશિનો વિતરણક તે દાતા ! પણ...

આવા દાનની મહત્તાનો આધાર કયો ?

એક સોયથી માંડીને સારી પૃથ્વીનું વિતરણ પણ થઈ શકે છે,

તો તેની શ્રેષ્ઠતાનો આધાર કોના પર ?

વિતરક ધ્રૂજતા હાથવાળો પ્રશસ્ત ?

કે... હસતાં હૈયાવાળો ઉત્તમ ?

આ બધા પ્રશ્નનો એક સરવાળાત્મક પ્રશ્ન અહીં પૂછાયો છે કે..

'को दाता ?'

દાતા એટલે દાન દ્રવ્ય, દાનવિધિ અને દાનના ભાવોની એકાત્મકતા !

દાતાની દાતારતા દાન-દ્રવ્ય, વિધિ અને દાનભાવનાના ઉત્કર્ષ કે અપકર્ષ પર જ અવલંબેલી છે.

ગ્રાહકની દૃષ્ટિએ સૌથી વધુ પ્રધાનતા છે, દાનદ્રવ્યની,

'પૈસો' આપનાર લક્ષાધિપતિ પણ હોય, અને...

'પૈસો' આપનાર બે આના કમાવનાર પણ હોય,

તેમાં કોઈ તફાવત ખરો ?

બત્રીશ વાનગી સહિત સુવર્ણથાળમાં ભોજન કરનારો રોટીનું દાન કરે. અને...

સવારથી સાંજ સુધીના પરસેવાના અંતે પ્રાપ્ત થયેલ બે રોટી મેળવનાર રોટીનું દાન કરે, તેમાં કાંઈ અંતર ખરું ?

પરિશ્રમની પાછળ રહેલો ભાવ

એ જ વસ્તુનું મૂલ્ય છે.

નિર્મૂલ્ય એટલે સુલભતાથી પ્રાપ્ત !

મૂલ્યવાન એટલે ઘોર પરિશ્રમનું ફળ !

જે જેટલા પુરુષાર્થના અંતે પ્રાપ્ત થાય તેટલું જ તેનું મૂલ્યાંકન અંકાય!

ધન, યૌવન અને સંપત્તિ, કામ, મોજશોખ અને વિલાસ કોઈકને ઓછા પુરુષાર્થે પ્રાપ્ત થાય છે, તો કોઈકને જરા વધુ પુરૂષાર્થ કરવો પડે છે, છતાંય...

ભૌતિક સંપત્તિના ડુંગરો મેળવીને પણ આત્મિક સંપત્તિ, પ્રાપ્ત થતી નથી.

જ્યાં સુધી ક્રોધ, માન, માયા અને લોભની પરિમિતતા ન થાય, ત્યાં સુધી ક્યારેય વીતરાગ ધર્મની - સત્ય ધર્મની પ્રાપ્તિ થાય નહીં.

અધમાધમ કોટિના ક્રોધ, માન, માયા, લોભને અનંતાનુબંધી કહેવાય છે.

અનંત એટલે સંસાર !

સંસાર એટલે દુ:ખના જ આઘાત અને પ્રત્યાઘાત !

દુ:ખનો જ ધ્વનિ અને પ્રતિધ્વનિ !

પુરુષાર્થની પરાકાષ્ઠા આક્રમણમાં નહીં પણ સહનશીલતામાં છે.

ક્રોધ, માન, માયા અને લોભના ભયંકર પરિબળોને નિર્બળ કરી,

ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષના એક લવને એક બિંદુને પ્રાપ્ત કરતાં,

એક નહીં પણ અનંતજીવન - અનંત આરાધના પણ ઓછી પડે છે.

આ પુરૂષાર્થના અંતે પ્રાપ્ત થાય છે,

વીતરાગનો ધર્મ! - આત્માનો પોતાનો ધર્મ! - નિજનો સ્વભાવ!

ધર્મ પોતાની જ પેદાશ છે, માટે ધર્મનું દાન કેવી રીતે થાય ?

તેવો ક્ષણભર વિચાર આવે. પણ...

ભૂલશો નહીં કે, કેટલીક વસ્તુનું સચોટદર્શન એજ તે વસ્તુનું દાન છે.

ચોરને પકડી આપનાર કંઈ ચોર પેદા નથી કરતો,

છતાંય ઈનામને પાત્ર ગણાય છે.

શિક્ષક પોતાનું મગજ વિદ્યાર્થીના ધડ પર મૂકી નથી દેતો,

છતાંય શિક્ષક વિદ્યાદાતા છે,

તેમ ધર્મનો ઉપદેશ કરનારા પણ ધર્મના દાતા છે. ભલે !...

તે ધર્મ પ્રાપ્તિ પોતાના પુરૂષાર્થનું પરિણામ હોય,

છતાંય એ તો ન જ ભૂલવું જોઈએ કે,

'ધર્મદેશક વિના ધર્મ પામી શકવો અત્યંત કઠીન છે...'

ધર્મદર્શક કે દૃષ્ટા તે જ ધર્મદાતા છે.

ધર્મ જ પ્રબળ પુરૂષાર્થની નિષ્પત્તિ છે,

ધર્મ જ સૃષ્ટિનો પ્રાણ છે,

ધર્મ વિનાની સૃષ્ટિ એટલે ચૈતન્ય વિનાનો મૃતદેહ !

માટે જ સૂરીશ્વરજી જવાબમાં ફરમાવી રહ્યા છે કે...

ધનનો દાતા, અન્નનો દાતા, મનનો દાતા, તનનો દાતા...

આમાંથી એક કોઈ સાચો દાતા નથી.

કારણ કે ધન, અન્ન, મન અને તન...

આ બધાયથી યુક્ત હોવા છતાં, માનવી દરિદ્ર બનીને ફરતો હોય છે, આ બધીય સાધન સામગ્રી વચ્ચે હોવા છતાં, જીવને જીવથી દૂર ભાગવું પડતું હોય છે. દરિદ્રો અને સંપત્તિહીન કુળમાં જેટલા આત્મઘાત નથી થતાં, તેટલા સાધન સંપત્તિની છોળમાં રહેલાઓમાં થાય છે.

દુનિયાના સૌથી વધુ સુખી દેશોમાં આત્મહત્યાનું પ્રમાણ દિવસે દિવસે વધુને વધુ ઉંચે જતું જાય છે.

શું તમે એમ માનો છો, ત્યાં ધન, અન્ન, મન કે તનનો તોટો હોય છે ? ત્યાં જો તોટો હોય તો એક માત્ર 'વાસ્તવિક ધર્મ !' નો.

આવા દેશમાં કોઈ સાચો ધર્મોપદેષ્ટા ભાગ્યે જ મળી આવે છે ! જે કોઈ ધર્મનું પૂંછડું પકડીને ચાલનાર છે, તે બિચારા ધર્મ શું છે તે જાણતા નથી !

માટે જ, તે દેશનિવાસીઓનું ભારતવર્ષ તરફ આકર્ષણ વધી રહ્યું છે, કારણ... ત્યાં ધર્મ સ્વાભાવિક છે.

બધી જાતના 'દાતા' ત્યાં મળી શકે તેમ છે, પણ...

આ બધા દાતાઓ ધર્મદાનના દાતા વિના બિચારા ભિખારી જ છે !

માટે જ તીર્થંકર ભગવંતો પણ ધર્મના જ દાતા હોય છે... ધર્મદાન સિવાય કોઈ ઉત્તમદાન હોત તો તેઓએ ચોક્કસ તેવું દાન કર્યું જ હોત.

પણ અનંતજ્ઞાની - કરૂણાપૂર્ણ શ્રી તીર્થપતિઓની દૃષ્ટિમાં ધર્મદાન સિવાય કોઈ વાસ્તવિક દાન હોતું જ નથી.

આ શાશ્વત સત્યના કારણે જ શ્રી તીર્થંકર ભગવંતોની અનેક ભવની ઉચ્ચતમ આરાધના 'ધર્મદાતા'ના રૂપે જ પ્રગટ થાય છે.

હૈયામાં કોરી રાખજો કે, ધર્મદાતા એ જ વાસ્તવિક દાતા છે.

તેનું દાન જ ભવોભવના દારિદ્રયનું નાશક છે.

સાચી શ્રીમંતાઈના શાશ્વત હક્ક ધર્મદાતા જ પ્રાપ્ત કરાવી શકે...

(૨)

को भ्राता ? यः शुभंकरः ।

ભાઈ કોણ ? જે શુભ કરે તે.

બે ટુકડાઓ થતાં જ હોય છે, પણ ક્યાંક આપવાની દૃષ્ટિએ ટુકડા થાય છે, તો ક્યાંક પડાવી લેવાની દૃષ્ટિએ !

'વિભાજન' એ માત્ર ક્લેશનું કે કંકાસનું નહીં પણ...

ભાવોર્મિનું પણ પરિણામ હોઈ શકે છે.

'ભાઈ' એટલે ભાગ પડાવનાર એવી સામાન્ય સમજ માનવીના મગજ પર પથરાયેલી છે.

'પિતા'ની સંપત્તિનું 'વિભાજન' જ ભાઈ શબ્દનું હાર્દ યા યથાર્થ સ્વરૂપ સમજાવે છે.

'વિભાજન'ની આ દર્દમયી લિપ્સાએ કેટલાય રાજપુત્રો આ દુનિયાના મહેમાન થતાં પહેલાં જ યમધામમાં સિધાવી નથી ગયા ?

'ઔરંગઝેબે' ગાદી પર આવવા શું નથી કર્યું ? તેના ત્રણેય ભાઈઓને કેવી ભૂંડીદશામાં મૂકી દીધા. કારણ ?

તેને 'ભાઈ' શબ્દથી 'ભય' પેદા થયો હતો.

'ભાઈ'ના અર્થે તેને 'વિભાજક' કર્યો હતો, તેથી જ તેમનું અસ્તિત્વ તે સાંખી ન શક્યો.

શું આવો ડર પેદા કરાવનાર ભાઈ શબ્દ છે ?

આવી સહજ આશંકા થતાં શિષ્ય તત્ત્વજ્ઞાની ગુરુને પૂછે છે...

'પ્રભો ! ભાઈ કોને કહેવાય ?'

ગુરુદેવ ફરમાવે છે. 'ભાઈ' 'વિભાજક' અવશ્ય હોય છે. પણ...

જ્યાં 'વિભાજન' છે, બે ટુકડા છે. ત્યાં ઝૂંટવી લેવાની દૃષ્ટિ હોય તેવું ન બની શકે !

'માત્ર, કલહ અને કંકાશ જ વિભાજનનું પરિણામ છે, તેમ ન માની લઈશ.'

'વિભાજન' તો સમર્પણ પ્રેમ કે વાત્સલ્યનું પણ પરિણામ હોઈ શકે છે. અને ખરેખર ભાઈ શબ્દનો સાચો અર્થ પણ એ જ છે.

'શુભંકર'નું નામ જ ભાઈ !

પોતાની સંપત્તિનો અડધો ટુકડો ઝૂંટવવા પ્રયત્ન કરે તે ભાઈ નહીં. પણ...

પોતાના સ્વબળથી પેદા કરેલી લક્ષ્મીનો પણ અર્ધભાગ સમર્પણ કરવા તૈયાર થઈ જાય તે જ ભાઈ ! પણ...

આટલું જ 'ભાઈ'નું સત્યસ્વરૂપ નથી, તેથી ઘણા આગળ વધ્યા બાદ જ તેનું સત્ય સ્વરૂપ પ્રગટ થાય છે.

જ્યાં 'વિભાજન' સમર્પણનું પરિણામ છે, ત્યાં 'તિતિક્ષા' અને 'મમત્વ' અનિવાર્ય છે.

પોતે દુઃખ સહી પોતાનાને સુખી કરવા એ જ પ્રેમનું પરિણામ છે.

પણ...

પોતાનાને સુખી કરવા માટે માત્ર 'વિભાજન'ની નહીં પણ યોગ્ય ચીજના વિભાજનની જરૂર છે.

જે ચીજ સમર્પણભાવે અપાઈ હોય, તે પણ જો સામેના પાત્ર માટે પીડાકારક હોય તો ત્યાં ભાઈનું સ્વરૂપ પ્રગટ થતું નથી.

'ભાઈ' સમર્પણ બુદ્ધિથી માત્ર 'વિભાજન' કરનાર નહીં, પણ...

વિભાજિત વસ્તુનો યોગ્ય લાભ ઉઠાવી શકાય છે કે નહીં ? તે જોનાર પણ છે. તેથી જ 'ભાઈ'માં માત્ર સમર્પણપણું નહીં, પણ...

શુભંકરપણું હોવું ખૂબ જરૂરી છે.

'સ્વહસ્તે મેળવેલું રાજ્ય ભાઈને આપી દેનાર સમર્થક બની શકે. પણ... શુભંકર ન બની શકે !' કારણ ?

રાજ્યનો ટુકડો મળવા માત્રથી જ જીવન આનંદસભર કે સાર્થક બની જતું નથી, તે માટે તો...

કોઈ અનુપમ આત્મગુણ પ્રદાનની જરૂર છે.

તેઓનું એમ કહેવું છે કે, વિશ્વમાત્રના પ્રાણીઓ તારા બંધુઓ છે.

કારણ... તે એક જ લોકમાં (૧૪ રાજલોકમાં) રહેનાર છે ! કોઈ અલોકનો નિવાસી નથી, બધાયને આપવાની તારી ફરજ છે. માટે જ...

'મારી પાસે નથી તો શું આપું ? તેમ કહીશ તો ચાલશે નહીં.'

'ન હોય તો મેળવી લે !'

'બંધુઓને પાળ્યા પોષ્યા વગર કદિ ન ચાલે !'

લેણદારની પાસે દેવાળું કાઢી શકાય, પણ ભાઈઓ પાસે દેવાળું ન કઢાય !

'તારી પાસે ન હોય તો મેળવીને આપ !'

આ વિશ્વના પ્રાણીઓને જેની જરૂર છે તે પૂર્ણ કર !

જેથી, આ પ્રાણીઓ કદિય દુઃખ - શોક અને રોગની આગમાં શેકાય નહીં.

આત્મગુણોની સુવાસ જેમ જેમ તું પામતો જઈશ, તેમ તેમ મૈત્ર્યાદિ ભાવનાનો વિકાસ થશે અને સારાયે જગતનો સાચો શુભંકર બંધુ બની શકીશ.

આવો શુભંકર બંધુ જ સાચો ભાઈ છે ! નહીં તો...

શાશ્વતકાળથી ચાલી આવેલા ઝઘડાનું એક પાત્રરૂપ જ તું 'ભાઈ' બની જઈશ !

(3)

का माता ? संयमी वृत्तिः,

માતા કોણ છે ? જે સંયમી વૃત્તિ.

સંસારનો સૌથી પ્રથમ શબ્દ એટલે 'મા'

બાળકનો અવ્યક્ત કિલકિલાટ સૌથી પ્રથમ 'મા'ના ધ્વનિમાં આકાર લે છે.

પ્રત્યેક ક્ષેત્રમાં તો ઠીક, પણ ધર્મક્ષેત્રમાં પણ પૂજ્યતાનું સ્થાન પામેલો છે.

એક આત્માનો બીજા આત્મા સાથે સૌથી નિર્મળ સાંસારિક સંબંધ હોય તો તે માતા અને સંતાનનો છે. પણ...

થોડાં વર્ષ પહેલાં બાળક તરીકે પેદા થયેલ એક વ્યક્તિ માટે સામી વ્યક્તિ ''મા'નું રૂપ કેવી રીતે પ્રાપ્ત કરે છે ?

સંસ્કૃતમાં 'મા'નો અર્થ લક્ષ્મી પણ કરવામાં આવે છે.

એક વ્યક્તિ બીજી વ્યક્તિના જીવન માટે કેવી રીતે લક્ષ્મી બની શકે છે ? આ બધું ખાસ વિચારવાનું છે.

ખરેખર તો આર્યાવર્તના સંસ્કાર મુજબ 'મા' એટલે બાળકને પ્રેમ મેળવવાનું જન્મસિદ્ધ સ્થાન ! પણ...

એ પ્રેમની પાછળ 'મા'નું કંઈ કર્તવ્ય છે ? અને એ કર્તવ્ય તે જ માતાનું સાચુ રૂપ છે.

નવ મહિના સુધી ઉદરમાં બાળકને મોટું કરતાં અસહ્ય વેદના સહેવી પડે છે. પણ...

તે સહવામાત્રમાં માતાનું માતૃત્વ સમાઈ નથી જતું. બાળકને જન્મ આપ્યા પછી માતાને વેદના સહવાની છે અને એ **વેદનાઓને સહીને જે આપવાનું છે, તે જ સાચું માતાનું સ્વરૂપ છે, માતૃત્વ છે.**

તેથી જ ગુરુદેવ પ્રશ્નના જવાબમાં કહે છે કે, 'કેવળ' જન્મ આપીને અટકી જવું તેટલું જ માતાનું સ્વરૂપ નથી, પણ...

'માતાનું સ્વરૂપ સંયમી વૃત્તિમાં છે.'

સંયમીવૃત્તિ માતા કેવી રીતે છે ? તે વિચારવું અત્યંત સરળ છે. પહેલા 'મા'નું વાતાવરણ તપાસો.

જગત્‌માં સદાચારી કરતાં વ્યભિચારીની સંખ્યા વધારે છે, તે બનવાજોગ છે. પણ...

જગત્‌માત્રને પત્નીની દૃષ્ટિથી જોનાર માટે પણ પોતાની 'માતા' માતા તરીકે ત્રિકાલ જ રહેવાની !

વિકારની પ્રબળતમ ભાવનાનો ચૂરો કરવાની તાકાત માત્ર માતૃત્વની કલ્પનામાં છે.

રૂપથી ભરેલી, યુવાનીના આંગણે ઊભેલી સ્ત્રી પણ લૂંટ ચલાવનારા લૂંટારાને 'પુત્ર' કહીને, જો પુત્ર માટેના વાત્સલ્યભાવથી ઓતપ્રોત થઈને તે બોલાવશે, તો ગુંડાની-ડાકુની વ્યભિચારીની તાકાત નથી કે તે સ્ત્રીની સામે નજર પણ કરી શકે !

સ્ત્રીમાં પુરૂષદેહના અંગની પિપાસા !

પુરૂષમાં સ્ત્રીદેહના અંગની પિપાસા !

બંનેમાં એ અપવિત્રતાનો સ્રોત હોવા છતાંય...

'માતા'નો શબ્દ આવ્યો એટલે તે અપવિત્રતા પુણ્યમયી પવિત્ર બની જાય.

આ એક તાકાત માત્ર 'માતા' શબ્દની છે.

વાસનાના પ્રબળ પ્રવાહને એક ક્ષણમાં બાળી નાંખનાર 'માતા'ની કલ્પના છે ! લૂંટારાની લૂંટારું વૃત્તિમાંથી રક્ષકની વૃત્તિ પેદા કરનાર 'માતા'ની કલ્પના છે.

ભોગની કારમી લાલસાનું ત્યાગમાં રૂપાંતર કરવાની એક સફળ સાધના એ છે કે 'માતા' પદનો પરમ પ્રભાવ !

'મા' શબ્દ એટલે વાસનાના અંધકારને ઝળહળતાં પ્રકાશમાં ફેરવી નાંખનાર ઝળહળતો સૂર્ય !

'મા' એટલે ભોગપિપાસાને કચડી નાંખનારી સંયમી વૃત્તિ...

હજારો સ્ત્રીને ત્યાગીને બનેલો સંયમી પણ ગબડતા સંયમને 'મા'ની કલ્પના કરી સફળતાથી ટકાવી શકે છે !

'મા' શબ્દના આ પ્રભાવિક ઘડતરમાં પણ આટલા પરિબળો તો અવશ્ય છે...

(૧) આનંદમયી વેદના...

(૨) અશરણતા - નિરાધારતાનો અનુપમ ખ્યાલ...

(૩) નિઃસ્વાર્થ પોષકભાવના...

(૧) પરલોકમાંથી આલોકમાં પુત્રના અવતરણથી જ દૈહિક વેદના અનુભવવા છતાં પણ એક માનસિક શાંતિ કે તૃપ્તિનો અનુભવ 'માતા'ના પ્રભાવનું પ્રથમ પગલું છે.

(૨) ત્યાગ સદા પ્રભાવશાળી છે. માતા તેનો ઉત્તમ નમુનો છે. ખાવામાં, પીવામાં, રડવામાં, હસવામાં, હરવા-ફરવામાં સર્વત્ર, સર્વ રીતે નિરાધાર બાળકની પોષકતાની જવાબદારી 'વાસના'નાં ઉર્ધ્વીકરણનું બીજું પરિબળ છે.

(૩) કાળક્રમે બાળકો મોટા થાય છે, ત્યારે તેનામાં કંઈક પામ્યાની કંઈક શ્રેષ્ઠતાની ભાવના પેદા થાય છે. બીજી બાજુ બાલ્યકાળના અનુભવો સૂકાતાં જાય છે, પણ...

માતાની સ્મૃતિમાં પુત્રના તે દિવસો ગાઢ બનતા જાય છે. નવું વાતાવરણ પણ તે ભૂતકાળના ભાવોથી દૂર નથી જતું. પરિણામે તેની પોષક ભાવનામાં નિરાધારનું રક્ષણ મુખ્ય રહે છે.

પુત્રનો અપરાધ કે દોષ એ માતાનું વિવેચન ન હોય,

હોય, માત્ર નિરાધારનું રક્ષણ !

સ્વદેહની પરિણતિનું સ્વદેહ જેવું જ જતન ! એ જ માતાનું વિવેચન હોય છે.

આ ત્રણ પરિબળો એક અક્ષમ્ય સંયમીવૃત્તિ અને સહનશીલતાને પેદા કરે છે !

તેથી જ અધ્યાત્મયોગીએ એક પગથિયું આગળ વધીને તે શક્તિઓને પોતામાં લાવવા માટે -

સર્વત્ર બાળક જેવા નિશ્ચિંત બનવા માટે, કહો કે, સર્વકાળ 'મા'ના પ્યાર-લાડમાં જીવવા માટે, સંયમીવૃત્તિને 'મા'ની ઉપમા આપી છે.

સંયમીવૃત્તિની તાકાત એટલે માતાની સાચી સાર્થકતા !

સંયમીવૃત્તિમાં પ્રથમ માતા જેવી વેદના થશે, બહારના રંગરાગને છોડી દીધા છે, તેનો ખ્યાલ અંગ-અંગમાં એક આગ સળગાવશે. પણ...

આત્મધર્મરૂપ બાળકની પ્રસૂતિ થવાની છે તેનો ખ્યાલ આવશે, તો દેહની વેદના મનની મસ્તીને ગાઢ બનાવશે !

જગત્‌માતા ત્રિશલાના અત્યંત પ્રેમને આધીન થઈને ભગવાન મહાવીરે 'મા'ના દેહને શાતામય બનાવવાનો યત્ન કર્યો, પણ...

દેહની શાંત થયેલી વેદનાએ મનમાં આગ સળગાવી અને...

આખરે... ભગવાને પુનઃ એ દૈહિકવેદના થવા દીધી. પરિણામે મનની આગ શાંત થઈ.

એટલું જ કહેવાનું છે કે, દેહની વેદના પણ ઘણીવાર મનની મસ્તીની સાધક બને છે. કેવલજ્ઞાન - કેવલદર્શન તથા અનંત ચેતનારૂપ બાળકને જન્મ આપતાં સંયમી વૃત્તિરૂપ માતાને આ ઈન્દ્રિય અને દેહની વેદના આનંદનું મધુરૂં ગીત લાગશે. પૌદ્‌ગલિક દુનિયાની ભૂતાવળમાં અંકૂરા ફૂટતાં, પાંગરતાં સદ્‌ગુણોની ભાળ લેવાનું મહાન કાર્ય કરવાનું છે.

ઉગતી દશામાં - પ્રાથમિક અવસ્થામાં સદ્ગુણોની જેવી નિરાધાર દશા છે, તેવી કદાચ દુનિયામાં કોઈનીયે નહીં હોય !

જે પોતાનું સ્થાન માતા તરીકે - સદ્ગુણોની જનેતા તરીકે સમજ્યા હશે, પોતે સંયમીવૃત્તિરૂપ જનેતા બન્યા હશે, તેમણે જ સદ્ગુણરૂપ બાળક ઉપર કરૂણાદૃષ્ટિ દોડાવી હશે !

વૃદ્ધિ પામેલા સદ્ગુણો પણ બાળકની જેવી જ સંભાળને યોગ્ય છે, તે ખબર સંયમીવૃત્તિ માતાને જ છે !

બાળક હોય તો દૂધ અપાય ! મોટો થાય તો અન્ન અપાય !

પણ આપવાની રીત, આપવાનો ભાવ, પુત્રની લાગણી જરાય ન્યૂન ન થાય.

સંયમીવૃત્તિરૂપ માતા જેનામાં હશે તે પણ વૃદ્ધિ પામેલા સદ્ગુણોની બાળકની માફક જ સંભાળ કરશે !

માટે જ શાસ્ત્રકારોની 'માતા' સંયમીવૃત્તિ સત્ય ઠરે છે.

વધુ વિચાર કરનાર વાચકને પોતાની જ માતા, પોતાની સંયમીવૃત્તિ સારી રીતે સમજાઈ જશે.

સંયમીવૃત્તિ વિના તેના દેહનું જતન કે આત્માનું કોઈનું પણ પાલન, પોષણ કે રક્ષણ કરનાર બીજું કોઈ નથી !

દેહનું દાન કરનારી માતા, દેહનું દાન કરીને તેનું પાલન અને રક્ષણ કરશે.

જ્યાં સુધી તેનામાં રહેલી સંયમીવૃત્તિ પોતાનામાં નહીં આવે ત્યાં સુધી તે બધા યત્નો નિરર્થક નીવડશે.

ઇન્દ્રિયોના ગુલામ - વિષયોના પ્યાસી -

વાસનાના ભૂખ્યા પુત્રો માટે દેહનું દાન કરનારી માતાને વેદનાના આંસુ જ સારવાનાં હોય છે !

જ્યારે માતામાંથી પ્રગટ થયેલ સંયમીવૃત્તિને આત્મસાત્ કરનાર પુત્ર, અનંત ગુણમય પુત્રને દેહદાન કરનારી સંયમવૃત્તિરૂપી માતાને માટે કૃતજ્ઞ નીવડશે !

ત્યારે 'સ્વયં' ખીલી ઉઠશે ! - 'સ્વ' સ્વરૂપનો અનેરો આનંદ લૂંટશે !

અને માતાને પણ તેનો આનંદ પમાડશે, તે રાહની અમર સેવિકા બનાવશે !

(૪)

कः पिता ? भवपारदः

પ્ર. કોણ પિતા ?

જ. જે ભવપાર પમાડે તે.

'અર્જન' કર્યા બાદ પણ માનવીમાં 'સર્જન'ની એક સ્પૃહા જોવામાં આવે છે.

'સર્જન વિના માનવજીવનની સાર્થકતા ભાગ્યે જ હોય છે.'

સર્જન માટે માનવજીવનનું વિસર્જન કરતાં પણ માનવ અચકાતો નથી !

આજ કારણે માનવીનો સૌથી વધુ પ્રેમ પણ પોતાનાં સર્જન માટે જ જોવામાં આવે છે.

'પિતા'નું પદ ઉત્તમોત્તમ સ્રષ્ટાનું દ્યોતક છે, 'પિતા' શબ્દની પાછળ પુરૂષાર્થ અને...

ન્યોચ્છાવરતાનો પ્રવાહ વહી રહેલો દેખાય છે.

સામાન્ય કક્ષાના માનવીની ઝંખના પિતા પદ માટે કેવી હોય છે ? એ તો અનુભવીને જ સમજાય, પણ પ્રત્યેક પિતા પોતાના સર્જનરૂપ ફરજંદને જ પોતાના જીવનની પુનરાવૃત્તિ માનતો હોય છે. અને...

તેથી જ, સારાએ જીવન દરમ્યાન કરેલા સર્જનનું 'વિસર્જન' કરીને તેમાં જ પોતાના જીવનની સાર્થકતા અનુભવતો હોય છે.

ઈતિહાસ કહે છે કે, મોગલ બાદશાહ બાબર પુત્રના મૃત્યુને અર્થાત્ પોતાના જ સર્જનનું વિસર્જન ન સહી શક્યો અને ખુદા તાલાને પ્રાર્થના કરી ને પોતાના સર્જનને ચિરંજીવ બનાવવા પોતે જ વિસર્જનમાં લય થઈ ગયો...

આ દંતકથા સાચી છે કે ખોટી તે જુદી વાત છે, પણ...

પિતાની સર્જન માટેની મમતા તો આવી જ હોય છે.

'જેમાં સર્વસ્વનું સમર્પણ હોય તે જ સર્જન !'

આમ, પિતા શબ્દનું રહસ્ય સર્વસ્વના સમર્પણથી જ પ્રતીત થાય છે !

આવા જ કોઈ 'પિતા' શબ્દના ખ્યાલે શિષ્યે ગુરુને પ્રશ્ન કર્યો કે...

'ગુરુવર્ય ! પિતા કોણ ?'

ગુરુવર્યની અનંતજ્ઞાનમયી દૃષ્ટિમાં પિતા સર્જક તો હતા જ. પણ...

'ક્ષણ ભંગુરતાના નહીં' - 'શાશ્વતતાના'...

ગુરુદેવે જણાવ્યું : "વત્સ ! 'પિતા' માત્ર સર્જક છે, તેમ ન માની લઈશ ?" માત્ર સ્વદેહના સર્વોત્તમ અંશથી માટીના પિંડના સર્જકને જ પિતા ન માની લઈશ, પણ...

જે આત્મ પુરુષાર્થ વડે શાશ્વતનો સર્જક હોય તેને જ પિતા ગણજે !

દેહરૂપ 'સર્જન' ક્ષણભંગુર છે.

'સર્જન'ની સાથે જ વિસર્જનને ગર્ભમાં લઈને આવ્યું હોય છે.

વીજળીના ચમકારાની માફક કે જલના પરપોટાની માફક તેમાં ઉત્પત્તિ કરતાં લયનું જોર વધારે છે.

સર્જનકાળથી જ તેમાં 'વર્ધન' કરતાં 'વિસર્જન' તરફ વધુ ગતિ હોય છે.

'આવું સર્જન એ કોઈ મહાન્ આશ્ચર્ય નથી ! તેમાં કોઈ મહાનતા કે ગર્વ લેવા જેવુ પણ નથી !' માત્ર માટીના પિંડના સર્જનથી પિતા ન બની જવાય. પણ...

પિતા બનવા માટે તો મલિનદશામાં રહેલા શાશ્વતનું ઉદ્‌ઘાટન કરવું પડે !

આ ઉદ્‌ઘાટન કરનાર જ સાચા પિતા છે, તેનું સર્જન જ શાશ્વતકાળ રહેનારૂં છે. ગમે તેટલી પ્રાર્થનાના અંતે 'સર્જન' કર્યું હોય, પણ...

'સર્જન' વિનષ્ટ થયું કે તુરત જ 'સર્જક' અને 'સર્જન'ના પિતા અને 'ફરજંદ'ના સંબંધનું વિસર્જન થઈ જાય છે. તેથી જ...

શાશ્વત્ સર્જક બનવા માટે,

શાશ્વત સર્જન કરવાની જરૂર છે.

શાશ્વતકાળ સ્થાયી એવા આત્મગુણોના પ્રકાશક, વિકાશક અને સર્જક...

તીર્થપતિઓ - કેવળજ્ઞાનીઓ અને નિર્ગ્રંથ મુનિવરો જ...

સાચા પિતા બની શકે છે !

'તે જ સાચા પિતા છે, તે જ ભવનો પાર કરાવનારા છે.' આત્મા ગુણોના સર્જક બની, વિનાશમાર્ગના વિનાશ કરનારા છે...

❖ ❖ ❖

: નોંધ :

પૂ. દાદાગુરુદેવ લબ્ધિસૂરિ મહારાજાની સાહિત્ય કૃતિ

- તત્વન્યાય વિભાકર
- સૂત્રાર્થ મુક્તાવલી
- વૈરાગ્ય રસમંજરી
- સંમતિ તત્વસોપાન
- દયાનંદ કુતર્ક તિમીર તરણી
- હી ઔર ભી
- મેરુ ત્રયોદશી કથા
- મૂર્તિ મંડન
- પ્રભુ પૂજાઓ તથા હજારો સ્તવન - સજ્ઝાય
- અરિહંત પદ વિવેચન
- સિદ્ધ પદ વિવેચન
- ભગવતી સૂત્રના વ્યાખ્યાનો

ગીતાર્થ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રાજયશસૂરીશ્વરજી** મહારાજા

સંયમ સાધના



- ૬૦ વર્ષનું દીર્ઘ સંયમજીવન (દીક્ષા વર્ષ - ઈ.સ. ૧૯૬૪)...
- ૩૭ વર્ષનો આચાર્યપદ પર્યાય...
- મહાન તપાગચ્છ સંમેલનના સ્થવિર સમિતિના અગ્રગણ્ય આચાર્ય...
- ૧૪થી વધુ રાજ્યોમાં અંદાજે સવા લાખ કિ.મી.નો ઉગ્ર વિહાર પદયાત્રા દ્વારા
- ઉચ્ચ શિક્ષિત, પ્રખર વ્યાખ્યાતા, શાસ્ત્રાર્થ નિપુણ, શીઘ્ર કવિ, સાત ભાષાઓ પર પ્રભુત્વ...
- વિવિધ ધર્મોના મુખ્ય ધર્મગ્રંથોનાં વિશદ્ અભ્યાસી...
- સમસ્ત લબ્ધિ સમુદાયના ૨૫૦ થી વધુ સંયમી ભગવંતોના યોગક્ષેમ કરનાર.

શાસન પ્રભાવના

- ૧૪૪ થી અધિક શુભ પ્રતિષ્ઠાઓના પ્રતિષ્ઠાચાર્ય...
- શ્રી કુલપાકજી તીર્થ (આંધ્રપ્રદેશ), શ્રી બનારસ તીર્થ (વારાણસી), શ્રી ભક્તામર તીર્થ (ભરૂચ), શ્રી ઉવસગ્ગહરં તીર્થ (ઝારખંડ), શ્રી પ્રેરણા તીર્થ (અમદાવાદ), શ્રી ભાગ્યવર્ધક તીર્થ (વણછરા) આદિ ૨૭થી વધુ પ્રાચીન નવ્ય તીર્થોના જીર્ણોદ્ધારક - સંસ્થાપક...
- વિવિધ ઉપાશ્રયો -ભોજનશાળા -ધર્મશાળા આદિ સંકુલો તથા શાળા -પ્રાર્થના -મંદિર - સાધર્મિક આવાસ -વૃદ્ધાશ્રમ આદિ સામાજિક સંકુલો માટે વિશેષ પ્રેરણા...

સાહિત્ય સર્જન

- વિવિધ ૧૧થી વધુ ભાષાઓમાં ૧૩૦થી વધુ ગ્રંથો - પુસ્તકોના લેખક - સંપાદક...
- જૈન ધર્મના અત્યંત પ્રભાવક ભક્તામર સ્તોત્ર વિષયક સર્વગ્રાહી માહિતીભૂત સર્વપ્રથમ ત્રિભાષીય સચિત્ર આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ભક્તામર દર્શન ગ્રંથના સંપાદક...

સામાજિક ક્ષેત્રે પ્રદાન

- સંસ્કાર મૂલક -બોધદાયી જીવન નિર્માણ પ્રવચન શ્રેણીનું વિવિધ સંઘો -સંસ્થાઓ -શાળા -કોલેજો દ્વારા આયોજન તથા પરિણામસ્વરૂપ હજારો ભાવિકોમાં હૃદય પરિવર્તન...
- ગર્ભસ્થ માનવહત્યા (એબોર્શન)ના અધમકૃત્યના અટકાવ માટે વિશેષ આયોજનો અને ઝુંબેશ દ્વારા સામાજિક જાગૃતિ...
- મહારાષ્ટ્રના સર્વ ધાર્મિક ટ્રસ્ટો પર મહારાષ્ટ્ર સરકાર દ્વારા લેવાતા બે ટકા સેસનો વિરોધ કરી સમસ્ત જનતાને જાગૃત કરી, પરિણામરૂપે તે કાયદા ઉપર અદાલતી સ્ટે આવ્યો...
- ધર્માનુરાગી અનેક જૈન-અજૈન પરિવારોને ધર્મ આરાધના -આત્મકલ્યાણ -માનવકલ્યાણ - અહિંસા -જીવદયા -શિક્ષણ -સામાજિક ક્ષેત્રે સહાયભૂત થવા સતત અને સખત પ્રયત્નશીલ...

પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪